સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-
જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૧૯



પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં

## રાજકોટમાં લાખો ભક્તોએ માણ્યો ૧૧ દિવસીય જન્મજયંતી મહોત્સવ





## બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને

૯૮મા જન્મજયંતી મહોત્સવે અપાઈ ભક્તિપૂર્ણ ભાવાંજલિ...





દ્વિદશાબ્દી પર્વે રાજકોટના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો ઉત્સવસભર માહોલ અને મંદિરના નવનિર્મિત અભિષેક મંડપ તથા મધ્યખંડમાં બિરાજમાન ભગવાન શ્રી સ્વામિનારાયણ, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને અક્ષરમુક્ત ગોપાળાનંદ સ્વામીના દિવ્ય સ્વરૂપો.



## ક્રમિકા


૪. **રાજકોટના બી.એ.પી.એસ. સત્સંગનો ગૌરવવંતો ઈતિહાસ**

૧૦. **રાજકોટમાં મહોત્સવ**
- સ્વામિનારાયણ નગર (૧૦)
- અગિયાર દિવસીય કાર્યક્રમોની પ્રેરણાસભર દીપમાળા (૨૦)

 વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ઉદ્‌ઘોષ સમારોહ (૩૮)

૪૨. **રાજકોટ ખાતે ઊજવાયો બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ૯૮મો જન્મજયંતી મહોત્સવ**

૫૫. **રાજકોટમાં મહોત્સવમાં સ્વયંસેવકોની સેવા-સમર્પણની ગાથા**

૬૪. **સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

**સમાચાર:**

સારંગપુરમાં પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિમંદિરનો શિલાન્યાસવિધિ (૭૩)

ચાણસદમાં ગુરુવંદના અવસર (૭૫)

ગાંધીનગર અક્ષરધામમાં પ્રથમ ટેલિરોબોટિક કોરોનરી ઈન્ટરવેન્શન (૭૬)

નૂતન મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો (૭૮)

આણંદનાં યુવક-યુવતીઓ માટે સારંગપુર ખાતે યોજાઈ શિબિર (૮૦)

બોડેલી ખાતે સમૂહલગ્નોત્સવ (૮૧)

અક્ષરવાસ (૮૨)


'પ્રમુખસ્વામી મહારાજ એવા પુરુષ હતા કે આ એક ઉત્સવ નહીં, પરંતુ એમના માટે બધું જ ન્યોછાવર કરી દઈએ તોય ઓછું છે. બીજાના સુખમાં આપણું સુખ – આ સૂત્ર મુજબ સ્વામીબાપા જીવ્યા છે, પળેપળે. રાત-દિવસ આ ભાવનાથી જીવ્યા છે. તેમણે કોઈ નાત-જાતનો ભેદભાવ રાખ્યો નથી. તેમનું જીવન ભવ્ય હતું.

એમણે પોતાના બદલે હંમેશાં બીજાનું જ વિચાર્યું છે. પોતાના શરીરના કૂચા બોલાવી નાખ્યા છે. મને થઈ જાય છે કે આપણે એમને માટે શું કરીએ છીએ? કાંઈ જ નહીં. હું ઘણી વાર દેશ-વિદેશમાં પધરામણી અને વિચરણમાં એમની સાથે રહ્યો છું. બધાને સ્વામીશ્રીને જ મળવું હોય! કેટલાય પોતાના જીવનના પ્રશ્નો-ફરિયાદો-તકલીફો ઠાલવે. બધી જવાબદારી એમના શિરે! દૈહિક અને માનસિક બંને ભીડા તેમણે વેઠવાના! વિચિત્ર માણસો, જડ અને દાવો કરનાર પણ આવે. હક્ક જમાવનાર અને ફરજ પાડનાર પણ આવે. આપણા શબ્દોમાં કહીએ તો ત્રાસ જ લાગે. સંતો-હરિભક્તોની જવાબદારી, સંસ્થાકીય વહીવટની જવાબદારી, દરેકનું મન સાચવીને કામ કરવાનું. રાત હોય કે દિવસ, ગમે તેવી તબિયત હોય કે ગમે તેવી ઋતુ હોય, પ્રવૃત્તિઓ તો એકધારી ચલાવ્યા જ કરવાની! એમાં ગામોગામ ને ઘરોઘર એમનું દિવસ-રાત બારે મહિના વિચરણ ચાલુ હોય! કેટલો ભીડો! કેટલી મુશ્કેલીઓ! હસતાં હસતાં સહી લે! આવું તો કેટકેટલુંય આંખ સામે તરવરે છે. એ વિચાર કરતાંયે ધ્રૂજી જવાય... છેલ્લા કેટલાય સમયગાળામાં, સંપ્રદાયમાં કે સંપ્રદાય બહાર, વિપરીત સંજોગોમાં ને મુશ્કેલીઓમાં આવો ભીડો વેઠનાર બીજા કોઈ નહીં હોય કે ભવિષ્યમાં પણ કોઈ વેઠશે નહીં!'

**– પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ**

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોઽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ।
જનો જાનન્નિદં સત્યં, મુચ્યતે ભવબન્ધનાત્॥


# સ્વામિનારાયણ પ્રકાશ

**વર્ષ : ૮૧, અંક : ૧-૨,**

**જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૧૯**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી

**પ્રકાશક** : સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક:** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)



લેખો અંગે પત્રવ્યવહાર:
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

લવાજમ અંગે પત્રવ્યવહાર:
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**



રાજકોટના બી.એ.પી.એસ. સત્સંગનો

# ગૌરવવંતો ઇતિહાસ







રાજકોટની ઐતિહાસિક સ્મૃતિછબિઓ:
સન ૧૮૩૦માં ભગવાન સ્વામિનારાયણ અને બ્રિટિશ ગવર્નર સર જહોન માલ્કમની અજોડ મુલાકાત. સન ૧૯૧૩માં એક પારાયણ પ્રસંગે યુવાન વયના શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની સ્મૃતિ. સન ૧૯૯૮માં નવનિર્મિત મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા કરતા પ્રમુખસ્વામી મહારાજ.

પશ્ચિમ ગુજરાતમાં સૌરાષ્ટ્રની રાજધાની સમું અને ગુજરાતનું સૌથી વધુ વિકસતું શહેર એટલે રાજકોટ. ૧૫ લાખની વસ્તી ધરાવતા આ શહેરની ગણતરી વિશ્વના સૌથી વધુ ઝડપે વિકસતાં શહેરોમાં ૨૨ ક્રમાંકે કરવામાં આવે છે. સન ૧૬૨૦માં જાડેજા વંશના ક્ષત્રિયોએ સ્થાપેલું આ નગર ઇતિહાસની અનેક પલટાતી કરવટોનું સાક્ષી બન્યું છે. આજે ૧૭૦ ચો. કિ.મીમાં પથરાયેલા રાજકોટે આઝાદીના જંગમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. રાજકીય રંગો તેમજ ઉદ્યોગ-વેપારથી ધમધમતા રાજકોટ શહેરનો એક આધ્યાત્મિક ઇતિહાસ પણ સ્મરણીય છે. તેમાંય અહીંના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગનો ઇતિહાસ કંઈક અદકો ગૌરવવંતો છે...



શાસ્ત્રીજી મહારાજના અનુગામી યોગીજી મહારાજે રાજકોટના આબાલવૃદ્ધો પર સ્નેહની વર્ષા કરતાં અહીંના સત્સંગની અભિવૃદ્ધિ માટે અપાર પુરુષાર્થ કર્યો હતો...



રાજકોટની ધરા પર યોગીજી મહારાજના સાંનિધ્યમાં અનેક સત્સંગ પારાયણો અને ભક્તિ-કાર્યક્રમો યોજાયા. ૧૯૭૦માં રાજકોટમાં યોગીજી મહારાજનું ભવ્ય બહુમાન...

રાજકોટ એટલે સ્વામિનારાયણ સંપ્રદાયના ઇતિહાસનું એક અમર, અનોખું અને અવિસ્મરણીય પૃષ્ઠ. આજેય રાજકોટનાં ઐતિહાસિક સ્મારકોમાં એ ઇમારત મહિમાવંતી છે, જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અને બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના મુંબઈ ઇલાકાના ગવર્નર સર જ્હોન માલ્કમનું ઐતિહાસિક મિલન થયું હતું, તા. ૨૮-૨-૧૮૩૦ના રોજ. ગુજરાતના કેટલાક ઐતિહાસિક નિર્ણયોમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર બ્રિટિશ અધિકારી કર્નલ વોકર સાથે ભગવાન સ્વામિનારાયણનું સુભગ મિલન પણ થયું હતું આ જ શહેરમાં.

ભગવાન સ્વામિનારાયણ અને એમના મહાન પરમહંસોએ આ શહેરમાં જગાવેલી અધ્યાત્મ-જ્યોતને જલતી રાખી છે – અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના લાડીલા બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજે, મહામુક્ત જાગા સ્વામી અને કૃષ્ણજી અદાએ. હરિભક્તોમાં અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા થાય, સિદ્ધાંત સમજાય એ માટે કૃષ્ણજી અદાએ રાત-દિવસ જોયાં વિના વિરોધ વચ્ચે પણ નોંધપાત્ર કાર્ય કર્યું હતું. આરંભનાં વર્ષોમાં રાજકોટમાં શાસ્ત્રીજી મહારાજ, સંતો તથા હરિભક્તો માટે એકમાત્ર સ્થળ કૃષ્ણજી અદાનું આજી નદીના કાંઠે આવેલું મકાન જ હતું. એ જ્યોતને વધુ પ્રજ્વલિત કરી છે – ગુણાતીત સત્પુરુષ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે. વર્તમાનકાળે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ એ જ્યોતનું સંવર્ધન કરી રહ્યા છે.

સન ૧૮૯૯માં બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ ધામમાં પધાર્યા ત્યારે શાસ્ત્રીજી મહારાજ રાજકોટના જૂના મંદિરમાં રહીને સંસ્કૃતનો અભ્યાસ કરતા હતા. ગુરુના ધામગમનના સમાચાર સાંભળીને શાસ્ત્રીજી મહારાજે કહ્યું હતું કે સત્પુરુષ પૃથ્વી પરથી કદી જતા જ નથી. ગુણાતીતના અખંડ પ્રાગટ્યનો એ ગુણાતીત ટંકાર આજેય રાજકોટમાં ગુંજે છે.

સન ૧૮૯૬-૧૮૯૯ દરમ્યાન આ જ શહેરમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે દાણાપીઠના સ્વામિનારાયણ મંદિરમાં રહી હાટકેશ્વર મંદિરમાં જીવણલાલ શાસ્ત્રી પાસે સંસ્કૃતનો અભ્યાસ કર્યો છે. દીર્ઘદ્રષ્ટા શાસ્ત્રીજી મહારાજે પ્રથમ યુવક મંડળની સ્થાપના પણ અહીં જ કરી હતી. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને તેમના આધ્યાત્મિક અનુગામી યોગીજી મહારાજનું પ્રથમ મિલન રાજકોટમાં કૃષ્ણજી અદાને ત્યાં જ થયું હતું. એ સમયમાં પણ શાસ્ત્રીજી મહારાજનો પક્ષ રાખનારા સ્મરણીય હરિભક્તો હતા - શામળદાસ પૂજારા અને એમના પુત્ર લલિતભાઈ પૂજારા (જનતા ગેસ્ટ હાઉસવાળા), હિંમતલાલ

પ્રેમજીભાઈ પૂજારા, ટપુભાઈ પોપટભાઈ ઝાલા, પ્રાગજીભાઈ દલ અને એમના પુત્ર ગોરધનભાઈ, ટપુભાઈ ઝાલાનાં માતા જડાવબેન વગેરે ઘણા હરિભક્તો શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ કે સંતો પધારે ત્યારે ખડે પગે હાજર રહી સેવા કરતા.

શાસ્ત્રીજી મહારાજના અનુગામી યોગીજી મહારાજે રાજકોટમાં જબરદસ્ત વેગ આપી સત્સંગના ફલકનો વ્યાપ અનેકગણો વધાર્યો. યોગીજી મહારાજ મકર સંક્રાંતિ, દીપાવલી-અન્નકૂટોત્સવ અને કૃષ્ણજી અદાની જયંતીએ અવશ્ય રાજકોટ પધારે જ. તેઓ ઘણીવાર આજી નદીને કાંઠે શ્રી અદાની દેરીએ તો ક્યારેક પંચનાથમાં નારણજીભાઈ મોરારજી શેઠને ત્યાં પણ ઊતરે. અહીં અનેક પારાયણો ને ઉત્સવો પણ કરે. યોગીજી મહારાજે અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના નાદને લોકહૃદયમાં વારંવાર ગુંજાવ્યો અને રાજકોટનો સત્સંગ દિન પ્રતિદિન અભિવૃદ્ધિ પામતો રહ્યો.

અહીંના નાના એવા બી.એ.પી.એસ. સત્સંગ મંડળમાં શ્રી નારણભાઈ મોરારજી શેઠ, શ્રી હરિભાઈ મોરારજી શેઠ, શ્રી ઝવેરકાકા, શ્રી અજાગિયા સાહેબ, ડૉ. ટાંક, શ્રી અઢિયા માસ્તર, શ્રી અનડા સાહેબ, શ્રી ચંદુભાઈ અનડા, શ્રી લક્ષ્મીદાસ ગણાત્રા, શ્રી ભાનુભાઈ ગઢિયા, શ્રી ચુનીભાઈ ચાતુર્વેદી, શ્રી રામજીભાઈ કક્કડ, શ્રી ગોરધનભાઈ દલ, શ્રી નાથાભાઈ સોની, ચંદ્રકાંતભાઈ ત્રિવેદી, ભગવાનજીભાઈ ખટાઉ, શંભુસિંહજી જાડેજા, ચુનીભાઈ ચાતુર્વેદી, હસમુખભાઈ રાવલ વગેરે હરિભક્તોનો સત્સંગ વિકાસમાં અનેરો ફાળો છે.

યોગીજી મહારાજના સમયમાં ઉપરોક્ત અગ્રણી હરિભક્તોએ યોગીજી મહારાજ સમક્ષ રાજકોટમાં શુદ્ધ અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાનું મંદિર થાય એ માટે વિનંતી કરી. યોગીજી મહારાજે એ માટે આશીર્વાદ આપ્યા. યોગીજી મહારાજના એ આશીર્વાદ ઝીલીને હરિભક્તોએ 'નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભુ'ના આહ્‌લેક સાથે સમગ્ર રાજકોટ શહેરમાં શેરીએ શેરીએ દરરોજ પ્રભાતફેરી કાઢી યોગીજી મહારાજનો દિવ્ય સંદેશ પ્રસરાવી યથાયોગ્ય ફાળો આપવા ટહેલ નાખી. તેની ફળશ્રુતિ રૂપે સન ૧૯૬૬ની સાલમાં રજપૂતપુરામાં મકાન લેવાયું અને તા. ૧૪-૩-૬૭ ફાગણ સુદ ત્રીજ સંવત ૨૦૨૩ના રોજ યોગીજી મહારાજે અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રાણપ્રતિષ્ઠા કરી. એ દિવસે યોગીજી મહારાજે ઉચ્ચાર્યું હતું કે અહીં રાજકોટમાં ભવ્ય મંદિર થશે અને પ્રમુખસ્વામી એ સંકલ્પ પૂરો કરશે.

યોગીજી મહારાજના સમયથી જ પ્રમુખસ્વામી મહારાજે રાજકોટના સત્સંગ વિકાસમાં અનન્ય યોગદાન આપ્યું છે. તેમાંય યોગીજી મહારાજના અક્ષરધામગમન પછી વારંવાર રાજકોટ પધારીને તેઓએ ઘરોઘર પધરામણીઓ કરી, હજારો લોકોને વ્યક્તિગત મળીને સત્સંગ કરાવ્યો. ઐતિહાસિક રેકોર્ડ મુજબ તેઓ કુલ ૨૨૦ વખત રાજકોટ પધાર્યા છે. તેમની સતત કૃપાદૃષ્ટિથી રાજકોટના સત્સંગને અનોખો વેગ મળ્યો છે. અહીંના સત્સંગની અભિવૃદ્ધિમાં સ્વામીશ્રીના આદેશ મુજબ અહીં વર્ષો સુધી સત્સંગકાર્ય સંભાળનાર યોગીસ્વરૂપદાસ સ્વામી તથા અન્ય સંતોએ ખૂબ પુરુષાર્થ કર્યો. ગોંડલના અક્ષરમંદિરના મહંત બાલમુકુન્દદાસ સ્વામીએ પણ સ્વામીશ્રીના આદેશ મુજબ અવારનવાર રાજકોટ પધારીને સત્સંગપ્રવૃત્તિને વેગ અને માર્ગદર્શન આપ્યાં. શ્રી ચંદ્રકાંતભાઈ પૂજારા, શ્રી હર્ષદભાઈ રાણા, શ્રી બાબુભાઈ મહેતા, શ્રી સુરેન્દ્રસિંહ જાડેજા, શ્રી ચંદુભાઈ પટેલ, શ્રી કાંતિભાઈ પટેલ, શ્રી ભરતભાઈ સોની, શ્રી હેમેન્દ્રભાઈ ભગદેવ, શ્રી શાંતિભાઈ છનિયારા, શ્રી પરમાનંદભાઈ કક્કડ, શ્રી ઘનશ્યામભાઈ પરીખ, શ્રી શશિકાંતભાઈ કાછેલા, શ્રી અલ્કેશભાઈ પરીખ, શ્રી હિતેન્દ્રસિંહ જાડેજા વગેરે નામી-અનામી અનેક હરિભક્તોએ સ્વામીશ્રીના આદેશ મુજબ અહીંના સત્સંગવિકાસમાં સેવાઓ આપી.

રાજકોટમાં પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં વિશાળ પાયે પારાયણો અને ઉત્સવોની પણ સતત હેલી વરસતી રહી હતી. તેમાંય ખાસ કરીને સન ૧૯૭૯માં ઊજવાયેલો પ્રમુખસ્વામી મહારાજનો ૫૯મો જન્મોત્સવ યાદગાર ઉત્સવ હતો. પ્રમુખસ્વામી મહારાજના સતત કૃપાભિષેકથી સત્સંગપ્રવૃત્તિઓનો વ્યાપ વધતાં શાસ્ત્રીજી મહારાજે રોપેલું બીજ વટવૃક્ષ બનીને ફૂલીફાલી રહ્યું હતું. આથી પ્રમુખસ્વામી મહારાજે આ શહેરમાં એક કલામંડિત શિખરબદ્ધ મંદિર રચવાનો સંકલ્પ કર્યો. માત્ર સંકલ્પ નહીં, પરંતુ મંદિરના જમીન સંપાદનથી લઈને મંદિરના નિર્માણ સુધીની પ્રત્યેક બાબતમાં તેમણે પ્રચંડ પુરુષાર્થ પણ કર્યો. તેમણે વ્યક્તિગત મળી મળીને સામાન્ય લોકોને મંદિર માટે પ્રેરણા આપીને સેવામાં જોડ્યા અને તેમના દ્વારા મહાન કાર્ય કરાવ્યું.

રાજકોટના કાલાવડ રોડ પર શ્રી પ્રભુદાસ માવદિયાના બનેવી શ્રી મનસુખભાઈ તથા શ્રી નીલેશભાઈ દેસાઈ-સુદાનવાળાની ભૂમિ તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનની ભૂમિ સંયુક્ત રીતે સંપાદિત કરીને સ્વામીશ્રીએ તા. ૨૭-૪-૯૦ના રોજ સ્વામીશ્રીએ ભવ્ય શિખરબદ્ધ મંદિરનું ખાત કર્યું. તેઓના માર્ગદર્શન અને આશીર્વાદ મુજબ ટૂંક સમયમાં જ ગુલાબી પથ્થરમાંથી નિર્મિત મંદિર આકાર લેવા લાગ્યું.

આ દરમ્યાન સુદાનવાળાની જગ્યા પરનું સુંદર ભવન તૈયાર થઈ ગયું હતું, ત્યાં તા. ૨-૧૧-૧૯૯૧ના રોજ હરિમંદિરની સ્થાપના કરીને સ્વામીશ્રીએ મંદિર-નિર્માણની પ્રવૃત્તિને વધુ વેગ આપ્યો હતો. પાંચ વર્ષમાં સ્વામીશ્રીએ




બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે રાજકોટમાં ઘરોઘર અને ભક્તો-ભાવિકોના વ્યવસાયોમાં પધરામણી કરીને તેમનાં સુખ-દુઃખમાં આત્મીય બનીને ભાગ લીધો છે...



દુઃખીઓ ને દર્દીઓના હમદર્દ બનીને પ્રમુખસ્વામી મહારાજે રાજકોટના હજારો ભક્તો-ભાવિકોના યોગક્ષેમનું વહન કર્યું છે...



ભક્તો-ભાવિકોના ઘરે બાળકનો જન્મ હોય કે કોઈની અંતિમ ક્ષણ હોય, પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યેક પળે સૌના સાથી-સંગાથી બનીને રહ્યા છે...



રાજકોટની ધરા પર ૨૨૦ કરતાં વધુ વખત આવીને પ્રમુખસ્વામી મહારાજે આધ્યાત્મિકતાનું મોજું પ્રસરાવ્યું હતું. સત્સંગભક્તિની અહીં તેમણે ગંગા વહાવી હતી...

અહીંના સત્સંગની શકલ બદલી નાંખી. ૧૯૯૩થી અવિરત વહેતી થયેલી સેવાગંગાએ પાંચ વર્ષમાં રાજસ્થાની ગુલાબી પથ્થરમાંથી શોભતું સુંદર શિખરબદ્ધ મંદિર ખડું કરી દીધું! આ મંદિરના નિર્માણના પ્રત્યેક તબક્કે સ્વામીશ્રીનું સતત પ્રેરણાબળ ચમત્કૃતિ સર્જતું રહ્યું.

અને સન ૧૯૯૮માં તા. ૨૬ નવેમ્બરના રોજ પ્રમુખસ્વામી મહારાજના ૭૮મા જન્મજયંતી મહોત્સવની ઉજવણી સાથે મંદિરનો ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ રાજકોટના આંગણે ઊજવાઈ ગયો. રાજકોટને આ ભવ્ય મંદિરની ભેટ આપીને પ્રમુખસ્વામી મહારાજે માત્ર રાજકોટ શહેર નહીં, પરંતુ આસપાસનાં તમામ ક્ષેત્રોમાં સત્સંગની હરિયાળી બિછાવી દીધી.

હજારો ભક્તોને સત્સંગલાભ આપતો વિશાળ અદ્યતન સભામંડપ સ્વામીશ્રીના આશીર્વાદથી અહોરાત્ર ગુંજતો રહ્યો



રાજકોટમાં મંદિરના ભૂમિસંપાદનથી લઈને પ્લાનિંગ સુધી પ્રત્યેકમાં ઊંડો રસ લઈને પ્રમુખસ્વામી મહારાજે આ નગરને એક સર્વાંગ સુંદર મંદિરની ભેટ આપી છે...



મંદિરના નિર્માણમાં પથ્થરની પસંદગી હોય કે પથ્થરના ઘડતરનો વિષય હોય, દરેકમાં પ્રમુખસ્વામી મહારાજનું માર્ગદર્શન અંતિમ બની રહ્યું હતું...




રાજકોટ અને સૌરાષ્ટ્રમાં અધ્યાત્મ અને અનેક લોકસેવાની ધૂણી ધખાવનાર પ્રમુખસ્વામી મહારાજને તેમના ૭૮મા જન્મજયંતી મહોત્સવે વધાવવા માટે શાનદાર જન્મજયંતી મહોત્સવ ઊજવીને સૌએ તેમના પ્રત્યે આભાર અને કૃતજ્ઞતા વ્યક્ત કરી, તે ઐતિહાસિક અવસરની છબિ...

છે. તેઓના જ આશીર્વાદથી અહીંની બાળ-યુવા-મહિલા સત્સંગપ્રવૃત્તિ દિવસ-રાત રચનાત્મક કાર્યક્રમોથી શહેરમાં એક નવી ભાત પાડી રહી છે. દુષ્કાળ રાહતકાર્ય હોય, ભૂકંપ રાહતકાર્ય હોય કે રેલરાહતકાર્ય, પ્રમુખસ્વામી મહારાજના આદેશે સેવા માટે થનગનતા રાજકોટના બી.એ.પી.એસ. સત્સંગ મંડળની સેવા હંમેશાં સ્મરણીય રહી છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની છત્રછાયામાં રાજકોટની આ સેવાભક્તિની રંગત વધુ ને વધુ રંગ લાવતી રહી છે.

રાજકોટના અનેક સમર્પિત ભક્તોના ઉત્સાહસભર સમર્પણનો એક અનોખો અવસર એટલે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી ઊજવાયેલો બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ૯૮મો જન્મજયંતી મહોત્સવ.


આવો, ‘સ્વામિનારાયણ પ્રકાશ’ના આ અંકમાં તેની એક આછી ઝલક મેળવીએ... ◆




## બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી મહોત્સવનું અનોખું સ્થળ

# સ્વામિનારાયણ નગર





- ૫૦૦ એકરની વિશાળ ભૂમિ
- ૩૦૦ ફૂટનો વિશાળ પ્રવેશદ્વાર
- ૫ મોટાં કલાત્મક મંદિરો
- ૬ પ્રેરક પ્રદર્શન ખંડો
- ૩૫,૦૦૦ દર્શનાર્થીઓને સમાવતો લાઇટ એન્ડ સાઉન્ડ શો
- ૫૦થી વધુ સેવા-વિભાગોમાં ૮૦૦ સંતો, ૨૨,૦૦૦ સ્વયંસેવકો દ્વારા સુંદર આયોજન
- ૧૦,૩૩,૬૦૦ સીસીનું રક્તદાન
- ૩૪ કરોડ સ્વામિનારાયણ મહામંત્ર લેખનયજ્ઞ
- ૬૨૫ શાળાઓના ૮૮,૦૦૦ વિદ્યાર્થીઓએ લીધો લાભ
- ૧૫,૮૦૭ યજમાનો દ્વારા મહાયજ્ઞમાં ૩૮ લાખ આહુતિઓ
- હજારો લોકો થયા વ્યસનમુક્ત

સ્વામિનારાયણ નગર!!

રાજકોટથી પશ્ચિમ દિશામાં મોરબી-માધાપર બાયપાસ પર સ્થિત રાષ્ટ્રીય ધોરીમાર્ગને અડીને, ૫૦૦ એકર ભૂમિમાં પથરાયેલું વિરાટ દેવતાઈ નગર!

ધોરીમાર્ગ પૂર્વ-પશ્ચિમ દિશામાં હજારો વાહનોનું વહન કરી રહ્યો છે. અહીં નિર્માણ પામેલું સ્વામિનારાયણ નગર દેવતાઓને રમવાનું જાણે નંદનવન બની ગયું હતું!! માર્ગથી ૨૦૦ ફૂટના અંતરે દક્ષિણ તરફ નજર નાખીએ કે સામે પહાડી વનરાજીથી કંડારવામાં આવેલો ભવ્ય ત્રિખંડી પ્રવેશદ્વાર સૌને આકર્ષતો હતો. આ પ્રવેશદ્વારની બહાર ડાબી-જમણી બાજુએ ૮-૮ અક્ષરમુક્તો પુષ્પહાર તથા પૂજા-સામગ્રી લઈ આગંતુકોને સત્કારવા ઊભેલા દર્શાતા હતા.

૪૫ ફૂટ ઊંચો, ૩૦૦ ફૂટ પહોળો





રાજકોટની ધરા પર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં દિવ્ય જીવન અને સંદેશની સ્મૃતિ કરાવતા સ્વામિનારાયણ નગરમાં ઊમટીને લાખો લોકોએ સતત ૧૧ દિવસ સુધી નિત્ય નવીન પ્રેરણાઓ પ્રાપ્ત કરી...

અને ૩૦ ફૂટ ઊંડો ત્રિખંડી ભવ્ય પ્રવેશદ્વાર નીચે વનવેલીથી શોભતો આકાશમાં વાદળોને આંબતો ઊભો હતો.

આ પ્રવેશદ્વારનો સંદેશ હતોઃ વૃક્ષ, વાદળ, નદી, ઝરણાં, ધરતી, સૂરજની જેમ જેઓ જીવનભર પરને કાજે જ જીવ્યા, તેવા પરોપકારી સંત શિરોમણિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને કોટિ કોટિ વંદન...

યાત્રી પ્રવેશ કરીને પંદર ડગલાં ભરતો કે તેનું પ્રથમ સ્વાગત કરતી – બગીચામાં નાનાં નાનાં વૃક્ષ-છોડની ફૂલવાડી! રંગબેરંગી ફુવારો અને બગીચાને નીરખતો યાત્રી આગળ વધે છે ત્યારે સાત ફૂટ ઊંચી વેદિકા ઉપર વિરાજમાન બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સ્વર્ણિમ મૂર્તિ તેના પર અમીદૃષ્ટિ કરે છે.

૫૦૦ એકરમાં ફેલાયેલા આ વિરાટ નગરને એક દૃષ્ટિમાં ભરી લેવા જો દર્શનાર્થી નાકની દાંડી સામે ચાલ્યો જાય તો તેને પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિની ડાબે-જમણે ગૌરી-મહેશ અને સીતા-રામનાં મંદિરો નીરખવાં મળે. આગળ જતાં અર્ધ વર્તુળાકારે બંને બાજુ લક્ષ્મીનારાયણ અને રાધાકૃષ્ણનાં મંદિરો અને મધ્યમાં કલામંડિત અક્ષર-પુરુષોત્તમ મંદિરનાં દર્શન થતાં. પ્રવેશદ્વારથી લઈને આ પાંચ-પાંચ ગુલાબી રંગી કલાત્મક મંદિરોની આસપાસ બંને પાંખમાં પંદર પંદર ફૂટ ઊંચા ધજાદંડો ગગનમાં બહુરંગી ધજાઓ લહેરાવતા હતા.




અવનવું જોવા-જાણવા ને માણવાનો રસથાળ ધરતું આ શાનદાર નગર એક દૃષ્ટિમાં યાત્રી માણી શકતો નહીં. તેથી પ્રથમ શું જોવું તે અંગે મીઠી મૂંઝવણ અનુભવતો.

સ્વામિનારાયણ નગરના પ્રવેશદ્વારની ડાબી અને જમણી પાંખ ઉપર 'ભજનાનંદ' કુટિરો નીરખાતી હતી. અહીં અખંડ ભજન-ભક્તિની રમઝટ ચાલતી હતી. તેની સામે જ બંને બાજુએ વિશાળ કદની મંત્રવેદિકા જોવા મળતી હતી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ નિમિત્તે ગત વર્ષ દરમિયાન જપલેખનયજ્ઞ કરતા હજારો ભક્તોએ કરોડો સ્વામિનારાયણ મહામંત્રનું તથા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં અમૃત વચનોનું



રાજકોટના આંગણે જાણે એક દેવતાઈ નગર અવતરી ગયું હોય તેવું સૌને અનુભવાયું.
મહાન સંતો-ભક્તો અને ભગવાન શ્રી સ્વામિનારાયણની સેવામાં બિરાજમાન અક્ષરમુક્તોએ અહીં આવનાર સૌનું સ્વાગત કર્યું...

લેખન કર્યું હતું, તેમાંથી કેટલીક પોથીઓનાં દર્શન કરી યાત્રી ધન્યતા અનુભવતો. સ્વામિનારાયણ મંત્ર લેખનની મંત્રપોથી તેમજ અમૃતવચન પોથી અહીં દસ ફૂટ ઊંચી વેદિકા પર સરસ રીતે ગોઠવવામાં આવી હતી. ૨૦ × ૨૦ ફૂટના પરિઘમાં આ વેદિકા નિર્મિત કરવામાં આવી હતી. પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિ સાથે ભાવિકો આ વેદિકાની પ્રદક્ષિણા ફરીને પગલે પગલે અશ્વમેધ યજ્ઞનું ફળ પ્રાપ્ત કરતા હતા.

અહીંથી યાત્રી આગળ વધે અને તેની નજર આધ્યાત્મિક પરંપરાનું વહન કરતા પ્રેરણાદાયી ભક્તોની મૂર્તિઓ પર પડે. ૧૫ ફૂટ ઊંચી મયૂર વેદિકા ઉપર દેવતાઓનું અર્ઘ્ય ઝીલતી પૂર્ણ કદની ૧૪ સંત-ભક્તોની મૂર્તિઓનાં દર્શન કરીને યાત્રી ધન્યતા અનુભવતો. એક એક ભક્તમૂર્તિની ઊંચી પીઠિકાની પાછળ ભગવાન સ્વામિનારાયણ અને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં જીવનસૂત્રો કંડારાયેલાં હતાં. તેમાંથી યાત્રી ઉચ્ચ જીવનની પ્રેરણા પ્રાપ્ત કરતો.

આ ભક્તોની પશ્ચાદભૂમાં જ્યારે યાત્રી વિશાળ કદના પ્રદર્શન ખંડોને નીરખતો આગળ વધતો ત્યારે તેને વિવિધ પ્રેરણાદાયી સ્પોટ્સ પણ જોવા મળતા. જેવા કે – પ્લાસ્ટિકની બોટલમાં નકામી પ્લાસ્ટિકની કોથળીના ટુકડા ઠાંસીને ભરી રાખેલી કચરાની બોટલોથી બનેલી દીવાલ!

અહીં કચરામાંથી કુંદન, 'વેસ્ટમાંથી બેસ્ટ'નો સંદેશ આપતો. આવી નકામી બોટલોમાંથી દીવાલ કે ટેબલ વગેરે બનાવી શકાય છે એવી પ્રેરણા લેતો યાત્રી અહોભાવમાં સરી જતો!

પ્રમુખસ્વામી મહારાજ કહેતા કે પરસ્પર પ્રીતિ પ્રસરાવે એ જ ધર્મ છે - આ સૂત્રને ચરિતાર્થ કરતો, એકબીજાને ગળે લગાવતી બે વ્યક્તિનો ૧૦ ફૂટ ઊંચો સ્પોટ પણ પ્રેક્ષકોને પ્રેરણા આપતો. પ્રવેશદ્વારની બંને પાંખ ઉપર આધ્યાત્મિક પરંપરાનું વહન કરતા પ્રેરણાદાયી ભક્તોની મૂર્તિઓનાં દર્શન કરી દર્શનાર્થી જ્યારે આગળ વધતો ત્યારે તેનું મન એક વૃક્ષની ડાળી પર બાંધેલા હિંડોળે ઝૂલતા ભગવાન સ્વામિનારાયણની નયનરમ્ય મૂર્તિમાં આકર્ષિત થઈ જતું હતું. પાંચે મંદિરોના કેન્દ્રસ્થાને આ પીંપરનું મહાકાય વૃક્ષ ઊભું હતું. તેની આસપાસ ખેતીનાં સાધનો કોદાળી, પાવડા, હળ, બળદગાડું, ફાનસ વગેરે દર્શાતાં હતાં. જાણે કે એક ખેતરના શેઢે ઊભા હોઈએ તેવી અનુભૂતિ થતી હતી !! ભક્તિ, પરિશ્રમ અને શાકાહારનો શુભ સંદેશ લઈને દર્શનાર્થી અક્ષરપુરુષોત્તમ મંદિર તરફ આગળ વધતો ત્યારે તેને ઊંચો ફુવારો નજરે ચડતો હતો.

નગરના દર્શનાર્થે ઊમટતો માનવ મહેરામણ એવું અનુભવતો કે આ નગર આબાલવૃદ્ધ સૌ કોઈ માટે પ્રેરણા આપનારું છે. બાળકો અહીંથી જીવનના પાયાના સંસ્કાર પ્રાપ્ત કરે છે. વડીલો માટે આ નગર ભજન-ભક્તિ અને



વિશાળ 'સ્વામિનારાયણ નગર'માં આવનાર પ્રત્યેકને અહીં રચાયેલાં પાંચ મંદિરોએ નતમસ્તક બનાવ્યા. જાણે ગુલાબી પથ્થરમાંથી બન્યા હોય તેવાં આ કલામંડિત ઉત્સવમંદિરોએ સૌના હૃદયમાં શ્રદ્ધાની જ્યોતિ પ્રગટાવી...

આધ્યાત્મિકતાનું કેન્દ્ર બની ગયું હતું. યુવાનોને અહીં અત્ર-તત્ર-સર્વત્ર પ્રગટતી સેવાની પ્રેરણા મળતી. નગરની જમણી પાંખમાં પરમાનંદ, ભારતાનંદ અને નિત્યાનંદ પ્રદર્શન ખંડોના દૃશ્ય-શ્રાવ્ય શો અદ્‌ભુત પ્રેરણા આપતા.

ડાબી પાંખમાં સ્થિત સહજાનંદ, સેવાનંદ અને મુક્તાનંદના પ્રેરક દૃશ્ય-શ્રાવ્ય શો નિહાળી, જીવનલક્ષી ઉચ્ચ મૂલ્યો આત્મસાત્ કરી દર્શનાર્થી અહોભાવથી ભાવાર્દ્ર થઈ જતો. સ્વામિનારાયણ સાહિત્ય-ઔષધ ભંડાર આગંતુકોની જિજ્ઞાસાને સંતોષતા. તો પ્રેમવતી ઉપાહારગૃહ તેની મનપસંદ વાનગીઓનો રસથાળ પીરસી તેને ઊર્જાથી ભરી દેતા.

આ નગરમાં દવાખાનું વહેલી સવારથી મોડી રાત સુધી કાર્યરત રહેતું. અહીં દુઃખી- દરિદ્રોની સેવામાં રક્તદાન યજ્ઞ પણ અવિરત ચાલ્યા કરતો.

યાત્રી વચ્ચે વચ્ચે વિશ્રાંતિ લેવા મંદિરોની છત્રછાયામાં બેસીને અહોભાવમાં ગરકાવ થતો મંદિરોની ભવ્યતામાં વિલીન થઈ જતો. એક એક મંદિર અદ્‌ભુત હતું. તેના કેન્દ્રમાં અક્ષરપુરુષોત્તમ મંદિર હતું. ૮૮ ફૂટ પહોળા અને ૪૫ ફૂટ ઊંચા આ મંદિરના મધ્ય ખંડમાં આરસની અક્ષરપુરુષોત્તમ મહારાજની સુંદર મૂર્તિ સોનાના સિંહાસનમાં બિરાજમાન હતી. ડાબાં-જમણાં શિખરોમાં ગુરુપરંપરાની ચાર મૂર્તિઓ વિરાજમાન હતી.

દર્શનાર્થી ૧૦ પગથિયાં ચઢીને મૂર્તિઓ સમક્ષ મસ્તક ટેકવી, પ્રાર્થના કરી ધન્ય થતો હતો. આ મંદિરના ૩૦ જેટલા સ્તંભ ઉપર દેવતાઓ, સંતો, ભક્તો અને કિન્નરોની મૂર્તિઓ કંડારેલી હતી. વિરાટ ૧૮ સ્તંભો ઉપર આઠ-આઠ મૂર્તિઓ હતી અને ૧૫ ઉપર બાર બાર મૂર્તિઓ દર્શન દેતી હતી.

૩ શિખર અને પાંચ ઘુમ્મટ, તેમાં ચાર નાના ઘુમ્મટ અને બે નાનાં શિખરો દૃશ્યમાન થતાં હતાં. બધાં જ શિખર અને ઘુમ્મટ ઉપર કળશ અને ધજાદંડ શોભતા હતા. ૧૦ પગથિયાં ચડીને દર્શનાર્થી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાની મૂર્તિઓનાં દર્શન કરીને ધન્યતા અનુભવતો હતો.

તેની ઊંચાઈ, લંબાઈ અને પહોળાઈ એક આદર્શ મંદિરને શોભે તેવી હતી. રાધાકૃષ્ણ, લક્ષ્મીનારાયણ, સીતારામ, ગૌરી-મહેશનાં મંદિરોની ઊંચાઈ ૪૪ ફૂટ હતી, પહોળાઈ ૫૪ ફૂટ હતી. આ મંદિરો ભક્તોને અહોભાવમાં ગરકાવ કરી દેતાં હતાં. રાધાકૃષ્ણ અને લક્ષ્મીનારાયણ મંદિરો ત્રણ મોટા અને ચાર નાના ઘુમ્મટો અને એક-એક મોટું શિખર ધરાવતાં હતાં.

સીતા-રામ અને શિવ-પાર્વતી મંદિરો એક મોટો ઘુમ્મટ એક મોટું શિખર અને ત્રણ નાના ઘુમ્મટ ધરાવતા હતાં.



'સ્વામિનારાયણ નગર' કોઈ પર્યટન સ્થળ નહીં, પણ લાખો લોકો માટે જીવનઘડતરની અણમોલ પાઠશાળા સમાન હતું, રાજકોટ શહેર અને દૂર દૂરથી અહીં ઊમટેલા ભક્તસમુદાયને જીવનઘડતરના નવતર પાઠ સહજ સહજમાં શીખવા મળ્યા...

આ પાંચેય મંદિરોનાં પગથિયાંની બંને બાજુ વિશાળ હાથીઓ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ મંદિરોની બરાબર સામે કેન્દ્રમાં ઊંચો ફુવારો જોઈ સૌનાં ચરણ અહીં થંભી જતાં હતાં.

સ્વચ્છતા વિભાગની સતત કાળજી અને જાગરૂકતાને કારણે સ્વચ્છ રહેતું આ સંપૂર્ણ નગર વહેલી સવારે ચાર વાગે તો સાફ-સૂથરું થઈને જળનો છંટકાવ પામીને આગંતુકોને આવકારવા માટે તૈયાર થઈ ચૂક્યું હોય!!

સ્વામિનારાયણ નગરના જ એક ભાગ રૂપે ૨૨,૦૦૦ જેટલા સ્વયંસેવકો (૧૪,૦૦૦ પુરુષો, ૮,૦૦૦ મહિલાઓ)નું રહેણાક 'સ્વયંસેવક નગર' પ્રાથમિક સુવિધાઓથી સજ્જ હતું.

પાણી વિભાગે આ સ્વયંસેવકોના સ્નાન માટે રોજ વહેલી સવારે ગરમ પાણીનાં ટેન્કરો પહોંચાડવાની સેવા કરી હતી. પીવાના પાણી માટે મિનરલ વોટરનાં મશીનો ગોઠવ્યાં હતાં. નગરમાં આવનાર સૌને તે જ શુદ્ધ જળ પીવા માટે મળતું હતું. ૫૦૦ એકરમાં ફેલાયેલા આ નગરને રોશનીથી પ્રકાશિત કરવા ઈલેક્ટ્રિક વિભાગના સ્વયંસેવકો સતત જાગ્રત રહેતા.

રિક્ષાથી માંડીને ટ્રકો, બસો, મોટરકારો, ટ્રેક્ટરો જેવાં ૧૦૦૦ જેટલાં વાહનો ભક્તોએ સેવામાં આપ્યાં હતાં, જેના દ્વારા ટ્રાન્સપોર્ટેશન સુવિધા ખૂબ સરળ રહેતી હતી.

નગરમાં પધારનાર આબાલવૃદ્ધ સૌને જમાડવા માટે રોજ ત્રણે સમય રસોડું ધમધમતું. રોટલી, થેપલાં, પૂરી, ઢેબરાં, ભાખરી વગેરે કરવા માટે ૫૦૦ ચૂલા ઉપર મહિલા સ્વયંસેવિકાઓ આખો દિવસ સેવાઓ આપતાં હતાં.

એક જ સમયે ૭૦,૦૦૦ જેટલા ભોજનાર્થીઓને સમાવતી, વિશાળ કદની ત્રણ-ત્રણ ભોજનશાળાઓ સવાર-બપોર-સાંજે ચુનંદા સંતો અને સેંકડો સ્વયંસેવકોના પરિશ્રમથી ધમધમતી રહેતી. સ્વયંસેવકોના પ્રેમભર્યા હાથે રોટલા, રોટલી, પૂરી, ભાખરી સાથે નિત્ય નવાં મિષ્ટાન્ન, બે ફરસાણ, શાક, કઠોળ, કચુંબર સાથે બધું મળીને બારથી પંદર વાનગીઓનો રસથાળ જે એક વખત આરોગી ચૂક્યો તે ભગવાનના આ પ્રેમસભર પ્રસાદને વીસરી ન શકે!

હજારો ભોજનાર્થીઓ તૃપ્તિનો એહસાસ કરતાં મંદિરમ્ દૃશ્ય-શ્રાવ્ય શો નિહાળવા બેસી જતા.

સ્વામિનારાયણ નગરનું એક અનોખું આકર્ષણ લાઈટ એન્ડ સાઉન્ડ શોનું રહ્યું. પ્રવેશદ્વારના છ હાથીઓ પ્રેક્ષકોને આમંત્રિત કરતા હતા. રોજ બે અને ક્યારેક ત્રણ શો પણ થતા. રવિવારે ૪ શો પ્રસ્તુત થયા હતા.

૧૨૦ ફૂટ પહોળાઈ અને ૩૫ ફૂટ ઊંચાઈ ધરાવતા વિશાળ કદના એલ.ઈ.ડી સ્ક્રીન ઉપર 'મંદિરમ્'ની રજૂઆત



નગરમાં સ્થિત વચનામૃત તેમજ વિવિધ સ્પોટને નિહાળતા ભક્તો...



નાનાં બાળકોએ અનેકને વ્યસનમુક્ત થવાની પ્રતિજ્ઞાઓ લેવડાવી.



માળા જેમની જીવન મૂડી હતી એવા સ્વામીશ્રીના હસ્તની પ્રતિકૃતિ.



થતી હતી. ૩૦ ફૂટ × ૧૮ ફૂટના ૪ સ્ક્રીન પણ પ્રેક્ષકોની વચ્ચે મૂક્યા હતા. બેઠેલો માનવ મહેરામણ મંદિરોનું પ્રદાન અંતરે ભરતો હીલળતો હતો. આ ઉપરાંત, સ્વામિનારાયણ નગરમાં ઠેર ઠેર મૂકવામાં આવેલા કલાત્મક સ્પોટ્સ પણ પ્રેરક સંદેશો વહાવતા હતા. તેની વિગત આ રહી:

**વચનામૃત સ્પોટ:** ''જે દિવસથી પરમેશ્વરે આ જગતની સૃષ્ટિ કરી છે તે દિવસથી એવી જ કળ ચડાવી મૂકી છે, જે સંસારની વૃદ્ધિ કરવી તે પોતાની મેળે જ થયા કરે...'' ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં ઉદ્‌બોધેલો આ સંદેશ દર્શાવતો સ્પોટ સહજાનંદ ખંડની બહાર શોભતો હતો.

**વ્યસનમુક્તિ સ્પોટ:** ''જેણે પોતાનું મન જીત્યું તેણે સર્વ જગત જીત્યું.'' શ્રીહરિના આ સંદેશ સાથેનો સ્પોટ મુક્તાનંદ ખંડની બહાર રચવામાં આવ્યો હતો, જે મન પર નિયંત્રણ કરી વ્યસનમુક્ત જીવન જીવવા માટેનો સંદેશો આપતો હતો.

**એકતા સ્પોટ:** કૌટુંબિક એકતાના પાઠ શીખવતો આ સ્પોટ નિત્યાનંદ ખંડની બહાર રાખવામાં આવ્યો હતો.

**સ્વચ્છતા સ્પોટ:** સ્વચ્છતા અને પર્યાવરણનો સંદેશ આપતો સ્પોટ ભારતાનંદ ખંડની બહાર રચાયો હતો.

**પરસ્પર પ્રીતિ પ્રસરાવે તે ધર્મ:** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની ઉત્તમ જીવનભાવનાને ઉજાગર કરતો આ સ્પોટ સૌને પરસ્પર પ્રીતિ રાખી જીવવાની પ્રેરણા આપતો હતો.

**થ્રીડી આર્ટ સ્પોટ:** આ થ્રીડી આર્ટવર્ક અલગ અલગ પૃષ્ઠોનો સમૂહ છે, જે એક થઈને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની કલાત્મક મૂર્તિનાં દર્શન કરાવતો હતો.

**એનોમોર્ફિક આર્ટ સ્પોટ:** આ આર્ટવર્ક કુલ ૩૯ લેસરકટ સ્ટીલ કોલમના સમૂહમાંથી બનાવવામાં આવ્યું હતું. ૧૨ ફૂટ ઊંચાઈના આ કોલમના સમૂહને ૧૦૦ ફૂટના અંતરેથી જોતાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કલાત્મક દર્શન કરવાનો આનંદ સૌ માણતા હતા.

આ ઉપરાંત ૧૦,૦૦૦થી વધુ શ્રોતાઓને સમાવતો 'પ્રમુખસ્વામી મંડપમ્' સતત ૧૧ દિવસ સુધી સવાર-સાંજ ગુરુહરિ-દર્શન, કથા-વાર્તા, કીર્તન-ભક્તિ અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોથી ગુંજતો રહ્યો. વિદ્વાન સંતો, મહાનુભાવો અને ખ્યાતનામ કલાકારો દ્વારા ભજન-ભક્તિ અને સમાજ જીવનલક્ષી વાણી રોજ વહેતી.

આમ, અનોખું સ્વામિનારાયણ નગર રાજકોટની ધરતી પર સૌ માટે પવિત્ર પ્રેરણાઓનું વિશિષ્ટ ધામ બની રહ્યું હતું. માત્ર ૧૧ દિવસ માટે રચાયેલી આ સૃષ્ટિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિઓ સાથે સૌનાં હૈયે સદાને માટે ચિરંતન સંભારણું બની ગઈ.




## સર્વોત્તમ જીવન-મૂલ્યોની પ્રેરણા આપતા પ્રદર્શન ખંડો

રાજકોટ ખાતે સ્વામિનારાયણ નગરના મુખ્ય આકર્ષણના કેન્દ્ર સમાન હતા – ૬ વિશાળ પ્રદર્શન ખંડો. અહીં આવનાર સૌ કોઈને આ પ્રદર્શન ખંડોએ પ્રેરણાથી છલકાવ્યા હતા. ૨૧,૬૦૦ ચો. ફૂટનું ક્ષેત્રફળ ધરાવતા સહજાનંદ, સેવાનંદ, મુક્તાનંદ, નિત્યાનંદ, ભારતાનંદ, પરમાનંદ પ્રદર્શનખંડો બે વિભાગમાં એક સાથે બે શો યોજાઈ શકે તેવા વિશાળ હતા. હજારો વિદ્યાર્થીઓ અને લાખો દર્શનાર્થીઓએ વિવિધ પ્રદર્શનખંડો નિહાળીને પવિત્ર પ્રેરણાઓ મેળવી હતી. સતત પ્રેરણા છલકાવતા પ્રદર્શન ખંડોમાં રજૂ થયેલા શોના નિર્માણમાં નારાયણમુનિદાસ સ્વામી, બ્રહ્મવિહારીદાસ સ્વામી, આદર્શજીવનદાસ સ્વામી, જ્ઞાનનયનદાસ સ્વામી, ગુરુસ્મરણદાસ સ્વામી, ભગવત્સેતુદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ ૨૦ જેટલા સંતો અને યુવકોએ અથાક પુરુષાર્થ કર્યો હતો.

આવો, એ પ્રદર્શન ખંડોની એક પરિચય-યાત્રા માણીએ.

■ **સહજાનંદ પ્રદર્શન ખંડઃ**

ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપ સમાન 'વચનામૃત' ગ્રંથ દરેકના જીવનમાં કેવી રીતે ઉપયોગી થઈ શકે તે અહીં સુંદર રીતે પ્રદર્શિત કરવામાં આવ્યું હતું.

આ ખંડમાં પ્રદર્શનોની રજૂઆત બે વિભાગોમાં કરવામાં આવી હતી. સવારના વિદ્યાર્થીઓ માટે યોજાતા સત્રમાં વિદ્યાર્થીઓને પ્રેરણા આપતી શ્રી નીલકંઠવર્ણીની વનવિચરણ કઠિન યાત્રા પ્રસ્તુત કરવામાં આવી હતી. સાથે સાથે વિશ્વના મહાપુરુષો વિપરીત પરિસ્થિતિઓનો સામનો કરીને કેવી રીતે સફળતા મેળવી શક્યા તેની પ્રેરક રજૂઆત હતી. બપોર પછીના દ્વિતીય સત્રમાં વડીલો અને યુવાનો માટે ભગવાન સ્વામિનારાયણે ઉદ્‌બોધેલાં વચનામૃત પર મનનીય વીડિયો શો રજૂ થતો હતો. સહજ આનંદની ખોજ માટે ઘૂમતો માણસ અનેક પ્રશ્નોની વચ્ચે સ્થિર રહી શકતો નથી. તેથી જ દુઃખના સાગરમાં સતત ડૂબકાં ખાતો રહે છે. પણ, સાચી આધ્યાત્મિક સમજણની નૌકા દ્વારા દુઃખસાગર તરીને સહજ આનંદની પ્રાપ્તિ કરી શકાય છે. વચનામૃતના અદ્‌ભુત બોધ દ્વારા એવી સમજણની અહીં રજૂઆત હતી.

સરળભાષા, સમૃદ્ધ વિચાર, સારભૂત સિદ્ધાંતપ્રેરક, સર્વજીવહિતાવહ ગ્રંથ હોવાને કારણે વચનામૃત આજના અને આવનારા અનેક યુગમાં પણ એટલો જ ઉપયુક્ત છે, તેની અહીં વિષદ રજૂઆત હતી. વિપરીત સંજોગોમાં પણ વચનામૃતના બોધને જીવનમાં ધારીને સ્થિરતા મેળવનારા



'સ્વામિનારાયણ નગર'ના મુખ્ય આકર્ષણના કેન્દ્ર સમાન હતા – છ પ્રદર્શન ખંડો. ૮૮,૦૦૦ વિદ્યાર્થીઓ તેમજ બધા ખંડોમાં કુલ ૧૬,૫૨,૯૩૦ દર્શનાર્થીઓએ જ્ઞાન અને અધ્યાત્મ સાથે જીવન-ઘડતરની પ્રેરણા મેળવી હતી...

ભક્તોની પ્રેરક સત્યઘટનાઓ અહીં આવનાર સૌને સહજ આનંદ ને શાંતિનો રાજમાર્ગ ચીંધતી હતી.

**■ સેવાનંદ પ્રદર્શન ખંડઃ**

પ્રમુખસ્વામી મહારાજ કહે છે, બીજાના સુખમાં આપણું સુખ છે. બીજાની સેવા કરીને તેમને સુખી કરવામાં જ આપણને સુખનો અનુભવ થાય છે - એ સેવાનંદ પ્રદર્શન ખંડનો મુખ્ય સંદેશ હતો. વિવિધ પ્રમાણો, પ્રસંગો અને આધુનિક વિજ્ઞાનની શોધખોળો સાથે સેવા દ્વારા સુખની અહીં ખૂબ સુંદર રજૂઆત થઈ હતી. સાથે સાથે નિઃસ્વાર્થ ભાવે સેવા કરવાની રીત પણ અહીં પ્રદર્શિત કરવામાં આવી હતી.

સેવાનંદ ખંડની આ વિશિષ્ટ પ્રસ્તુતિ દ્વારા સૌને સેવા કરવાની સહજ પ્રેરણા પ્રાપ્ત થઈ હતી.

**■ મુક્તાનંદ પ્રદર્શન ખંડઃ**

મુક્તાનંદ અર્થાત્ મુક્તિનો આનંદ. આ ખંડમાં મુક્તિની પરિકલ્પનામાં અહીં વ્યસનમુક્તિની પ્રેરણા આપતું સુંદર પ્રદર્શન રજૂ થયું હતું. વ્યસનની અગનજ્વાળાઓ કરોડો પરિવારોને અને સમાજને દઝાડે છે. અહીં એવા જ એક પરિવારની સત્યઘટના આધારિત રજૂઆત સૌના હૃદયને દ્રવિત કરી દેતી હતી. વ્યસનની ચુંગાલમાં સપડાઈને મૃત્યુને આંગણે ઊભેલી કેટલીક વ્યક્તિઓના અનુભવો પણ સૌને ભાવાર્દ્ર બનાવી દેતા હતા. અંતે પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ અને તેઓના પુરુષાર્થથી વ્યસનમુક્ત થયેલી વ્યક્તિઓના સ્વાનુભવો સૌ માટે પ્રેરણારૂપ બનતા હતા. આ પ્રદર્શન ખંડ સૌને વ્યસનમુક્ત થઈને કે રહીને બીજાને વ્યસનમુક્તિની પ્રેરણા હૈયે ભરી દેતો હતો.

**■ નિત્યાનંદ પ્રદર્શન ખંડઃ**

નિત્યાનંદ અર્થાત્ નિત્ય આનંદ. આ પ્રદર્શન ખંડમાં બે શોની રજૂઆત થતી હતી. સવારના સત્રમાં અહીં આવનાર વિદ્યાર્થીઓને 'માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ'ના પાઠ શીખવવામાં આવતા હતા. મહાપુરુષોએ પોતાનાં માતા-પિતાની કેવી રીતે સેવા કરી તે રજૂઆત કરીને બાલસંસ્કારનું અહીં મહત્ત્વ સમજાવવામાં આવતું હતું. બપોર પછીના સત્રમાં યોજાતી પ્રેરક પ્રસ્તુતિમાં ઘરમાં સર્જાતા પારિવારિક ઝઘડાનું વરવું દૃશ્ય રજૂ થતું હતું. ઘરસભા અને એકબીજાને સમજવાની ભાવનાથી પારિવારિક કલહ કેવી રીતે શમે છે તેની પ્રેરક રજૂઆત અહીં હતી. પ્રમુખસ્વામી મહારાજની

પ્રેરણાથી ઘરસભા કરીને શાંતિનો અનુભવ કરનારા ભક્તોના સ્વાનુભવો પણ અહીં રજૂ થયા હતા. અહીંથી વિદાય લેતી વેળાએ સૌને અનુભવ થતો હતો કે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે આપેલી ઘરસભા એ પારિવારિક પ્રશ્નોને ઉકેલવાની જડીબુટ્ટી છે.

## ■ ભારતાનંદ પ્રદર્શન ખંડ:

૧૦,૦૦૦ વર્ષ પુરાણી સંસ્કૃતિ ધરાવતા ભારત દેશે ગણિત, વિજ્ઞાન, ભૌતિક શાસ્ત્ર, આરોગ્ય વિજ્ઞાન, અંતરિક્ષ વિજ્ઞાન વગેરેની ભેટ વિશ્વને આપી છે. તમામ ભાષાઓની માતા સંસ્કૃત ભારતની ભેટ છે. શાસ્ત્રીય સંગીત, શાસ્ત્રીય નૃત્ય પરંપરા ભારતનું પ્રદાન છે. આવાં તો કેટકેટલાંય પ્રદાનોની જન્મભૂમિ ભારત છે. વિશ્વના સૌથી વિશાળ લોકતાંત્રિક દેશની સાથે સાથે સૌથી વધુ યુવાધન ધરાવતો દેશ ભારત છે. અનેક વિલક્ષણતાઓ ધરાવતા ભારતના નાગરિક હોવા છતાં ક્યારેક દેશની અસ્મિતા અને જાગૃતિના અભાવે સૌ નાની નાની ભૂલો કરીને ભારતના વિકાસમાં બાધારૂપ બને છે. જેમ કે અસ્વચ્છતા, કુદરતી સંપદાનો દુર્વ્યય, કાનૂન ભંગ વગેરે દ્વારા ભારતનો નાગરિક જ ભારતની પ્રગતિમાં વિઘ્નરૂપ બને છે. તેથી જ ભારતાનંદ પ્રદર્શનખંડ એક વિશિષ્ટ પ્રસ્તુતિ દ્વારા પ્રેક્ષકને વધુ સુંદર ભારતના નિર્માણ માટે કેવી રીતે યોગદાન આપી શકાય તેનું નિદર્શન આપતો હતો. આ પ્રદર્શનખંડમાંથી વિદાય લેતી વેળાએ સૌના હૈયે એક જ નાદ ગુંજતો હતો – મેરા ભારત મહાન.

## ■ પરમાનંદ પ્રદર્શન ખંડ:

અસંખ્ય લોકોનાં હૈયે જેમનું નામ સતત આદરપૂર્વક ગુંજે છે, એવા પ્રમુખસ્વામી મહારાજ, એટલે પરમ આનંદનું મૂર્તિમંત સ્વરૂપ. જેમના સ્મરણમાત્રથી પરમ આનંદની અનુભૂતિ થાય એવા પ્રમુખસ્વામી મહારાજના પવિત્ર જીવનની ગાથા અહીં પ્રસ્તુત થઈ હતી.

પ્રમુખસ્વામી મહારાજની પવિત્રતા અને નિર્દંભ સાધુતાથી તેમના યોગમાં આવનાર અનેકનું જીવન-પરિવર્તન થયું હતું. એ પરિવર્તન ગાથાનું એક પાત્ર બનેલા ભાવનગરના તળાજા ગામના રિશુભાવાળાના જીવન-પરિવર્તનના પ્રસંગની અહીં ખૂબ સુંદર રજૂઆત હતી.

આવા પરમ હિતકારી ગુણાતીત સંત પ્રમુખસ્વામી મહારાજના પરિચયમાં આવ્યા પછી તેઓ નૂતન પ્રેરણાથી છલકાયા છે. એટલું જ નહીં, વર્ષોથી વેરભાવની આગમાં જલતા સૌરાષ્ટ્રના ક્ષત્રિયોના વેરભાવ સ્વામીશ્રીની શાંતિમય પ્રતિભાથી શમી ગયા. એ સત્યઘટનાની પણ અહીં પ્રસ્તુતિ હતી.

કઠિન સંજોગોમાં સ્થિરતા રાખનારા પ્રમુખસ્વામી મહારાજની સ્થિતપ્રજ્ઞતાનું દર્શન કરાવતા એક પ્રેરક પ્રસંગની પણ અહીં રોમાંચક રજૂઆત હતી. ગાંધીનગરના અક્ષરધામ મહામંદિરમાં આતંકવાદીઓની દુર્ઘટના વેળાએ પ્રમુખસ્વામી મહારાજે રાખેલી સ્થિરતાનું દર્શન તેમની પરમ હિતકારી પ્રતિભાને વધારે ઘૂંટાવતું હતું. આ પ્રદર્શન ખંડના અંતે સૌના હૈયે એક જ નાદ ગુંજતો હતો – સંત પરમ હિતકારી, પ્રમુખસ્વામી સુખકારી.

## ■ વિદ્યાર્થીઓને પ્રેરણા:

આજના વિદ્યાર્થીઓ આવતી કાલનું ભારત છે. આથી આ મહોત્સવ દરમ્યાન વિદ્યાર્થીઓને વિશેષ પ્રેરણા મળે તે માટે ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. મહોત્સવમાં સ્વામિનારાયણ નગરની ધરતી પર રચવામાં આવેલા પ્રદર્શન ખંડોને માણીને રાજકોટ શહેર તથા આસપાસમાં આવેલી શાળાઓના વિદ્યાર્થીઓ પ્રેરણા મેળવે તે માટે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા નોંધપાત્ર પ્રયાસ કરવામાં આવ્યો હતો. સ્વામિનારાયણ નગરમાં સવારના ૯-૦૦ વાગ્યાથી બપોરના ૨-૦૦ વાગ્યા દરમ્યાનનો સમય માત્ર વિદ્યાર્થીઓ માટે અનામત રાખવામાં આવ્યો હતો. દરેક શાળાના સંચાલકનો વ્યક્તિગત સંપર્ક કરી તેમને અનુકૂળ સમય ફાળવી તેના માટેનું સુંદર આયોજન સંતો તથા સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું.

એ આયોજન મુજબ, મહોત્સવ દરમ્યાન કુલ ૬૨૫ શાળાઓના ૮૮,૦૦૦ વિદ્યાર્થી અને ૪૦૦૦ શિક્ષકોએ સ્વામિનારાયણ નગરની મુલાકાત લીધી અને પ્રદર્શન ખંડો નિહાળીને આદર્શ જીવન જીવવાની પ્રેરણા લીધી હતી.

## ■ લાઇટ એન્ડ સાઉન્ડ શો:

સ્વામિનારાયણ નગરના પ્રદર્શન ખંડોની સાથે સાથે સૌનાં આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો – લાઇટ એન્ડ સાઉન્ડ શો 'મંદિરમ્'. રોજ સાંજે ૭ થી ૧૦ દરમ્યાન ૧૨૦ ફૂટ પહોળા અને ૩૫ ફૂટ ઊંચા વિશાળ પડદા પર યોજાતો લાઇટ એન્ડ સાઉન્ડ શો સૌ માટે પ્રેરણાદાયી હતો. મંદિરના મહિમાના ભાગરૂપે જ બાળ-યુવા નૃત્ય અને સંવાદની રજૂઆત પણ આ શોને વિશેષ રસપ્રદ બનાવતી હતી. સેંકડો રંગબેરંગી લાઇટોનું સંયોજન, ૨૦,૦૦૦ લ્યૂમેન્સના કુલ ૪ પ્રોજેક્ટર્સ દ્વારા સ્ક્રિન પર પ્રસ્તુતિ, ૧૨૦ ફૂટ લંબાઈ ધરાવતા મંચ પર ૧૭૦ બાળકો-યુવાનોની મનમોહક રજૂઆત, સંગીત, સંવાદ અને નૃત્યની રમઝટ વગેરે બધું જ રોમાંચક હતું. ૩૩ મિનિટનો આ **(અનુસંધાન પૃષ્ઠ ૪૦ પર)**




## બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જન્મોત્સવે રાજકોટમાં અગિયાર દિવસીય વિશિષ્ટ કાર્યક્રમોની

# પ્રેરણાસભર દીપમાળા





સ્વામિનારાયણ નગરની વિશાળ સૃષ્ટિમાં એક તરફ છ પ્રદર્શન ખંડો, મંદિરો, પ્રેરક સ્પોટ્સ અને 'મંદિરમ્' ધ્વનિપ્રકાશ કાર્યક્રમને સૌ માણી રહ્યા હતા, તો બીજી તરફ 'પ્રમુખસ્વામી મંડપમ્'માં પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં નિત્ય સવાર-સાંજ પ્રેરક કાર્યક્રમોની દીપમાળા ઝળહળતી હતી. વિદ્વાન સંતોના મુખેથી વહેતા કથામૃતથી લઈને લોકસાહિત્યના રસ ઝરતા કાર્યક્રમો દ્વારા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને અંજલિ અપાઈ...

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી મહોત્સવની શાનદાર ઉજવણીનું એક અવિસ્મરણીય પાસું એટલે સતત ૧૧ દિવસ સુધી ચાલેલી વિવિધ પ્રેરક કાર્યક્રમોની અનોખી હારમાળા. આ પ્રેરક કાર્યક્રમો સતત ગુંજતા રહ્યા – પ્રમુખસ્વામી મંડપમ્માં. નિત્ય વહેલી સવારે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રાતઃપૂજામાં અહીં સંગીતજ્ઞ સંતો અને યુવકોના કંઠેથી ભક્તિસંગીતની ગંગા વહેતી હતી. સંધ્યાસભામાં વિદ્વાન સંતોનાં વ્યાખ્યાનો ઉપરાંત વિશિષ્ટ સાંસ્કૃતિક અને લોકસાહિત્યના કાર્યક્રમની રમઝટ બોલતી હતી. રાજકોટ અને સૌરાષ્ટ્રના સામાજિક પ્રતિષ્ઠિતો તેમજ સંતો-મહંતોની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમોનું અનોખું આકર્ષણ જામ્યું હતું. અહીં એ ૧૧ દિવસીય કાર્યક્રમોની એક ઝાંખી મેળવીએ...





## બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી મહોત્સવના ઉપક્રમે

# સ્વામિનારાયણ નગર ઉદ્‌ઘાટન સમારોહ

તા. ૫-૧૨-૨૦૧૮ની વહેલી સવારે સૂર્યનારાયણ પૂર્વ દિશામાં ધીમે ધીમે સોનેરી કિરણો પ્રસરાવી રહ્યા હતા. ઉષાનાં સ્વર્ણિમ કિરણો આજે રાજકોટના લલાટે એક દિવ્ય અવસરનો ઈતિહાસ લખવા માટે સજ્જ બન્યાં હતાં.

એ અવસર હતો – અગિયાર દિવસીય 'બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ૯૮મો જન્મજયંતી મહોત્સવ' અને 'બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર રાજકોટ દ્વિદશાબ્દી મહોત્સવ'. આ મહોત્સવની શાનદાર ઉજવણી માટે રાજકોટની નવવિકસિત સીમા પર માધાપર-મોરબી બાયપાસ હાઈવે પર ૫૦૦ એકરની વિશાળ ભૂમિ પર રચાયેલા 'સ્વામિનારાયણ નગર'નો આજે માંગલિક ઉદ્‌ઘાટન સમારોહ હતો. આ મહોત્સવ દરમ્યાન યોજાનાર વૈવિધ્યસભર આધ્યાત્મિક કાર્યક્રમોના ઉદ્‌ઘાટનનો પણ આ અવસર હતો.

ઉદ્‌ઘાટનની માંગલિક વેળા આવી ત્યારે સવારે ૭-૩૦ વાગ્યે મહોત્સવના પ્રેરણામૂર્તિ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી

મહારાજ સ્વામિનારાયણ નગરના મુખ્ય પ્રવેશદ્વાર પાસે પધાર્યા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વરિષ્ઠ સંતો, ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને સ્થાનિક રાજકીય અને સામાજિક ક્ષેત્રના અગ્રણીઓ પણ આ ઉદ્‌ઘાટનવિધિ માટે પ્રવેશદ્વાર પાસે ઉપસ્થિત હતા. વૈદિક મંત્રોના ગાન વચ્ચે શ્રી હરિકૃષ્ણ મહારાજનું પૂજન, શુભ સંકલ્પો સાથે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન, ભૂમિને શ્રીફળ અર્પણ વગેરે વિધિઓ બાદ સ્વામીશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ મુખ્ય પ્રવેશદ્વાર પર બાંધેલું રક્ષાસૂત્ર છોડીને સ્વામિનારાયણ નગરનું વિધિવત્ ઉદ્‌ઘાટન કર્યું. તે જ ક્ષણે સમગ્ર નગર 'સ્વાગતમ્ સ્વાગતમ્' ધ્વનિનાદથી ગુંજી ઊઠ્યું. શ્રીહરિકૃષ્ણ મહારાજ સાથે સ્વામીશ્રી, મુખ્યમંત્રીશ્રી, સંતો અને મહાનુભાવોએ નગરમાં પ્રવેશ કરતાં જ સેંકડો દેવબાળકો, બી.એ.પી.એસ.નો ધ્વજ લહેરાવતાં સાફાધારી યુવાનો અને ઢોલ ઢબૂકાવતા બાળકોએ સૌનું અભિવાદન કર્યું. સૌનું સ્વાગત ઝીલતાં સ્વામીશ્રી અને સૌ મહાનુભાવો નગરના મધ્ય પથ પર વિરાજમાન બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની ૨૭ ફૂટ ઊંચી મૂર્તિ પાસે પધાર્યા. અહીં પણ વેદોક્ત વિધિ સાથે પૂજન કરી સૌએ પ્રમુખસ્વામી મહારાજને શ્રદ્ધાપૂર્ણ પુષ્પાંજલિ અર્પણ કરી. પ્રમુખસ્વામી મહારાજના જયનાદોથી સમગ્ર નગર ગુંજી ઊઠ્યું.

અહીંથી સ્વામીશ્રી, મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવો સ્વામિનારાયણ નગરની ભૂમિ પર હંગામી ધોરણે રચવામાં આવેલા કલાત્મક અક્ષરપુરુષોત્તમ મંદિરમાં પધાર્યા. મંદિરના શિખર તળે વિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન કરી, મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી, આરતી ઉતારી સ્વામીશ્રીએ મંદિરને વિધિવત્ ઉદ્‌ઘાટિત કર્યું. તેને સમાંતર જ મુખ્ય મંદિરની બંને બાજુ રચવામાં આવેલાં કલાત્મક મંદિરોમાં વિરાજમાન શ્રી સીતા-રામ, શ્રી રાધા-કૃષ્ણ, શ્રી શિવ-પાર્વતી, શ્રી લક્ષ્મી-નારાયણ વગેરે મંદિરોને વરિષ્ઠ સંતોએ આરતી-પૂજન કરી ઉદ્‌ઘાટિત કર્યાં.

આ પ્રસંગે મંદિરના પ્રાંગણમાં યોજાયેલા ઉદ્‌ઘાટન સમારોહમાં ઊમટેલા હજારો હરિભક્તોએ બી.એ.પી.એસ.ના ધ્વજ લહેરાવી સ્વામીશ્રી અને મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કર્યું. રાજકોટના શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના કોઠારી બ્રહ્મતીર્થદાસ સ્વામીએ સૌ વતી શાલ ઓઢાડી મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત કર્યું. આજના અવસરે ભાવોર્મિઓ વહાવતાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈએ જણાવ્યું: 'રાજકોટનું સદ્‌ભાગ્ય છે કે રાજકોટની ધરતી પર પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જન્મોત્સવનો ભવ્ય કાર્યક્રમ ઊજવવામાં આવી રહ્યો છે. રાજકોટના નગરવાસી તરીકે હું ખૂબ ગૌરવ અને આનંદ અનુભવું છું. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો રાજકોટ સાથે ખૂબ લગાવ હતો અને તેમના આશીર્વાદ પણ રાજકોટની જનતાને હંમેશાં પ્રાપ્ત થતા રહ્યા છે. મને પૂર્ણ વિશ્વાસ છે કે ધામમાંથી તેઓના આશીર્વાદ અને કૃપા આપણા ઉપર સતત વરસતા જ હશે. આપણે સૌ તેમાંથી પ્રેરણા લઈને માનવતાનાં કાર્યો, સંસ્કાર અને આધ્યાત્મિક વારસાને જાળવવાની તેમની ઇચ્છાઓને પરિપૂર્ણ કરવા માટે કટિબદ્ધ થઈએ. આ જન્મોત્સવ નાના-મોટા બધાને જીવનમાં પ્રેરણા આપનારો બની રહેશે.

ગુજરાતના વિકાસ અને ગુજરાતની પ્રતિષ્ઠાના મૂળમાં સ્વામિનારાયણ સંપ્રદાય અને પ્રમુખસ્વામી મહારાજ જેવા સંતોનું યોગદાન રહ્યું છે. એને કારણે આજે ગુજરાત ઉજ્જ્વળ બન્યું છે અને તેનું ભવિષ્ય પણ ઉજ્જ્વળ છે. જ્ઞાતિ-જાતિ-ધર્મ-સંપ્રદાયના ભેદભાવ ભૂલીને આપણે સૌ એક છીએ એવી, માનવધર્મને વધુ ઉજ્જ્વળ બનાવવાની પ્રેરણા આ મહોત્સવ આપણને આપશે. આ મહોત્સવથી યુવાપેઢીને સાચી દિશા મળશે. સ્વચ્છતા અભિયાનથી માંડીને વ્યસનમુક્તિના પાઠ અલગ અલગ આનંદદાયક પ્રદર્શન ખંડોમાંથી પ્રાપ્ત થશે. પ્રદર્શન ખંડોમાંથી બીજાના ભલા માટે આપણે સમર્પિત બનીએ એવી પ્રેરણા લઈને અનેકને આનંદ પ્રાપ્ત થશે.

વ્યસનમુક્ત, જ્ઞાતિ-જાતિ-ધર્મના વાડાઓથી પર, ભ્રષ્ટાચાર-બેકારી-ગરીબી મુક્ત નૂતન ભારતના નિર્માણ માટે આ મહોત્સવમાંથી અનેક પ્રેરણાઓ મળશે. આ મહોત્સવને સફળ બનાવવા સ્વયંસેવકોએ દિવસ-રાત સેવા કરી છે તે પ્રશંસનીય છે. પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં ચરણોમાં પ્રણામ સાથે સૌને જય સ્વામિનારાયણ.'

આ અવસરે આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'મને તો ચારેબાજુ સહકાર સહકાર દેખાય છે. બધામાં સહકારની ભાવના રહેલી છે. સહકારની વાત તો ગજબની છે. બધા સેવા માટે થનગની રહ્યા છે. સ્વયંસેવકોમાં ઉત્સાહનો પાર નથી. પ્રમુખસ્વામી મહારાજ એવા પુરુષ હતા કે બધું ન્યોછાવર કરી દઈએ તોય ઓછું છે. બીજાના સુખમાં આપણું સુખ – આ સૂત્ર મુજબ સ્વામીબાપા જીવ્યા છે, પળેપળે. રાત-દિવસ આ ભાવનાથી જીવ્યા છે. અને લોકો માટે આ ભાવનાથી કાર્ય કર્યું છે. તેમણે કોઈ નાત-જાતનો ભેદભાવ રાખ્યો નથી. લોકોને રાજી કરવા એ જ ભાવના સ્વામીબાપામાં હતી. તેમનું જીવન ભવ્ય હતું. તેમના ચીલે ચીલે ચાલીશું તો બધી રીતે સુખી થઈશું.'

આમ, સ્વામિનારાયણ નગરની ભૂમિ પર આજથી ૧૧ દિવસીય ભવ્ય મહોત્સવનો શાનદાર આરંભ થઈ ગયો.

## ■ સાંસ્કૃતિક સમારોહ

સ્વામિનારાયણ નગરનું વિશિષ્ટ નજરાણું એટલે રાજકોટ બી.એ.પી.એસ. મંદિરની પ્રતિકૃતિ પર લેસર લાઈટિંગ એન્ડ સાઉન્ડ શો. તા. ૫-૧૨-૧૮ની સંધ્યાએ 'મંદિરમ્' થીમ પર આધારિત આ લાઈટ એન્ડ સાઉન્ડ શોનું ઉદ્‌ઘાટન કર્ણાટક રાજ્યના રાજ્યપાલ શ્રી વજુભાઈ વાળા અને શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા વગેરે મહાનુભાવો અને સંતોની ઉપસ્થિતિમાં થયું હતું. ત્યારબાદ આ શો નિહાળીને સૌ અભિભૂત થયા હતા.

ત્યારબાદ સૌ સ્વામિનારાયણ નગરના જ એક ભાગરૂપે વિશાળ શમિયાણામાં રચાયેલા પ્રમુખસ્વામી મંડપમ્‌માં પધાર્યા. અહીં યોજાયેલી સંધ્યા સભાના પ્રારંભમાં વિદ્વાન સંત આદર્શજીવનદાસ સ્વામીએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જીવનપ્રસંગો વર્ણવીને સૌને સ્વામીશ્રીની દિવ્યતાનો આસ્વાદ કરાવ્યો હતો. ત્યારબાદ મંચ પર આજના પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોનો કાર્યક્રમ શરૂ થયો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ, વરિષ્ઠ સંતો, કર્ણાટકના રાજ્યપાલ શ્રી વજુભાઈ વાળા, લોકસભાના સાંસદ શ્રી મોહનભાઈ કુંડારિયા, રાજ્યના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના ચેરમેન શ્રી ધનસુખભાઈ ભંડેરી, રાજકોટ શહેર ભાજપના પ્રમુખ શ્રી કમલેશભાઈ મીરાણી, મારવાડી ગ્રૂપના ચેરમેન શ્રી કેતનભાઈ મારવાડી, ગુજરાતના ઉચ્ચતર માધ્યમિક બોર્ડના ડાઈરેક્ટર શ્રી નેહલભાઈ શુક્લ, ગેલેક્સી ગ્રૂપના ચેરમેન શ્રી કિરણભાઈ પટેલ, સરગમ ક્લબના ચેરમેન શ્રી ગુણવંતભાઈ ડેલાવાળા તથા ઉદ્યોગપતિ શ્રી જયંતીભાઈ ચાંદ્રા વગેરે મહાનુભાવોને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ મંચસ્થ મહાનુભાવોને સન્માનિત કર્યા. રાજ્યપાલશ્રીના રાજદ્વારી શિષ્ટાચાર મુજબ રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું.

આ પ્રસંગે શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ જણાવ્યું: 'હું જે કંઈ છું તે પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી છું. સ્વામીબાપાની સેવા એ કોઈ સત્સંગ પૂરતી નથી, કોઈ રાજ્ય પૂરતી નથી, એ સેવા સમગ્ર સમાજ માટે છે. એમની પ્રતિભા વૈશ્વિક હતી. છતાં તેઓ આદિવાસી વિસ્તારોમાં, દલિત વિસ્તારોમાં ગયા છે. સમાજમાં કોઈ વર્ગ બાકી નહીં હોય કે જ્યાં તેઓ ન ગયા હોય, વ્યસનમુક્તિ અને શાંતિનો સંદેશ ન આપ્યો હોય. ઘરસભા, રવિસભાનું સ્વામીબાપાએ એવું સરસ આયોજન કર્યું કે શનિવાર કે શુક્રવારની સાંજે બાળક માતા-પિતાને એમ કહે કે આપણે મંદિર જવું છે, આ જાદુ. સ્વામીબાપાએ અનેક પેઢીઓનું

પ્રથમ સંધ્યાએ કર્ણાટકના રાજ્યપાલ શ્રી વજુભાઈ વાળા અને મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચૂડાસમા વગેરે પ્રતિષ્ઠિતો ઉપસ્થિત રહ્યા. ૧૧ દિવસ સુધી પ્રતિષ્ઠિત મહાનુભાવોની ઉપસ્થિતિ વચ્ચે મહંત સ્વામી મહારાજની નિશ્રામાં વિવિધ કાર્યક્રમોની ઝડી વરસતી રહી...







સતત ૧૧ દિવસ સુધી મંદિરના મહિમાને દૃઢાવતા લાઈટ એન્ડ સાઉન્ડ શોનું ઉદ્‌ઘાટન રાજ્યપાલ શ્રી વજુભાઈ વાળા વગેરે મહાનુભાવો અને સંતોએ કર્યું. શ્રી ભીખુદાનભાઈ ગઢવીએ લોકસાહિત્યની રમઝટમાં સૌને રસતરબોળ કર્યા...

કલ્યાણ કર્યું છે.'

રાજ્યપાલ શ્રી વજુભાઈ વાળાએ પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે ઋણાનુભૂતિ વ્યક્ત કરતાં જણાવ્યું: 'પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે રાષ્ટ્રના સમર્પિત સંત તરીકે ફક્ત સૌરાષ્ટ્ર-ગુજરાત કે હિંદુસ્તાનમાં જ નહીં, પણ વિશ્વભરમાં ડંકો બજાવ્યો છે. એમણે દેશ-પરદેશમાં ૧૨૦૦ મંદિર કરી હિંદુ ધર્મની ધજા ફરકાવી. એમને ભગવાનના અવતાર સ્વરૂપે કહીએ તેમાં કોઈ અતિશયોક્તિ નથી.

જિંદગીમાં માણસ ધનવાન બની શકે છે, પરંતુ સંસ્કારવાન બનવું તે અઘરી વાત છે. આ અઘરી વાતનું બીડું ઝડપનાર પૂજ્ય પ્રમુખસ્વામી હતા. ફક્ત જ્ઞાનનો પ્રસાર નહીં, પરંતુ તેમણે જે જ્ઞાન આપ્યું એ સૌએ પોતાના જીવનમાં ઉતાર્યું છે.

આજે વ્યસન અને ફેશન માણસની જિંદગીને બરબાદ કરી રહ્યાં છે, પરંતુ સ્વામિનારાયણ સંપ્રદાયનો અનુયાયી વ્યસનથી મુક્ત છે અને ફેશનથી પણ મુક્ત છે. વ્યસન અને ફેશનથી જે મુક્ત હોય, એ પોતાની જિંદગીના દિવસો સમાજને સમર્પિત કરી શકે.

પ્રમુખસ્વામી મહારાજ એવી પ્રેરણાના સ્રોત હતા. પ્રમુખસ્વામી મહારાજમાં રહેલા ગુણો, પ્રેમની ભાવના, વાત્સલ્ય આપણે સૌએ કેળવવાની જરૂર છે. કહેવત છે, જેની આંખમાં અમી તેને આખી દુનિયા ગમી અને જેની જીભમાં અમી તેને આખી દુનિયા નમી. પ્રમુખસ્વામીની આંખમાં અમી હતાં, એમની જીભમાં પણ અમી હતાં. એ અમીના કારણે આખી દુનિયા એમને વંદન કરે છે.

પ્રમુખસ્વામી મહારાજના જીવનનો અને તેમણે જે કાર્યો કર્યાં છે તેનો અભ્યાસ કરજો. સ્વામિનારાયણ સંપ્રદાયના તમામ સંતો જે રીતે કાર્યો કરે છે તેનો અભ્યાસ કરજો. મેં તો મારા જીવનમાં યોગીબાપા અને પ્રમુખસ્વામી મહારાજ પાસેથી ખૂબ જ પ્રેરણા મેળવી છે. હું સવારે ઊઠતી વખતે મારાં માતુશ્રી અને પિતાશ્રીને યાદ કરું છું ત્યારે માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ અને પછી કહું છું ગુરુદેવો ભવ. એ સમયે પ્રમુખસ્વામી મહારાજનું આખું ચિત્ર મારી નજર સામે આવે છે અને આ ત્રણને યાદ કરીને પલંગ ઉપરથી નીચે પગ મૂકું છું. અને તમે પણ સવારના ઊઠીને પ્રમુખસ્વામીને યાદ કરો, એમાંથી તમને પ્રેરણા મળી રહેશે.'

અંતમાં સર્વે મહાનુભાવોનો આભાર માની પ્રમુખસ્વામી મહારાજના ગુણગાન ગાતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'પ્રમુખ-સ્વામી મહારાજે નાત-જાતના ભેદભાવ ભૂલી બધાને મદદ કરી છે. પોતાના માની કાર્ય કર્યું છે. માત્ર સ્વામિનારાયણ સંપ્રદાયના જ નહીં, પરંતુ ધર્મના ભેદભાવ વિના સૌને પોતાના માની સૌનું કાર્ય કર્યું છે. તેમના જેટલા ગુણો ગાઈએ એટલા ઓછા છે. તેમના જીવનચરિત્રનો અભ્યાસ કરજો.' આ પ્રસંગે સમારોહમાં પધારેલા સર્વે મહાનુભાવોનું શાલ તથા સ્મૃતિભેટ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

આજની સભાના વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગુજરાતના પ્રસિદ્ધ લોકસાહિત્યકાર પદ્મશ્રી શ્રી ભીખુદાન ગઢવીએ પોતાની રસાળ શૈલીમાં લોકસાહિત્યની રમઝટ બોલાવતા દુહા-છંદ-ભક્તિપદો રજૂ કર્યાં હતાં. અંતમાં *'લાગો છો પ્યારા પ્યારા પ્રમુખસ્વામી...'* કીર્તનનું તેમની લાક્ષણિક

શૈલીમાં ગાન કરી પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં ભક્તિભીની અંજલિ અર્પી હતી. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી બાઉદ્દીન કઠિયારાનું દારિદ્ર ટળ્યું તે પ્રસંગની રસાળ રજૂઆત સાથે ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના જીવનની સરળતા-સહજતાના પ્રસંગો વર્ણવીને તેમણે સૌને લોકસાહિત્યમાં તરબોળ કર્યા હતા.

## ■ મહિલાદિન

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી મહોત્સવના ઉપક્રમે તા. ૬-૧૨-૨૦૧૮ના રોજ સાંજે ૪-૦૦ વાગ્યે સ્વામિનારાયણ નગર ખાતેના પ્રમુખસ્વામી મંડપમ્‌માં મહિલા દિનની શાનદાર ઉજવણી થઈ ગઈ. 'કરુણા અપરંપાર' મધ્યવર્તી વિચાર અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં રાજકોટ શહેર અને આજુબાજુનાં ક્ષેત્રોનાં ૧૫,૦૦૦થી વધુ બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગમાં સંમિલિત થવા પૂર્વ મુખ્યમંત્રી અને મધ્યપ્રદેશના રાજ્યપાલ માનનીય શ્રી આનંદીબેન પટેલ, રાજકોટ મહિલા મોરચાનાં પ્રમુખ શ્રી અંજલિબેન રૂપાણી તથા રાજકોટનાં મેયર શ્રી બિનાબેન આચાર્ય તથા શહેરનાં અનેક પ્રતિષ્ઠિત મહિલા મહાનુભાવો આવી પહોંચ્યાં હતાં.

ધૂન, પ્રાર્થના, સંગીતમય વૈદિક શાંતિપાઠ, ભક્તિનૃત્યો, સંવાદ અને નૃત્યનાટિકા જેવા પ્રેરણાસભર કાર્યક્રમોની પ્રસ્તુતિ કરીને ૯૫૦ બહેનોએ આજના અવસરને અવિસ્મરણીય બનાવ્યો હતો. ૧૧ દિવસીય આ મહોત્સવને સફળ બનાવવા બહેનોએ સમગ્ર વર્ષ દરમિયાન અનેક ઉદ્‌ઘોષ કાર્યક્રમની શૃંખલા રચીને એક અજોડ પુરુષાર્થ કર્યો હતો. (વધુ અહેવાલ માટે જુઓ, પ્રેમવતી જાન્યુ-ફેબ્રુઆરી, ૨૦૧૯)

## ■ સંત પરમ હિતકારી નૃત્યનાટિકા

તા. ૭-૧૨-૨૦૧૮ એટલે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો તારીખ પ્રમાણેનો ૯૮મો જન્મદિન. આ અવસરે સંધ્યા સભાના કાર્યક્રમમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની જીવન ઝરમરને પ્રસ્તુત કરતી સંત પરમ હિતકારી નૃત્યનાટિકાની પ્રભાવક પ્રસ્તુતિ થઈ હતી.

આ કાર્યક્રમને માણવા માટે સંધ્યા સમયે ૧૫,૦૦૦થી વધુ હરિભક્તોએ સભાગૃહમાં સ્થાન ગ્રહણ કરી લીધું હતું. પ્રારંભમાં કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ અનેક ગુણોના વિરલ ધારક બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના નિર્માની, નમ્રતા અને નિસ્વાદીપણાના પ્રસંગો વર્ણવીને સૌને ગુરુ મહિમામાં મગ્ન કર્યા હતા. ત્યારબાદ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની જીવન ઝરમર રજૂ કરતી, બ્રહ્મપ્રકાશદાસ સ્વામી લિખિત 'સંત પરમ હિતકારી' નૃત્યનાટિકાની પ્રસ્તુતિ થઈ. સ્વામીશ્રી અને વડીલ સંતોએ સભાગૃહમાં દર્શકગણની વચ્ચે બિરાજીને આ નૃત્યનાટિકાને આકંઠ માણી.

પ્રમુખસ્વામી મહારાજના નિરાળા બાલ્યકાળથી લઈને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સાંનિધ્યમાં આદર્શ શિષ્ય તરીકેની તેમની છબિ આ કાર્યક્રમમાં અદ્‌ભુત રીતે ઊપસતી હતી. સૌનાં અંતરમન પર વિશિષ્ટ છાપ અંકિત કરી દેતા પ્રસંગોની હારમાળા, આંખ મટકવું બંધ કરી દે એવી દૃશ્યાવલિઓ, જીવનમાળાના જુદા જુદા મણકાઓને જોડતાં કડીરૂપ કથાનૃત્યો, ચોટદાર સંવાદો અને સચોટ ગવાહી પૂરતી ઐતિહાસિક છબિઓએ દર્શકોને ગુરુહરિની જીવનગંગામાં અવગાહન કરાવીને તેમાં રમમાણ કરી દીધા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આ નૃત્યનાટિકાની પ્રસ્તુતિ કરનાર ગાના અને અડાસનાં બી.એ.પી.એસ. કેન્દ્રોના બાળ-યુવા કલાકારોએ છેલ્લા કેટલાય મહિનાઓથી ઠેર ઠેર આ નૃત્યનાટિકા રજૂ કરીને લાખો લોકોને ગુરુહરિની જીવનઝરમરનું પ્રેરક દર્શન કરાવ્યું છે. ગાના અને અડાસના બી.એ.પી.એસ.ના બાળ-યુવા કલાકારોએ રજૂ કરેલા આ કાર્યક્રમની ૪૧૮મી પ્રસ્તુતિ હતી.

આ પ્રેરક પ્રસ્તુતિ બાદ પ્રાસંગિક સભામાં શ્રી આર. સી. ફળદુ (કેબિનેટ મંત્રીશ્રી, પશુપાલન અને કૃષિ), શ્રી ગોવિંદભાઈ પટેલ (ધારાસભ્ય), શ્રી બલરામ મીણા, શ્રી પરાક્રમસિંહ જાડેજા, શ્રી પરેશભાઈ ગજેરા, શ્રી નાથાભાઈ કાલડિયા તથા શ્રી દિલીપભાઈ પટેલ વગેરે અગ્રણી સામાજિક અને નગરશ્રેષ્ઠીઓ પધાર્યા હતા. પ્રાસંગિક સન્માનવિધિ બાદ સ્વામીશ્રીએ સ્મૃતિભેટ અર્પણ કરીને તેઓનું અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે શ્રી આર. સી. ફળદુએ પ્રમુખસ્વામી મહારાજના સ્વાનુભવના પ્રભાવક પ્રસંગો વર્ણવીને જણાવ્યું હતું કે 'પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે સમગ્ર વિશ્વને શાંતિ અને ભાઈચારાનો સંદેશ આપ્યો હતો. આવા દિવ્ય આત્માનો જન્મદિન આપણને સૌને અનેરી પ્રેરણા પૂરી પાડે છે. આવા મહાપુરુષો સૌનું કલ્યાણ કરવા માટે જ જન્મ ધારણ કરે છે. પ્રમુખસ્વામી મહારાજે કંડારેલી કેડીમાંથી આપણને માર્ગદર્શન મળે છે.'

આ પ્રસંગે આશીર્વાદ વરસાવતાં પરમ પૂજ્ય મહંત

સ્વામી મહારાજે કહ્યું: 'પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજમાં અનેક ગુણો હતા. તેમના પરિચયમાં જે કોઈ આવે તે તેમનાથી પ્રભાવિત થયા વિના રહે નહીં. અમે એકવાર દિલ્હીથી ગુજરાત આવતા હતા. ૨૪ કલાક ટ્રેનમાં જ હતા. ટ્રેનમાં હું, હકાભાઈ ખાચર અને પ્રમુખસ્વામી મહારાજ હતા. હું અને પ્રમુખસ્વામી મહારાજ ઓછું બોલીએ, તેથી હકાભાઈ કંટાળે. કારણ કે હકાભાઈને વાતો કરવા જોઈએ. સ્વામીબાપા બોલે ઓછું, પણ તેમના સાંનિધ્યમાં શિયાળાની ઠંડીમાં તાપણી હૂંફ આપે તેવી હૂંફ મળતી હતી. પ્રમુખસ્વામી મહારાજમાં આ સ્વાભાવિક ગુણો હતા. બધામાં ભાઈચારો રાખવો એ બધું તેમને સહજ હતું. આપણે પણ પ્રમુખસ્વામી મહારાજના જેટલા ગુણ ગાઈએ તેટલા ઓછા છે.'

## ■ સહાયક સન્માન સમારોહ

રાજકોટની ભૂમિ પર માધાપર-મોરબી હાઈવે પર ૫૦૦ એકર ભૂમિ પર રચાયેલું 'સ્વામિનારાયણ નગર' એટલે અનેક ભક્તો-ભાવિકોના સમર્પણનો એક મહાન યજ્ઞ. અહીંની ૫૦૦ એકરની ભૂમિ માટે અનેક ખેડૂતો, બિલ્ડરોએ પોતાની ભૂમિનું સમર્પણ કર્યું હતું. કેટલાય ખેડૂતોએ પોતાનો પાક જતો કરીને પોતાની ભૂમિની સેવા કરી હતી તો કેટલાક બિલ્ડરોએ સ્વામિનારાયણ નગરમાં આવનાર સંતો-ભક્તોના ઉતારા માટે પોતાના નવા ફ્લેટ્સ સેવામાં આપ્યા હતા. કેટલાકે અન્ય રીતે સેવા કરીને સેવાનો લહાવો પ્રાપ્ત કર્યો હતો. એટલું જ નહીં પણ રાજકોટ મહાનગરપાલિકાથી લઈને સરકારનાં વિવિધ કાર્યો સંભાળતા ઉચ્ચ પદાધિકારીઓએ પણ ઉત્સવને પોતાનો ગણીને સહકાર આપ્યો હતો. એ તમામ સહાયકોનો સન્માન સમારોહ તા. ૮-૧૨-૨૦૧૮ના રોજ સંધ્યા સમયે યોજાયો હતો.

આ સન્માન સમારોહના આરંભમાં પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામીએ સેવાનું મહત્ત્વ સમજાવતું પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું. વલ્લભવિદ્યાનગર બી.એ.પી.એસ. છાત્રાલયના ૫૦ જેટલા છાત્રોએ વનવાસી બંધુઓનું પ્રિય 'ટીંમલી નૃત્ય' રજૂ કરીને પરમ પૂજ્ય સ્વામીશ્રીનું સ્વાગત કર્યું હતું.

આ અવસરે આ ક્ષેત્રના સંતો તેમજ મહાનુભાવો પણ ઉપસ્થિત હતા. જેમાં પૂજ્ય બ્રહ્મદેવજી મહારાજ (ગિરનારી આશ્રમ, કુવાડવા), શ્રી મનોજ અગ્રવાલજી (પોલીસ કમિશનર, રાજકોટ), શ્રી વિક્રાંત પાંડે (કલેક્ટર, અમદાવાદ), શ્રી બંછાનિધિ પાની (મ્યુનિસિપલ કમિશનર, રાજકોટ), શ્રી પી. બી. પંડ્યા (અધિક નિયામકશ્રી, રાજકોટ) વગેરે મહાનુભાવો ઉપસ્થિત હતા. ઉપસ્થિત સૌ મહાનુભાવોને કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ શાલ તથા મહંત સ્વામી મહારાજે સ્મૃતિભેટ અર્પણ કરીને આશીર્વાદ આપ્યા હતા.

આ અવસરે ઉપસ્થિત મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ પોતાની ભાવોર્મિઓ રજૂ કરતાં જણાવ્યું: 'સૌ પ્રમુખસ્વામી મહારાજના આદર્શને અનુસરે તો નૂતન ભારત રચાશે જ. રાજકોટ શહેર સ્વચ્છ બને તે માટે અમે મહત્ત્વના નિર્ણયો લીધા છે, તેમાં રાજકોટ બી.એ.પી.એસ. મંદિરનો ખૂબ સહકાર મળ્યો છે. જો આપણા જીવનમાં શિસ્ત, કઠોર પરિશ્રમ અને સારી બાબતોમાં રસ-રુચિ રાખવાની ભાવના હોય તો તમામ કાર્ય શક્ય બને. આ સ્વામિનારાયણ નગરમાં આવનારા સૌ કોઈ આ ત્રણે બાબતો શીખે છે.'

અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી વિક્રાંત પાંડેએ જણાવ્યું: 'મેં જ્યારે મહંત સ્વામીનું સ્મરણ કર્યું ત્યારે મને બ્રહ્મની પ્રતીતિ થઈ. આપણે ભગવાનને નથી જોયા પણ મહંત સ્વામી મહારાજ જેવા બ્રહ્મસ્વરૂપ સંતનાં દર્શનથી શાંતિ થાય છે. આ એક એવો સંપ્રદાય છે, જે ભારતીય સંસ્કૃતિને આગળ વધારવાનું કામ કરે છે. રાજકોટમાં મેં ૧૩ વર્ષ પહેલા પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કર્યાં ત્યારથી આ સંસ્થા સાથે પ્રેમ વધતો ગયો છે.'

રાજકોટના પોલીસ કમિશનર શ્રી મનોજ અગ્રવાલજીએ જણાવ્યું: 'બે મહિના પહેલાં આ જમીન પર ઉત્સવ કરવાની વાત થઈ તે સમયે અહીં ખેતરો સિવાય કંઈ નહોતું. પણ આજે મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી અહીં મોટું નગર રચાઈ ગયું છે. સંતો-ભક્તોએ અહીં ખૂબ જ મહેનત કરી છે. બી.એ.પી.એસ. સંસ્થાનાં મંદિરો દેશ-વિદેશમાં છે. દિલ્હી અને ગાંધીનગરના અક્ષરધામની સાથે મેં ન્યૂજર્સીના અક્ષરધામને પણ નિહાળ્યું છે. તેની કામગીરી કાબિલે તારીફ છે. આ સંપ્રદાય દ્વારા આવનારી પેઢીને ચારિત્ર્યયુક્ત બનાવવાનું કાર્ય ખૂબ સારી રીતે થઈ રહ્યું છે.'

મહંત સ્વામી મહારાજે આશીર્વાદ વરસાવતાં જણાવ્યું: 'આપણે જે જમીન પર બેઠા છીએ એ જમીનના દાતાઓને ધન્યવાદ છે. સૌની ટાણાની સેવા થઈ ગઈ. ટાણે સેવા કરે એ મહત્ત્વનું છે. ભગવાન સ્વામિનારાયણ પોતે એક સેવક હતા. સ્વયં ભગવાન હતા તો પણ સેવામાં જોડાતા. ગુણાતીતાનંદ સ્વામી અનંત બ્રહ્માંડના રાજાધિરાજ હતા છતાં ૮૨ વર્ષ સુધી જૂનાગઢ મંદિરનો ચોક વાળ્યો છે.



સતત ૧૧ દિવસ સુધી 'પ્રમુખસ્વામી મંડપમ્'માં સવારે યોજાતી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રાતઃપૂજા અને સંધ્યા સમયે યોજાતા વિશિષ્ટ સમારોહને સૌએ મન ભરીને માણ્યાં...

ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ પણ એટલા જ સેવાભાવી હતા. તેમાંથી પ્રેરણા લઈને સૌએ સેવા કરી છે. અહીં બધાને સેવા કરવાની ભાવના છે. બધાને મદદ કરવાની ભાવના છે. દરેકના મનમાં કોઈ બીજી ભાવના જ નથી. અંતરમાં ભાવના શુદ્ધ છે.

પ્રમુખસ્વામી મહારાજની આધ્યાત્મિક સ્થિતિ જ કંઈક જુદી હતી. તેઓ પરલોકના પુરુષ હતા. દરેકને તેવો અનુભવ થાય છે. પ્રમુખસ્વામી મહારાજ પોતે ટેન્શન ફ્રી હતા. કારણ કે ભગવાનમય હતા. આ નગરમાં રોજના ૫૦૦૦ બાળકો આવે છે અને ભાવિકો આવે છે. આ બધા કંઈક પ્રેરણા લઈને જાય છે. સંતો-ભક્તો રાતદિવસ મહેનત કરે છે છતાં ટેન્શન ફ્રી છે. તેમના મનમાં પ્રમુખસ્વામી મહારાજને રાજી કરવાનું તાન છે. એટલે જ ટેન્શન ફ્રી છે. અહીં સેવા કરનાર તમામને ધન્યવાદ છે.'

અંતે સ્વામીશ્રીએ અહીં સેવા-સહકાર આપનાર સૌને સ્મૃતિભેટ સાથે આશીર્વાદ આપી તેમનું અભિવાદન કર્યું હતું.

## ■ ભક્તિસંગીત દ્વારા ભાવ-અંજલિ

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી મહોત્સવના ઉપક્રમે રાજકોટ ખાતે રોજ સંધ્યા સભામાં વિશિષ્ટ કાર્યક્રમોની હારમાળા રચાઈ રહી હતી. એ શૃંખલામાં તા. ૯-૧૨-૨૦૧૮, રવિવારની સંધ્યા એક વિશિષ્ટ યાદગાર સંધ્યા બની રહી. સોમપ્રકાશદાસ સ્વામીના સંકીર્તન ભક્તિ બાદ નામાંકિત એવા શ્રી કીર્તિદાન ગઢવી અને શ્રી ઓસમાણ મીરે ભક્તિસંગીતની હેલી વરસાવીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખ-સ્વામી મહારાજનાં ચરણે ભાવાંજલિ અર્પણ કરી હતી. આ અવસરે સંતો અને મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં મહામંડલેશ્વર પૂજ્ય વિશ્વંભરભારતી બાપુ, શ્રી નરહરિભાઈ અમીન (આયોજન પંચના ઉપાધ્યક્ષ, ગુજરાત), શ્રી અરવિંદભાઈ રૈયાણી (ધારાસભ્યશ્રી, રાજકોટ), શ્રી એન. એન. જાડેજા (ડેપ્યુટી કમિશનર ઑફ પોલીસ, રાજકોટ) વગેરે ઉપસ્થિત હતા.

આ પ્રસંગે મહામંડલેશ્વર પૂજ્ય વિશ્વંભરભારતીજી મહારાજે પોતાની ભાવોર્મિઓ રજૂ કરતાં જણાવ્યું: 'વિશ્વમાં ભાગ્યે જ જોવા મળે કે કોઈ એક સંતે ૧૧૦૦ કરતાં વધુ સંતો અને મંદિરો બનાવ્યાં હોય. સાચા સાધુ કોને કહેવાય? સાધુ શું કામ કરી શકે? એ આપણને પ્રમુખસ્વામી મહારાજના જીવન દ્વારા જોવા મળે છે. એટલે જ મને પ્રમુખસ્વામી મહારાજ અને તેમના સ્વરૂપ સમા મહંત સ્વામી મહારાજને જોઈને એક પંક્તિ યાદ આવે છે કે 'મોજમાં રેવું મોજમાં રેવું મોજમાં રેવું રે...' આટલું કહીને તેમણે પ્રમુખસ્વામી મહારાજને ભાવવંદના કરી હતી.

શ્રી નરહરિભાઈ અમીને પણ વાક્પુષ્પો અર્પણ કરીને જણાવ્યું: 'પ્રમુખસ્વામી મહારાજ એવા સંત હતા કે તેમની પાસે જે જાય તેના મનના તમામ રોગો દૂર થઈ જાય અને





પ્રસિદ્ધ કલાકારો અને લોકસાહિત્યના પ્રખર ઉપાસકોએ પોતાની આગવી શૈલીમાં પ્રસ્તુતિ કરીને પ્રમુખસ્વામી મહારાજને અંજલિ અર્પી. નામાંકિત કલાકાર શ્રી ઓસમાણ મીર અને શ્રી કીર્તિદાન ગઢવીએ ભક્તિ-સંગીતની રમઝટ બોલાવીને સૌને ભક્તિભીનાં કર્યાં...

તે પવિત્ર બને. દેશના પહાડી, જંગલ વિસ્તારમાં જઈને પ્રમુખસ્વામી મહારાજે તેમનું ઘડતર કર્યું છે. આવા વિશ્વવંદનીય સંતની જન્મભૂમિ ચાણસદ ગુજરાતમાં છે તે આપણું અહોભાગ્ય છે. એટલે જ ગુજરાત સરકાર દ્વારા ચાણસદને વિકસાવવાનો નિર્ણય લેવાયો છે.'

અંતમાં, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આશીર્વાદ પાઠવતાં જણાવ્યું: 'પ્રમુખસ્વામી મહારાજે તો ગજબ કાર્ય કર્યું હતું. તેમણે આખા જગતમાં ડંકો માર્યો. બધાને તેમના પ્રત્યે ભાવ હતો. તેમની પાસેથી કોઈ નિરાશ ન જતા. તેમણે ખાલી વાતો નથી કરી. એ પ્રમાણે પોતે જીવન પણ જીવ્યા છે. બધાને તેનો અનુભવ છે. એમનું જીવન જ ભવ્ય હતું. આપણે તેમના લીધે જ છીએ. બધાને સ્વામીબાપા શતાબ્દી નિમિત્તે આશીર્વાદ આપે અને સૌનો મોક્ષ થાય તે જ પ્રાર્થના.'

ત્યારબાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં શ્રી કીર્તિદાન ગઢવી અને શ્રી ઓસમાણ મીરે ભક્તિસંગીતની અનોખી જમાવટ કરી હતી. જેમાં તેઓએ અપૂર્વમુનિદાસ સ્વામી લિખિત – *'ઉપકાર અમ પર આપના છે', 'હરખે હરખે સ્વામી હરખે', 'હસવું તમારું મોહક આ વાતો...'* વગેરે કીર્તનો રજૂ કર્યાં હતાં. સાથે સાથે અન્ય લોકપ્રિય ભજનો ગાઈને ઉપસ્થિત સૌને ભક્તિભીના કર્યા હતા.

આમ, બંને કલાકારોએ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી મહોત્સવે ભક્તિસંગીત રજૂ કરીને ઉત્સવની આ રાત્રિને યાદગાર બનાવી દીધી હતી.

## ■ રાજદુર્ગ ગાથા

તા. ૧૦-૧૨-૨૦૧૮. આજે પ્રમુખસ્વામી મહારાજના જન્મજયંતી મહોત્સવનો ષષ્ઠમ દિન હતો. જન્મજયંતીની સાથે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે રાજકોટ શહેરને આપેલી અનોખી ભેટ સમાન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો દ્વિદશાબ્દી મહોત્સવ પણ આ અવસરે ઊજવાઈ રહ્યો હતો. આ દ્વિદશાબ્દીના ઉપક્રમે તા. ૧૦-૧૨-૧૮ની સંધ્યાએ પ્રમુખસ્વામી મંડપમમાં રાજકોટના બી.એ.પી.એસ. સત્સંગના ઇતિહાસની ગાથા ગાતી 'રાજદુર્ગ માહાત્મ્ય' નૃત્યનાટિકા પ્રસ્તુત થઈ હતી. તે પૂર્વે પૂજ્ય નારાયણમુનિદાસ સ્વામીએ સમર્પિત હરિભક્તો અને સ્વયંસેવકોની ગાથા રજૂ કરી હતી. ત્યારબાદ આરંભાઈ – રાજદુર્ગ માહાત્મ્ય ગાથા.

આ નૃત્યનાટિકામાં સૌરાષ્ટ્રના રાજવીપુત્ર આનર્ત અહીં સત્સંગ ગાથા રજૂ કરવા એક પાત્રરૂપે ઉપસ્થિત હતા. એ રાજકુંવરના મુખેથી જ રાજકોટના સ્વામિનારાયણીય સત્સંગ ઇતિહાસનાં એક પછી એક પૃષ્ઠો અહીં નૃત્યનાટિકા રૂપે ઉદ્‌ઘાટિત થતાં રહ્યાં.

એ ઐતિહાસિક ગાથાના કેટલાક સ્મરણીય અંશો: ભગવાન સ્વામિનારાયણના દિવ્ય જીવનથી પ્રભાવિત થઈને ઈસ્ટ ઇન્ડિયા કંપનીના મુંબઈ ઇલાકાના ગવર્નર સર જહોન

માલકમે શ્રીહરિને સન ૧૮૩૦માં વધાવ્યા હતા તે દૃશ્ય અહીં તાદૃશ થયું. બાળકીઓને દૂધપીતી કરવાની કુપ્રથા અને સતીપ્રથાને નાબૂદ કરવાની વાત પણ ભગવાન શ્રી સ્વામિનારાયણે અહીં જ કરી હતી. શ્રીહરિના અનુગામી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ અહીંના હરિભક્ત માવાજી કડિયાના ડેલામાં યજ્ઞ કરી રાજકોટની ધરાને પાવન કરી તે પણ અહીં વર્ણવાયું. 'સત્પુરુષ પૃથ્વી પરથી કયારેય જતા જ નથી' ભગતજી મહારાજ પ્રત્યેના શાસ્ત્રીજી મહારાજનાં એ સિદ્ધાંત-વચનોનું સાક્ષી રાજકોટ બન્યું છે, એ સંભારણું પણ અહીં જીવંત બન્યું. બી.એ.પી.એસ. સંસ્થાના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના વિદ્યાભ્યાસનું કેન્દ્ર પણ રાજકોટ બન્યું છે, તે પણ અહીં તાદૃશ થયું.

યોગીજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજના પ્રથમ મિલનનું સંગમ-સ્થળ પણ રાજકોટ જ છે. યોગીજી મહારાજે લખેલી 'યોગીગીતા' પણ આ ભૂમિ પર જ રચાઈ હતી.

ગોંડલ મંદિરના નિર્માણમાં પણ રાજકોટના હરિભક્તોનો ખૂબ સહકાર પ્રાપ્ત થયો હતો. યોગીજી મહારાજના હૃદયે રમતા રાજકોટમાં તેઓએ રજપૂતપુરામાં બી.એ.પી.એસ. હરિમંદિરનું નિર્માણ કર્યું હતું. એ મંદિર-નિર્માણ અને સત્સંગના પ્રવર્તનમાં સહકાર આપનાર હરિભક્તોનું પણ સ્મરણ કરવામાં આવ્યું.

સન ૧૯૭૯ની મોરબીની હોનારત અને સન ૧૯૮૭માં સૌરાષ્ટ્રમાં પડેલા દુષ્કાળમાં કરુણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજે વહાવેલી કરુણાગંગાનું સાક્ષી આ શહેર બન્યું છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની ૫૯મી, ૭૮મી અને ૯૮મી જન્મજયંતી ઊજવવાનો અવસર પણ રાજકોટને મળ્યો છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે સન ૧૯૯૮માં રાજકોટના વિખ્યાત કાલાવાડ રોડ પર ભવ્ય શિખરબદ્ધ મંદિર રચીને એક નૂતન નજરાણાની ભેટ આપી છે. છેલ્લાં ૨૦ વર્ષોથી સમાજમાં સત્સંગ, સંસ્કાર અને સેવાની ભાગીરથી બનેલું આ મંદિર રાજકોટવાસીઓની ધડકન સમાન બન્યું છે. એ મંદિરના દ્વિદશાબ્દી મહોત્સવે સૌનાં હૈયાં થનગની રહ્યાં છે તે ભાવને રજૂ કરતું *'જય જય રાજકોટ મંદિરની, જય જય દ્વિદશાબ્દીની'* નૃત્ય રજૂ કરીને બાળ-યુવા વૃંદે ભવ્ય અંજલિ અર્પી હતી.

રાજકોટના સત્સંગની ગાથા ગાતી આ નૃત્યનાટિકાનું લેખન શ્રી જયેન્દ્રભાઈ વીંછીએ કર્યું હતું. જેની રજૂઆત રાજકોટ અને ગોંડલના ૧૮૦ જેટલા બાળ-યુવાવૃંદે કરી હતી. આ અવસરે શ્રી રાહુલ ગુપ્તા (કલેક્ટરશ્રી, રાજકોટ), શ્રી આર. જે. માંકડિયા (કલેક્ટરશ્રી, મોરબી), શ્રી મૌલેશભાઈ ઉકાણી (ઉદ્યોગપતિ, રાજકોટ) વગેરે મહાનુભાવો પણ ઉપસ્થિત હતા.

મહંત સ્વામી મહારાજે આશીર્વચનો પાઠવતાં જણાવ્યું: 'બી.એ.પી.એસ. સંસ્થાની દેશપરદેશમાં અનેક પ્રવૃત્તિઓ ચાલે છે. સ્કૂલ, હૉસ્ટેલ, દવાખાનાં એવી ઘણી પ્રવૃત્તિ છે. આ બધી જ પ્રવૃત્તિઓ દેખાવ માટે નથી. સાચા ભાવથી થાય છે. આમ છતાં, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજના મનમાં ઉપાસના મુખ્ય હતી. પ્રવૃત્તિ ધમધોકાર ચાલે પણ ગુરુઓના મનમાં તો ઉપાસના જ હતી. શાસ્ત્રીજી મહારાજ કહેતા કે આપણે અક્ષરપુરુષોત્તમ માટે જ મુંડાવ્યું છે. શાસ્ત્રીજી મહારાજ અને ગુણાતીત ગુરુઓના જીવનમાં અનેક કષ્ટો આવ્યાં છે, છતાં તેઓ ઉપાસનાનો મુદ્દો ચૂક્યા નથી. બીજા સાઇડ ટ્રેક થઈ જાય, પણ આપણા ગુરુઓ ઉપાસનાને ભૂલ્યા નથી.

આપણો અવતાર અક્ષરપુરુષોત્તમને ઓળખવા માટે જ થયો છે. આપણી પ્રવૃત્તિ ચાલતી રહે છે, પણ મુદ્દો ઉપાસના છે. આજ્ઞા અને ઉપાસનાનું ચાલ્યું છે અને ચાલશે જ. શાસ્ત્રીજી મહારાજે કહ્યું કે સત્પુરુષ પૃથ્વી પરથી ક્યારેય જતા જ નથી. આ મુદ્દો આપણે ચૂકવાનો નથી. આપણે આજ્ઞા-ઉપાસનાની વાત મુખ્ય રાખવી. બીજી બધી પ્રવૃત્તિ કરવી, પણ ઉપાસના મુખ્ય રાખવી.'

આમ, રાજકોટ નગરની સત્સંગગાથા ગાતી આ નૃત્યનાટિકા સૌ માટે ઇતિહાસનાં પ્રેરણાસભર પૃષ્ઠોની સદા સ્મરણીય યાત્રા કરાવનારી બની રહી.

## ■ શ્રી સ્વામિનારાયણ મહાયજ્ઞ

વિક્રમ સંવત ૨૦૭૫, માગસર સુદ ૩ ને સોમવાર, તા. ૧૦-૧૨-૨૦૧૮નો શુભ દિન સૌરાષ્ટ્રના હૃદય સમા રાજકોટ મહાનગર માટે અવિસ્મરણીય બની રહ્યો હતો. કારણ હતું – સૌરાષ્ટ્રની ધરા પર સૌથી મોટા ત્રિદિવસીય સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયાગનો શુભારંભ.

છેલ્લા કેટલાય સમયથી આ ભવ્ય મહાયજ્ઞમાં શામિલ થવા માટે સૌ થનગની રહ્યા હતા. નાતજાતના ભેદભાવ વગર રાજકોટ મહાનગર ઉપરાંત સમગ્ર સૌરાષ્ટ્ર પ્રદેશ અને અમદાવાદ, સુરત, વડોદરા વગેરે શહેરોના તેમજ વિદેશથી પધારેલા હરિભક્તો મહાયાગના યજમાન બન્યા હતા. ત્રિ-દિવસીય મહાયાગના પ્રથમ દિને સૌ યજમાનો વહેલી સવારે નવાં વસ્ત્રોમાં સજ્જ બની પોતપોતાના કુંડ પર

બિરાજ્યા હતા. પ્રત્યેક કુંડ પર ઠાકોરજીની મૂર્તિ સાથે પૂજાસામગ્રી ગોઠવામાં આવી હતી. ૪૬૫ X ૫૨૦ વિસ્તારમાં પથરાયેલી વિશાળ યજ્ઞશાળા કેળસ્તંભો, ખજૂરી અને રંગબેરંગી તોરણોથી શોભી રહી હતી. યજ્ઞમંડપમ્‌ના મધ્યમાં મુખ્ય પીઠ પર મુખ્ય કુંડ અને અન્ય ૮ ઉપકુંડની રચના કરવામાં આવી હતી. ધરા પર ૫૨૦ યજ્ઞકુંડ બનાવવામાં આવ્યા હતા. મધ્યે યજ્ઞવેદીની પ્રતિકૃતિમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની મૂર્તિઓ યાંત્રિક રીતે ચક્રાકાર ઘૂમીને સૌ પર કૃપાદૃષ્ટિ વરસાવી રહી હતી. મુખ્ય કુંડ પર યજમાન યુગલોએ સુશોભિત પદ્માકારના અષ્ટદલીય કુંડ પર વિરાજીને યજ્ઞનો લાભ પ્રાપ્ત કર્યો હતો. ગોબર-માટીથી લીંપાયેલા યજ્ઞકુંડ અને ઠેર ઠેર જવારાથી યજ્ઞશાળા સુશોભિત થઈ ઊઠી હતી.

પ્રથમ દિને બ્રાહ્મમુહૂર્તમાં કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ વેદોક્ત વિધિ અનુસાર ઠાકોરજીની પાવન નિશ્રામાં યજ્ઞનો પ્રારંભ કરાવ્યો. બ્રહ્મદેવોના મુખેથી ઉચ્ચારાતી વૈદિક ઋચાઓથી યજ્ઞશાળામાં દિવ્યતાનું વાતાવરણ છવાઈ ગયું હતું. આ યજ્ઞની નોંધપાત્ર બાબત એ હતી કે તાજેતરમાં મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી રચાયેલી સ્વામિનારાયણ મહાપૂજાથી યજ્ઞવિધિ કરવામાં આવ્યો હતો. સાથે સાથે સહજાનંદ નામાવલિના પાઠથી યજ્ઞશાળામાં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો બ્રહ્મનાદ ગુંજી ઊઠ્યો હતો.

ત્રિ-દિવસીય મહાયાગના પ્રત્યેક દિને મહંત સ્વામી મહારાજે યજ્ઞશાળાના મુખ્ય મંચ પર પધારીને યજ્ઞપ્રારંભનો પૂજનવિધિ કર્યો હતો. ઠાકોરજીનું પૂજન, આરતી, શુભ સંકલ્પોની પરિપૂર્તિ માટે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન, અક્ષતવર્ષા, મંત્રપુષ્પાંજલિ બાદ સૌ પર રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ વિધિમાં સ્વામીશ્રીની સાથે વરિષ્ઠ સંતો પણ જોડાયા હતા. સાથે કેટલાક મહાનુભાવોએ પણ યજ્ઞનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

પ્રથમ દિને સૌ પર આશીર્વર્ષા કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું, ‘યજ્ઞમાં બેસનારા બધાં તને-મને-ધને સુખી થાય, બધાના સંકલ્પો પૂરા થાય એ પ્રાર્થના. શ્રીજીમહારાજ પોતે આ યજ્ઞમાં વિરાજમાન છે. આ કલ્પના બહારની વાત છે. સર્વ અવતારના અવતારી શ્રીજીમહારાજ પોતે પધાર્યા સૌને સુખી કરવા, મોક્ષ આપવા. માટે અલમસ્ત આનંદમાં રહેવું. પ્રાપ્તિ બહુ મોટી છે. આ યજ્ઞ કરીએ એ બધાનો મૂળ હેતુ સૌના સંકલ્પો પૂર્ણ થાય એ જ છે.’ આમ, પ્રત્યેક દિને યજ્ઞશાળામાં પધારીને પૂજનવિધિ બાદ સ્વામીશ્રીએ સૌના શુભ સંકલ્પો પરિપૂર્ણ થાય એવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આશીર્વાદની સમાપ્તિ બાદ સ્વામીશ્રીએ કલાત્મક રથમાં બિરાજી, યજ્ઞશાળાના ગમનપથ પરથી પસાર થઈ સૌને સમીપ દર્શનનો અલભ્ય લાભ આપ્યો હતો. સ્વામીશ્રી

તા. ૧૦ થી ૧૨ ડિસેમ્બર, ૨૦૧૮ દરમ્યાન ત્રિદિવસીય વિશ્વશાંતિ મહાયાગ યોજાયો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે નિત્ય પધારીને યજ્ઞનારાયણનું પૂજન કરીને ૧૫,૮૦૦ જેટલા યજમાનોને અંતરના આશિષ પાઠવ્યા...







પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા આરંભાયેલા ત્રિદિવસીય વિશ્વશાંતિ મહાયાગમાં ૫૨૯ યજ્ઞકુંડ પર ૧૫,૮૦૦ કરતાં વધુ યજમાન યુગલોએ કુલ ૩૮,૦૦,૦૦૦ આહુતિ અર્પી ધન્યતા અનુભવી...

અને સૌ સંતો યજ્ઞશાળામાંથી વિદાય થયા બાદ યજ્ઞના શેષવિધિને અનુસરતા સૌ યજમાન યુગલોએ યજ્ઞનારાયણને આહુતિ અર્પી હતી.

સંસ્થાના વિદ્વાન સંતો પૂજ્ય શ્રુતિપ્રકાશદાસ સ્વામી અને અનિર્દેશદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ શાસ્ત્રી મૂકેશભાઈ, વાસુદેવભાઈ અને સહાયક પુરોહિતોએ યજ્ઞવિધિ કરાવ્યો હતો. બી.એ.પી.એસ. સંસ્કૃત વિદ્યાલય સારંગપુરના છાત્રો તથા ભૂદેવો ૫૨૯ કુંડો પર યજ્ઞવિધિમાં સહાયક બન્યા હતા.

ત્રિ-દિવસીય મહાયજ્ઞવિધિમાં પ્રત્યેક દિને ૫૨૯ યજ્ઞકુંડ પર કુલ ૫૨૬૯ યજમાનો બિરાજ્યા હતા. આમ ત્રણ દિવસ દરમ્યાન કુલ ૧૫,૮૦૭ યજમાનોએ ૩૮ લાખ આહુતિ યજ્ઞનારાયણને અર્પણ કરી હતી. આ વિશ્વશાંતિ મહાયજ્ઞમાં સંતોના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકોએ ખૂબ જ સુંદર રીતે વ્યવસ્થા કરીને યજ્ઞને સફળ બનાવ્યો હતો.

## ■ કીર્તન-આરાધના

રાજકોટને આંગણે સ્વામિનારાયણ નગરમાં વિવિધ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોની અવિરત શૃંખલા રચાઈ હતી. એ જ શૃંખલામાં અષ્ટમ દિન તા. ૧૨-૧૨-૨૦૧૮ની સંધ્યાએ કીર્તન-આરાધનાનો કાર્યક્રમ યોજાયો હતો. બી.એ.પી.એસ. સંસ્થાના સંગીતજ્ઞ સંતો તથા યુવકોએ સુરીલા કંઠે કીર્તનગાન કરીને સૌને ભક્તિભીના કર્યા હતા. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની જીવનભાવનાને વર્ણવતાં સુમધુર ભક્તિપદોનું શ્રવણ કરીને સૌ ગુરુભક્તિ અને ગુરુસ્મૃતિઓમાં ગરકાવ થયા હતા. કીર્તનભક્તિના આ કાર્યક્રમને આદર્શજીવનદાસ સ્વામીએ એકસૂત્રતામાં બાંધ્યો હતો. ઉલ્લેખનીય છે કે રાજકોટ બી.એ.પી.એસ. મહિલાપાંખે સમગ્ર વર્ષ દરમ્યાન રાજકોટના પરાંવિસ્તારો અને આજુબાજુનાં ગામડાંઓમાં ૩૩૫ કીર્તનભક્તિ કરીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે એક વિશિષ્ટ ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યું હતું.

આજે પૂજ્ય નિખિલેશ્વરાનંદજી (અધ્યક્ષ, રામકૃષ્ણમિશન, રાજકોટ), પૂજ્ય પરમાત્માનંદ સરસ્વતીજી (આર્ષ વિદ્યામંદિર, મુંજકા) વગેરે સંતો તથા ડો. બળવંતભાઈ જાની (કુલપતિ, ડો. હરિસિંહ ગોર વિશ્વવિદ્યાલય, સાગર, મધ્યપ્રદેશ), શ્રી કે. આર. શ્રીરામ (પ્રિન્સિપલ, એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત), શ્રી અશોકકુમાર ઉપાધ્યાય (જનરલ મૅનેજર, બી.એસ.એન.એલ.) વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વરિષ્ઠ સંતોએ સંતો અને મહાનુભાવોને સન્માનિત કર્યા બાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સૌને સ્મૃતિભેટ અર્પણ કરીને સૌને કૃપાશિષ પાઠવ્યા હતા.

પૂજ્ય પરમાત્માનંદ સ્વામીએ જણાવ્યું કે 'ભગવાન સર્વ વ્યાપી છે છતાં અતિ દુર્લભ છે. એમ સંતપુરુષ મળવા અતિ દુર્લભ છે. અને એમનામાં ગુરુબુદ્ધિ થવી અતિ દુર્લભ છે. આપ સૌ બહુ પુણ્યશાળી છો. પ્રમુખસ્વામી મહારાજ, મહંત સ્વામીજી મહારાજ જેવા સંતમાં આપ સૌને ગુરુબુદ્ધિ છે, શરણાગતિ છે. ઈશ્વરની પરમ કૃપા શું? તો ઈશ્વરે આપણને સંતનાં દર્શન કરાવ્યાં, આપણા હૃદયમાં સંત પ્રત્યે ગુરુબુદ્ધિ પ્રગટ કરી. ત્યારપછી મોક્ષ પ્રાપ્ત કરાવવાનું કામ સંતનું છે. ગુરુકૃપા દ્વારા જ શાસ્ત્રકૃપા પ્રાપ્ત થાય, મોક્ષ પ્રાપ્ત થાય.




૧૧ દિવસીય જન્મજયંતી મહોત્સવમાં પ્રમુખસ્વામી મહારાજને ભાવવંદના કરવા માટે સંતો-મહાનુભાવો પણ સ્નેહપૂર્વક પધાર્યા.
મહોત્સવના મંચ પર સ્વામી શ્રી નિખિલેશ્વરાનંદજી, સ્વામી પરમાત્માનંદ સરસ્વતીજી વગેરે આદરણીય સંતો...

આપ સૌનાં પુણ્ય ખૂબ છે. એટલે ગુરુબુદ્ધિ પણ થઈ અને ખૂબ નિષ્ઠાથી આપ સૌ સેવા કરી રહ્યા છો. આમ તો બી.એ.પી.એસ.નો એક ટ્રેડમાર્ક લાગી ગયો છે કે તેનો કાર્યક્રમ નાનો હોય જ નહીં. પાંચસો-હજારની નહીં, પરંતુ લાખોની જ વાત હોય. સ્વયંસેવકો પણ હજારોમાં જ હોય. એ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ છે. આવા સમાજને ઉપયોગી સુંદર કાર્યક્રમો બી.એ.પી.એસ. દ્વારા દેશ-વિદેશમાં થાય છે. આ રીતે દુનિયાના સર્વ ખંડોમાં આવા સુંદર કાર્યક્રમો થતા રહે એ જ પ્રાર્થના.'

કુલપતિ શ્રી ડૉ. બળવંતભાઈ જાનીએ વાકપુષ્પાંજલિ અર્પતાં કહ્યું: 'આજે સ્વામિનારાયણ સંપ્રદાયનાં મંદિરોના ઉન્નત શિખરોની ધજા સમગ્ર વિશ્વમાં તેજ ફેલાવી રહી છે. ઉત્તમ સંતોની એક પરંપરા ઊભી કરીને સહજાનંદ સ્વામીએ ગુનાહિત માનસવાળા લોકોને ભક્તિમાર્ગે વાળીને સદ્‌મનુષ્યો બનાવ્યા. સદાચારની, પ્રેમની, સદ્‌ભાવની જે ગંગા લહેરાવી તેનું પરિણામ આજે આ પ્રમુખસ્વામી મહારાજ પ્રેરિત આખા પંથમાં જોવા મળે છે. મને ખૂબ આનંદ છે કે આપણે એમ નહીં કહી શકીએ કે અમે સહજાનંદ સ્વામી મહારાજને જોયા નથી. પણ આપણે એમ કહી શકીશું કે અમે પ્રમુખસ્વામી મહારાજને જોયા હતા. એમનો ધબ્બો ખાધો હતો. અમે તેમના સમકાલીન હતા. કોઈના સમકાલીન હોવાનું ગૌરવ લઈ શકાય એવા સંતો બહુ ઓછા છે. અહીં પ્રમુખસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં એક વખત મેં વ્યાખ્યાન આપેલું. તે વખતે પ્રમુખસ્વામી મહારાજે કહેલું કે ભલે કુલપતિ રહ્યા પણ તેઓ કુલપતિના કુલપતિ થવાના છે! અને એ સાક્ષાત્ આશીર્વાદ આજે સાચા પડ્યા છે. એ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની કૃપા છે. મારા જીવનની સદ્‌ભાગ્યની ક્ષણ છે કે તેમનાં સાક્ષાત્ દર્શનનો, અનુકંપાનો લાભ મળ્યો છે.'

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આશીર્વર્ષા કરતાં કહ્યું: 'પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની સાધુતા ગજબની હતી. ભગવાનને ધારેલા પુરુષ હતા. તેમણે સાધુતામાં રહીને કાર્ય કર્યું છે. સાધુતા એટલે ભગવાન. ભગવાન સામે રાખીને કાર્ય કર્યું છે. બધાને પ્રમુખસ્વામીનો અનુભવ છે. તેમણે સાધુતાના રંગે આખી દુનિયા ડોલાવી છે. અતિ નિસ્વાર્થ ભાવે બધાને મદદ કરી છે. તેમના યોગમાં જે જે આવતા તે બધાએ અનુભવ્યું છે.'

## ■ ભાગવતી દીક્ષા સમારોહ

તા. ૧૩-૧૨-૨૦૧૮ના રોજ રાજકોટની પાવન ધરા પર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પાવન નિશ્રામાં દીક્ષા સમારોહનો માંગલિક અવસર યોજાયો હતો. આ પ્રસંગે ભાગવતી દીક્ષા પ્રાપ્ત કરી ગુરુહરિનાં ચરણે જીવન સમર્પિત કરવા થનગનતા ૩૫ પાર્ષદોના હૈયે અનેરો ઉત્સાહ-ઉમંગ અનુભવાતો હતો. પોતાના વહાલસોયા લાડકવાયાને સ્વામીશ્રીનાં ચરણોમાં અર્પણ કરી ચૂકેલા વાલીઓ અને સગાં-સ્નેહીઓનાં હૈયાંમાં પણ અનેરો ઉમંગ હતો.

વહેલી સવારે માંગલિક મુહૂર્તમાં પ્રમુખસ્વામી મંડપમ્‌માં અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુવર્યોની છત્રછાયા તથા શ્રી હરિકૃષ્ણ મહારાજની પાવન ઉપસ્થિતિમાં દીક્ષાનો

પ્રાથમિક મહાપૂજાવિધિ આરંભાયો. કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી અને ત્યાગવલ્લભદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સ્વામિનારાયણ મહામંત્રના ગાન સાથે આરંભાયેલા પૂર્વાર્ધ મહાપૂજાવિધિમાં મુખ્ય મંચ પર દીક્ષાર્થીઓ અને નીચે તેઓના વાલીઓ પૂજાવિધિને અનુસરતા હતા. સંતોના કંઠેથી ઉચ્ચારાતી મહાપૂજાથી વાતાવરણમાં અનેરી દિવ્યતા છવાઈ ગઈ હતી. અંતે સહજાનંદ નામાવલિના પાઠ, યજ્ઞોપવીત પૂજનવિધિ, શુભ સંકલ્પોની પરિપૂર્તિ માટે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન, આરતી અને મંત્રપુષ્પાંજલિ જેવી વૈદિક પૂજનવિધિઓએ સૌને ભક્તિભીના કર્યા હતા.

મહાપૂજાના પૂર્વાર્ધવિધિ બાદ પૂજ્ય આત્મતૃપ્તદાસ સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, પૂજ્ય ડૉક્ટર સ્વામી વગેરેએ પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યાં હતાં.

ત્યારબાદ દીક્ષાનો ઉત્તરાર્ધવિધિ આરંભાયો. પાર્ષદો પુનઃ મંચ પર પધારી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સમક્ષ આસનસ્થ થઈ વિધિમાં જોડાયા. સ્વામીશ્રીએ વિધિને અનુસરતા સર્વે દીક્ષાર્થીઓને યજ્ઞોપવીત વિધિ કરાવ્યો. ચંદન-અક્ષતથી યજ્ઞોપવીતનું પૂજન કરી, કરમાં યજ્ઞોપવીત ધારણ કરી સ્વામીશ્રીએ તમામ દીક્ષાર્થીઓને યજ્ઞોપવીત ધારણ કરાવ્યું.

હવે, મુખ્ય દીક્ષામંત્રનો વિધિ આરંભાયો. તમામ દીક્ષાર્થીઓ પાર્ષદ નામાનુસાર ક્રમશ મંચ પર આવવા લાગ્યા. પ્રારંભમાં ઈશ્વરચરણદાસ સ્વામી કંઠી, ત્યાગવલ્લભદાસ સ્વામી ઉપવસ્ત્ર, કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી પાઘ ધારણ કરાવતા હતા. સ્વામીશ્રી 'અક્ષરં અહં પુરુષોત્તમદાસોસ્મિ' ગુરુમંત્ર આપી દીક્ષા પ્રદાન કરતા હતા. ત્યારપછી ડૉક્ટર સ્વામી પ્રાસાદિક પુષ્પ અને વિવેકસાગરદાસ સ્વામી અને ઘનશ્યામચરણદાસ સ્વામી પ્રસાદ અર્પતા હતા. આ સાથે જ નારાયણમુનિદાસ સ્વામી, સ્વામીશ્રી દ્વારા અપાયેલા દીક્ષિત નામની ઘોષણા કરી પોતાની લાક્ષણિક શૈલીમાં 'જય સ્વામિનારાયણ' કહેતા હતા. આ નવદીક્ષિતોને સૌ સભાજનોએ હર્ષોલ્લાસ સાથે તાળીનાદથી વધાવ્યા હતા.

દીક્ષાવિધિ બાદ સૌ પર કૃપાવર્ષા વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'આજે યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ ખૂબ રાજી થતા હશે. યોગીબાપા તો દરેક યુવકને આ જ વાત કરતા કે 'સાધુ થશો?' તેઓ યુવાનો સાધુ બને એવી ખૂબ ઇચ્છા રાખતા. તમે આ સેનામાં જોડાયા એટલે યોગીબાપા, પ્રમુખસ્વામી મહારાજ ખૂબ રાજી થશે. બધા હોંશે હોંશે સાધુ થયા છે. પણ એક વાત છે કે ભગવાન અને સંતમાં પ્રીતિ રહેશે અને સાથે દૃઢ નિષ્ઠા હશે તો પાર પડી જવાશે. આપણે અનંત જન્મ લીધા છે, ઘણી ધામધૂમ કરી છે. કોઈ રીતે પાર પડ્યું નથી. પણ ભગવાન અને સંતમાં વિશ્વાસ અને દૃઢ નિશ્ચય રાખીએ તો પાર પડી જવાશે. ભગવાન અને સંતનો રાજીપો લેવો એમાં બધું આવી ગયું. દીક્ષા લેનારનાં માતાપિતાને પણ ધન્યવાદ છે, કેટલાકે તો

જન્મજયંતી મહોત્સવ પ્રસંગે દેશ-વિદેશના સુશિક્ષિત ૩૫ નવયુવાનોએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે ભાગવતી દીક્ષા ગ્રહણ કરીને જીવન સમર્પિત કર્યું અને પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે ભાવ-અર્ઘ્ય અર્પ્યું...



પોતાના એકના એક પુત્ર અર્પણ કર્યા છે. પિતા તો દૂરથી પણ પોતાના પુત્રને પગે લાગી શકશે. પરંતુ માતાઓએ તો જીવનભર પોતાના પુત્રને મળવાનું નથી, એમનો ત્યાગ ખૂબ મોટો છે. સૌ પર શ્રીજીમહારાજ કૃપા કરે એ જ પ્રાર્થના.'

આશીર્વાદની સમાપ્તિ બાદ નવદીક્ષિતોના વાલીઓએ સ્વામીશ્રી પાસે પધારી સમીપદર્શન-આશિષનો લાભ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી. સૌ વાલીઓને મળતાં મહંત સ્વામી મહારાજ ખૂબ લાગણીભીના બન્યા હતા. આથી વાલીઓને મળ્યા બાદ પુનઃ માઈક હાથમાં લઈને તેઓએ વાલીઓના આ ત્યાગને બિરદાવ્યો હતો. અંતમાં ઊપડતી લયનાં કીર્તનોના તાલે નવદીક્ષિત સંતોએ ભક્તિનૃત્ય કરી સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિ ઝીલી હતી. સૌના પ્રેમને વશ થઈને સંતોના રાસવર્તુળમાં વચ્ચે પધારીને સ્વામીશ્રીએ સૌને અનોખી સ્મૃતિ આપી હતી.

આજે દીક્ષા પ્રાપ્ત કરનાર ૩૫ પૈકી ૧૪ યુવકો પોતાનાં માતાપિતાના એકના એક પુત્ર હતા. ૮ યુવકો પરદેશના હતા. દેશ-વિદેશમાં એન્જિનિયરિંગ અને મૅડિકલ સાયન્સ જેવી વિવિધ શાખાઓમાં ગ્રેજ્યુએટ કે પોસ્ટ ગ્રેજ્યુએટ પદવી પ્રાપ્ત કરેલા આ નવદીક્ષિતોએ સ્વામીશ્રીની ભગવી સેનામાં જોડાઈને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને સાચા અર્થમાં પોતાની જીવન-અંજલિ અર્પી હતી.

## ■ હાસ્ય સંગત

સ્વામિનારાયણ નગરમાં તા. ૧૩-૧૨-૨૦૧૮ના રોજ સંધ્યાસભામાં લોકસાહિત્ય અંતર્ગત પ્રસિદ્ધ હાસ્યકલાકાર શ્રી સાંઈરામ દવે તથા શ્રી સુખદેવ ધામેલિયાએ પોતાની આગવી શૈલીમાં હાસ્યની હેલી વરસાવી હતી.

૭-૧૫ વાગ્યે પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અહંશૂન્ય જીવનનાં વિવિધ પાસાંઓ વિષયક પ્રેરક પ્રવચનનો લાભ આપ્યો હતો. ત્યારબાદ કલાકારોએ સ્વામીશ્રી સાથેનાં દિવ્ય સંસ્મરણો તાજાં કરીને સૌ સભાજનોને આનંદરસમાં તરબોળ કર્યા હતા.

આ પ્રસંગે શ્રી ધનજીભાઈ પટેલ (ધારાસભ્ય), શ્રી સી. બી. જાડેજા (કુલપતિ, ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણજી વર્મા કચ્છ યુનિવર્સિટી), શ્રી એ. આર. પાઠક (કુલપતિ, કૃષિ યુનિવર્સિટી જૂનાગઢ), શ્રી પ્રફુલ્લભાઈ હદવાણી (ગોપાલ નમકીન), શ્રી અરવિંદ બબ્બલ (જાણીતા દિગ્દર્શક) શ્રી રાજુભાઈ ધ્રુવ (પૂર્વ

### ભાગવતી દીક્ષાર્થી નામાવલિ : દીક્ષાદિન તા. ૧૩-૧૨-૨૦૧૮, માગશર સુદ ૬, ગુરુવાર

| પાર્ષદ નામ | નવદીક્ષિત નામ | પાર્ષદ નામ | નવદીક્ષિત નામ |
|---|---|---|---|
| ધનંજય ભગત (રાજકોટ) B.Tech (IT) | સાધુ સુહૃદયદાસ | નામદેવ ભગત (સુરત) Dip. Eng. | સાધુ કૌશલમૂર્તિદાસ |
| દુષ્યંત ભગત (રાજકોટ) M.Com. | સાધુ ગુણમુનિદાસ | દશરથ ભગત (સુરત) B.C.A. | સાધુ નિર્મલશ્લોકદાસ |
| શુકદેવ ભગત (રાજકોટ) LLB | સાધુ વિરાગકુશલદાસ | નૈષધ ભગત (સુરત) | સાધુ દિવ્યવંદનદાસ |
| જનક ભગત (સુરત) B.Arch. | સાધુ વેદકીર્તિદાસ | ગૌરાંગ ભગત (પૂના, મહારાષ્ટ્ર) B.E. | સાધુ નિર્માનચરિતદાસ |
| અનિરુદ્ધ ભગત (પોર્ટલેન્ડ, યુ.એસ.એ.) B.S. | સાધુ અચલસ્વરૂપદાસ | હરિશ્ચંદ્ર ભગત (સુરત) B.E. | સાધુ ઉજ્જ્વલમુનિદાસ |
| અંશુમાન ભગત (હ્યુસ્ટન, યુ.એસ.એ.) B.S. | સાધુ સ્મિતવદનદાસ | સુજાત ભગત (બોરસદ, આણંદ) M.Com. | સાધુ ઉદારમુનિદાસ |
| જનમેજય ભગત (રાજુલા, અમરેલી) B.E. | સાધુ ઉત્તમમુનિદાસ | શ્રવણ ભગત (સુરત) | સાધુ વિરાગમુનિદાસ |
| રામાનુજ ભગત (પોગલુ, સાબરકાંઠા) M.E. | સાધુ યોગીસંકલ્પદાસ | સગર ભગત (કિલ્લાપારડી, વલસાડ) M.Sc. | સાધુ કિશોરરાજદાસ |
| પુરંજન ભગત (મુંબઈ) B.E., M.B.A. | સાધુ પ્રબુદ્ધયોગીદાસ | પરીક્ષિત ભગત (સુરત) B.Com | સાધુ શોભિતમુનિદાસ |
| વિભીષણ ભગત (ટોરન્ટો, કેનેડા) B.S. | સાધુ પ્રગાધમુનિદાસ | ભગીરથ ભગત (સુરત) S.Y.B.Com | સાધુ કૈવલ્યમુનિદાસ |
| વિરાટ ભગત (એડિસન, યુ.એસ.એ.) B.S. | સાધુ કૌશલનિધિદાસ | પાર્થ ભગત (ડેમોલ, આણંદ) B.C.A. | સાધુ ચૈતન્યવિવેકદાસ |
| સહદેવ ભગત (ન્યૂયોર્ક, યુ.એસ.એ.) B.S. | સાધુ અભયતિલકદાસ | પુંડરિક ભગત (ભુજ, કચ્છ) ITI | સાધુ મુનિરત્નદાસ |
| અભિમન્યુ ભગત (એલ.એ., યુ.એસ.એ.) B.S. | સાધુ આનંદચિંતનદાસ | સુધન્વા ભગત (સુરત) B.E. | સાધુ તત્ત્વવિવેકદાસ |
| યુધિષ્ઠિર ભગત (એલ.એ., યુ.એસ.એ.) B.A. | સાધુ શાંતનિલયદાસ | કદરજ ભગત (સુરત) | સાધુ ભક્તિતનુજદાસ |
| ભાસ્કર ભગત (એટલાન્ટા, યુ.એસ.એ.) B.S. | સાધુ યોગવર્ધનદાસ | એકલવ્ય ભગત (ઉમલ્લા, ભરૂચ) B.A. | સાધુ શુદ્ધમુનિદાસ |
| પૃથુ ભગત (કોસંબા, વલસાડ) B.Tech | સાધુ સુબોધમુનિદાસ | સુનંદ ભગત (અમદાવાદ) B.E. | સાધુ આર્ષમુનિદાસ |
| વિનાયક ભગત (બીલીમોરા, નવસારી) M.Com. | સાધુ પરમનિલયદાસ | અંબરીષ ભગત (બીલીમોરા, નવસારી) B.Com. | સાધુ અક્ષરનિષ્ઠદાસ |
| જયદેવ ભગત (જામનગર) M.C.A. | સાધુ ગુણવર્ધનદાસ | | |

પ્રમુખ, યાત્રાવિકાસ બોર્ડ) તથા શ્રી દલસુખભાઈ જાગાણી વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પાસેથી મહાનુભાવોએ સ્મૃતિ ભેટ સ્વીકારી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

મહાનુભાવોનાં સંબોધનો બાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના હાસ્યસભર પ્રસંગો વર્ણવીને આનંદનું મોજું પ્રસરાવી દીધું હતું.

## ■ મંદિર દ્વિદશાબ્દી પાટોત્સવ

આજથી ૨૦ વર્ષ પૂર્વે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે રાજકોટ શહેરને અદ્ભુત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની ભેટ આપીને શહેરમાં આધ્યાત્મિક આંદોલનો પ્રસરાવ્યાં છે. પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મ જયંતી મહોત્સવની ઉજવણી દરમ્યાન રાજકોટના આ બી.એ.પી.એસ. મંદિરનો દ્વિદશાબ્દી ઉત્સવ પણ ભક્તિભાવ-પૂર્વક ઊજવાયો હતો.

રાજસ્થાનના ગુલાબી પથ્થરોમાંથી નિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં સતત બે દિવસ સુધી વૈદિક વિધિને અનુસરીને દ્વિદશાબ્દી પાટોત્સવનો અદ્ભુત અભિષેકવિધિ કરવામાં આવ્યો હતો. પારમેશ્વર પંચરાત્ર સંહિતામાં વર્ણવાયેલા ૨૦૦ કળશથી 'ઉત્તમોત્તમ સ્નપન' નામના મહાઅભિષેકનું આયોજન થયું હતું.

મંદિરના મધ્યખંડમાં બિરાજમાન ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી એટલે કે અક્ષરપુરુષોત્તમ મહારાજની સવિશેષ પ્રસન્નતા સૌ પર વરસે, સૌની શ્રદ્ધા અભિવૃદ્ધિ થાય તથા પૂજા દરમ્યાન થયેલી ક્ષતિઓના નિવારણ અર્થે આ શાસ્ત્રીય અભિષેકવિધિ યોજવામાં આવ્યો હતો. આ ૨૦૦ કળશના અભિષેકમાં પુષ્પોના રસ, ઔષધિઓ, રત્નો, પંચગવ્ય, મધ વગેરે તૈયાર કરવા માટે મુંબઈના વૈદ્ય દીપકભાઈએ યોગદાન આપ્યું હતું.

આ અભિષેકનો પૂર્વવિધિ મંદિર ખાતે યોગી સભાગૃહમાં તા. ૧૩-૧૨-૨૦૧૮ના અપરાહ્‌ને ત્રણ વાગ્યાથી આરંભવામાં આવ્યો હતો. ૨૦૦ જેટલા યજમાનોએ તેમાં ભાગ લીધો હતો. મહાપૂજા, પુણ્યાહવાચન સાથે પાત્ર-આસાદન વગેરે વિધિ કરવામાં આવ્યો હતો. સાંજે વરિષ્ઠ સંતોના હસ્તે કળશોમાં સ્થાપિત કરેલા દેવોનું ષોડશ ઉપચારથી પૂજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર વિધિમાં ચારેય વેદના વિદ્વાનોએ સસ્વર વૈદિક મંત્રોનો નાદ કર્યો હતો. જેમાં - જેમને સમગ્ર ઋગ્વેદની સંહિતા કંઠસ્થ છે એવા શ્રી ઓમકાર શાસ્ત્રી કાકડે, યજુર્વેદના પ્રકાંડ વિદ્વાન શ્રી ઋદ્રેશભાઈ જોશી, સામવેદનું સસ્વર ગાન કરનારા વિદ્વાન શ્રી તેજસભાઈ ત્રિવેદી અને અથર્વવેદના પ્રકાંડ વિદ્વાન શ્રી દર્શનભાઈ વ્યાસે ચારેય વેદના મંત્રો ગુંજાવ્યા હતા. પૂજ્ય શ્રુતિપ્રકાશદાસ સ્વામી તથા સંસ્થાના પુરોહિત

ગુજરાતના જાણીતા લોકસાહિત્યકાર શ્રી સાંઈરામ દવે અને શ્રી સુખદેવ ધામેલિયાએ પ્રમુખસ્વામી મહારાજને વંદના કરીને હાસ્યસંગત સાથે પ્રેરક રજૂઆતો દ્વારા સૌને આનંદરસમાં તરબોળ કર્યા...






પ્રમુખસ્વામી મહારાજ દ્વારા રાજકોટ ખાતે નિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના દ્વિદશાબ્દી મહોત્સવના ઉપક્રમે મહંત સ્વામી મહારાજના હસ્તે યોજાયો ૨૦૦ કળશનો 'ઉત્તમોત્તમ સ્નપન' શાસ્ત્રીય અભિષેકવિધિ...

શ્રી મૂકેશભાઈ શાસ્ત્રીએ આ સમગ્ર અભિષેક વિધિના સંયોજનમાં યોગદાન આપ્યું હતું.

તારીખ ૧૪-૧૨-૨૦૧૮ના મંગલ પ્રભાતે ૫-૪૫થી વરિષ્ઠ સંતો દ્વારા મૂર્તિઓનો પાટોત્સવ વિધિ આરંભાયો. અહીં પણ ચારેય વેદના મંત્રોથી વિધિ કરવામાં આવ્યો હતો. સવારે ૭-૩૫ વાગે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પધારીને 'ઉત્તમોત્તમ સ્નપન'માં વર્ણવેલી ૧૯૬ ઔષધિઓના સારરૂપે ૪ કળશથી મધ્યખંડમાં શ્રી ભગવાન સ્વામિનારાયણ, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, અક્ષરમુક્ત શ્રી ગોપાળાનંદ સ્વામી પર ભક્તિપૂર્ણ અભિષેક કર્યો હતો. ત્યારબાદ વરિષ્ઠ સંતો સહિત અન્ય સંતોએ વિવિધ વનસ્પતિના અર્કથી પૂર્ણ ૨૦૦ કળશથી ક્રમશઃ અભિષેક કર્યો હતો.

બરાબર ૯-૩૦ વાગ્યે રાજોપચાર વિધિનો આરંભ થયો. હરિભક્તો સુસજ્જ પરિવેશમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની વિશિષ્ટ પૂજા માટે આવી રહ્યા હતા. વિવિધ શણગારેલી છાબમાં પાઘ, વસ્ત્રો, મુગટ, આભૂષણો, યજ્ઞોપવીત હરિભક્તોએ અર્પણ કર્યાં હતાં. હરિભક્તોએ અર્પણ કરેલા ચંદનથી વરિષ્ઠ સંતોએ મૂર્તિઓને ભાલે તિલક કરી, અક્ષત-પુષ્પ-તુલસી-સૌભાગ્ય દ્રવ્યો અર્પણ કર્યાં. ત્યાર પછી હરિભક્તોએ પૂજાસામગ્રીમાં દીપ, નૈવેદ્ય, ફળો, સૂકો મેવો, દક્ષિણા, દર્પણ, પાદુકા, દંડ, ચામર વગેરે ઉત્સાહથી ચારે વેદોના ઉદ્‌ઘોષ સાથે અર્પણ કર્યાં. રાજોપચાર અંતર્ગત બાળકોએ નૃત્ય કરીને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને વધાવ્યા.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પધારીને અભિષેકની મહાઆરતી કરી પુષ્પાંજલિ અર્પણ કરી ત્યારે જયજયકારોથી વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું. સૌ યજમાનો પર કૃપાદૃષ્ટિ વરસાવીને મહંત સ્વામી મહારાજે સૌને આશિષ આપ્યા.

આમ, રાજકોટ મંદિરનાં વીસ વર્ષ નિમિત્તેના દ્વિદશાબ્દી મહોત્સવની ઉજવણી સૌ માટે ચિરંતન સ્મરણીય બની રહી.

## ■ લોકસાહિત્યની પ્રસ્તુતિ

તા. ૧૪-૧૨-૨૦૧૮ના રોજ પ્રમુખસ્વામી મહારાજ જન્મજયંતી મહોત્સવનો દસમો દિવસ હતો. આજની રાત્રી સભામાં અનિર્દેશદાસ સ્વામી અને સર્વમંગલદાસ સ્વામીના પ્રવચન બાદ ગુજરાતના લોકસાહિત્યના કલાકાર શ્રી રાજભા ગઢવીએ પોતાની કળા પ્રસ્તુત કરી હતી. આ અવસરે અનેક મહાનુભાવો પણ ઉપસ્થિત હતા. શ્રી માધવસિંહ દીવાન (ધર્મગુરુ અને રાજવી, બિલારા સ્ટેટ, રાજસ્થાન), શ્રી અમરસિંહજી (સાંસદ), શ્રી હંસરાજભાઈ ગજેરા (ચૅરમૅન, બિન અનામત આયોગ), શ્રી જયભાઈ વસાવડા (લેખક અને વક્તા), શ્રી બ્રિજેશભાઈ મિર્જા (ધારાસભ્ય), શ્રી ભરતભાઈ પટેલ (ધારાસભ્ય) વગેરે મહાનુભાવો ઉપસ્થિત હતા.

આ પ્રસંગે ઉપસ્થિત શ્રી માધવસિંહજી દીવાને પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું: 'હું જ્યારે નાનો હતો ત્યારે શાસ્ત્રીજી મહારાજની પાસે દર્શન કરવા આવતો. ત્યારબાદ યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજના (અનુસંધાન પૃષ્ઠ ૪૧ પર)




# વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ઉદ્‌ઘોષ સમારોહ

## પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા આરંભાયું વચનામૃત દ્વિશતાબ્દી વર્ષનું મહિમાવંતું પર્વ

વચનામૃત એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય પરાવાણી. વચનામૃત એટલે સકલ શાસ્ત્રોનો અર્ક.

વચનામૃત ગ્રંથમાં વિક્રમ સંવત ૧૮૭૬ના માગશર સુદ ચતુર્થીના દિનથી ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલા વચનામૃતોનો શુભારંભ થયો છે. ગ્રંથમાંનું એ પ્રથમ વચનામૃત ઉચ્ચારાયાને આ વર્ષે એટલે કે સંવત ૨૦૭૫માં ૧૯૯મું વર્ષ પૂર્ણ થઈ રહ્યું છે અને ૨૦૦મું વર્ષ બેસી રહ્યું છે. એ અવસરે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી સમગ્ર બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી થશે. સમગ્ર વર્ષ દરમ્યાન અનેકવિધ આયોજનો અને કાર્યક્રમો સાથે વચનામૃત દ્વિશતાબ્દીનું પર્વ ઊજવાશે. આ વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવનો ઉદ્‌ઘોષ સમારોહ યોજાયો - રાજકોટને આંગણે.

તા. ૧૧ ડિસેમ્બર, ૨૦૧૮, માગશર સુદ ચતુર્થીના દિને જ સ્વામિનારાયણ નગરમાં પ્રમુખસ્વામી મંડપમ્‌માં સાંજે ૭-૧૫થી ૯-૩૦ દરમ્યાન વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવનો ઉદ્‌ઘોષ સમારોહ યોજાયો હતો. 'ભગવાન શ્રી સ્વામિનારાયણની કરુણાવર્ષા વચનામૃત દ્વારા'ના મધ્યવર્તી વિચાર હેઠળ યોજાયેલો આ કાર્યક્રમ સૌ માટે પ્રેરણારૂપ હતો. આ કાર્યક્રમમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના વચનામૃતની વિશેષતા દર્શાવતી શૃંખલા રચાતી રહી અને સૌ શ્રીહરિને વંદન કરતા રહ્યા.



ભગવાન શ્રી સ્વામિનારાયણે આ ધરાતલ પર અવતરીને પોતાની દિવ્ય પરાવાણી દ્વારા સૌને સર્વોત્તમ આધ્યાત્મિક સિદ્ધાંત આપ્યો છે. વચનામૃતનો બોધ આપવામાં તેમણે દિવસ કે રાત જોયાં નથી. તેમને સ્થળનાં બંધનો નડ્યાં નથી. તેમણે વચનામૃતનું ઉદ્‌બોધન તો કર્યું, પણ સાથે સાથે તેઓએ સ્વયં જ માગશર સુદ



તૃતીયાને દિવસે લોયા ગામમાં આ વચનામૃતને પ્રમાણિત પણ કર્યાં. એ વચનામૃતનો પ્રમાણભૂત મહિમા સમજાવ્યો પૂજ્ય આત્મતૃપ્તદાસ સ્વામીએ.

વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે આધ્યાત્મિક માર્ગના પ્રત્યેક યાત્રિકને અક્ષરબ્રહ્મ દ્વારા પરબ્રહ્મ સુધી પહોંચવાનો શાશ્વત માર્ગ ચીંધ્યો છે. સાધનાનો પ્રકાર કોઈપણ હોય, કોઈએ જ્ઞાનનો માર્ગ લીધો હોય કે કોઈએ વૈરાગ્યનો માર્ગ લીધો હોય, કોઈએ સાંખ્ય કે યોગ જેવો માર્ગ લીધો હોય, પરંતુ ભગવાન સ્વામિનારાયણે સૌ કોઈ માટે અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ કરવાનો જ માર્ગ તર્કશુદ્ધ રીતે ચીંધ્યો છે. પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ તેની સુંદર છણાવટ કરી.

પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીએ વચનામૃત દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલી સ્વસ્વરૂપની ઓળખાણનું સુંદર વિશ્લેષણ કર્યું. ત્યારબાદ નૃત્યાંજલિ દ્વારા બાળ-યુવા વૃંદે વચનામૃત દ્વિશતાબ્દીનો જયજયકાર કર્યો. સંતોના ઉદ્‌બોધનની મધ્યમાં 'વરસી હરિની કૃપા અપાર, વચનામૃતરૂપે આ વાર' એ પંક્તિઓ દ્વારા બાળ-યુવાવૃંદે નૃત્ય કરીને મધ્યવર્તી વિચારને સતત ઘૂંટાવ્યો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં દર્શાવેલા પોતાના સિદ્ધાંત દ્વારા આત્યંતિક મુક્તિની કૂંચી બતાવી છે. સંત દ્વારા એ મુક્તિના એ શાશ્વત બોધ અંગે પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ ઉદ્‌બોધન કર્યું.

ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં અખંડ સુખ અને શાંતિનો માર્ગ પણ બતાવ્યો છે. એ સુખ-શાંતિનો માર્ગ એટલે આદર્શ સાધના માર્ગ. તેનો સુંદર પરિચય પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ ઉદ્‌બોધન દ્વારા આપ્યો.

શ્રીહરિની કૃપાવર્ષાને અનેક મુમુક્ષુઓ સુધી પહોંચાડવા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા આજના દિને સંસ્કૃત, તમિલ, તેલુગુ, મરાઠી વગેરે વિવિધ ભાષાઓમાં વચનામૃત પ્રકાશિત કરવામાં આવ્યાં હતાં. જો કે આ પૂર્વે અંગ્રેજી અને હિન્દી ભાષામાં તો વચનામૃતો પ્રકાશિત થઈ ચૂક્યાં છે. પૂર્વોક્ત નૂતન ભાષાઓનાં વચનામૃતોની પ્રતોનું ઉદ્‌ઘાટન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે કર્યું હતું. આ અવસરે સંસ્કૃતમાં અનુવાદિત વચનામૃતનું ઉદ્‌ઘાટન અનુવાદક પૂજ્ય બ્રહ્મમનનદાસ સ્વામીએ પરમ પૂજ્ય સ્વામીશ્રી પાસે કરાવ્યું. તામિલ ભાષામાં અનુવાદિત વચનામૃતનું ઉદ્‌ઘાટન આનંદસાગરદાસ સ્વામી અને સંતોષપ્રિયદાસ સ્વામીએ કરાવ્યું. તેલુગુ ભાષામાં અનુવાદિત વચનામૃતનું ઉદ્‌ઘાટન અનુવાદક શ્રી રવીન્દ્રનાથજી અને આત્મચિંતનદાસ સ્વામીએ કરાવ્યું. અક્ષરનિવાસી પૂજ્ય હરિભૂષણદાસ સ્વામીએ મરાઠીમાં અનુવાદિત કરાવેલા વચનામૃતનું ઉદ્‌ઘાટન પૂજ્ય શ્રુતિવલ્લભદાસ સ્વામી અને યોગીદર્શનદાસ સ્વામીએ સ્વામીશ્રી પાસે કરાવ્યું.

ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાવર્ષાનો લાભ સૌને પ્રાપ્ત થાય તે માટે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન અનેકવિધ આયોજનો થતાં રહે છે. આ વચનામૃત દ્વિશતાબ્દી વર્ષ ઉપક્રમે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા તરફથી સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ કાર્યક્રમો યોજાશે. તેની ઝાંખી એક સંવાદરૂપે અમદાવાદના બાળ-યુવાવૃંદે મંચ

પર કરાવી. સમગ્ર વર્ષ દરમ્યાન વચનામૃત વાંચન અભિયાન, વચનામૃત બાળ-યુવા અધિવેશન, વચનામૃતનાં જ્ઞાનસત્રો, આંતરજાગૃતિ પર્વ, સ્નેહીના સાથમાં વગેરે યોજાનારા કાર્યક્રમોની સુંદર ઝાંખી પ્રાપ્ત થઈ.

આ અવસરે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ વિશિષ્ટ ઉદ્‌ઘોષ કરતાં જણાવ્યું કે 'હવેથી સૌએ જયનાદથી સાથે અંતમાં વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવની જય બોલાવવી.' સૌએ સમૂહમાં વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવનો જયજયકાર કરીને સમગ્ર વર્ષ દરમ્યાન તેનું અનુસરણ કરવાનો સંકલ્પ લીધો. ત્યારબાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ તથા વરિષ્ઠ સંતોએ દીપપ્રાગટ્ય કરીને વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ પર્વનો શુભારંભ કર્યો. સૌએ વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવનો જયઘોષ કરીને આ ક્ષણને પણ વધાવી લીધી હતી.

બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન યોજાનારાં આયોજનોમાં કેવી રીતે સૌએ જોડાવાનું છે તે અંગે પૂજ્ય ડૉક્ટર સ્વામીએ પ્રેરણાવચનો પાઠવ્યાં હતાં. આ અવસરે વરિષ્ઠ સંતો અને અન્ય સંતોએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને વચનામૃતના સંદેશથી અંકિત કલાત્મક હાર તથા ચાદરથી વધાવ્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં સિદ્ધાંત સ્પષ્ટ કર્યો, પોતાનું સ્વરૂપ દર્શાવ્યું, મોક્ષનું દ્વાર બતાવી દીધું, સુખ-પ્રાપ્તિનો સરળ સાધનામાર્ગ બતાવ્યો. શ્રીહરિની આ



વચનામૃત દ્વિશતાબ્દીના ઉપક્રમે સ્વામિનારાયણ અક્ષરપીઠ દ્વારા તેલુગુ, તામિલ અને મરાઠી ભાષામાં વચનામૃતો ઉદ્‌ઘાટિત થયાં.

કરુણાવર્ષા બદલ સૌએ વંદન કર્યાં નૃત્યાંજલિ દ્વારા.

અંતમાં, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આશીર્વચન પાઠવતાં જણાવ્યું: 'ભગવાન સ્વામિનારાયણે કહ્યું: 'મારી વાણી એ જ મારું સ્વરૂપ છે.' એટલે વચનામૃત શ્રીજીમહારાજનું સ્વરૂપ કહેવાય. એવા આદરથી વચનામૃતને જ્યાં-ત્યાં રખડતું મૂકવું નહીં. સારા સ્થાને પધરાવવું અને તેનું વાંચન કરવું. આ રીતે આપણે ખૂબ આદરપૂર્વક વચનામૃતને રાખવું. વચનામૃત જ આપણને ઉપદેશ આપશે.

આપણા જીવમાં ઘણો અંધકાર છે એ આપણે ઉલેચવાનો છે. વચનામૃત સિવાય કોઈ આ કાર્ય કરી શકે તેમ નથી. વચનામૃતમાં શ્રદ્ધા-પ્રેમ રાખીને તેનો પાઠ કરીએ તો તમને ખબર પણ નહીં પડે ને અંતરમાંથી અંધારું ઉલેચાઈ જશે. આપણને આવી ભવ્ય પ્રાપ્તિ થઈ છે. તેને રખડતી ન મૂકવી. તેનો નિત્ય અભ્યાસ કરવો. એક વાર, બે વાર, પાંચ વાર સ્મૃતિ કરી જ લેવી. કેવી પ્રાપ્તિ આપણને થઈ છે! તે રીતે કરીએ તો આપણું કામ થઈ જાય.'

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં ઊજવાયેલા આ સમારોહને રાજકોટ શહેર ઉપરાંત જીવંત પ્રસારણ દ્વારા દેશ-વિદેશના અનેક ભક્તોએ માણ્યો હતો.

આમ, ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્યવાણી વચનામૃતના દ્વિશતાબ્દી મહોત્સવના ઉદ્‌ઘોષ સમારોહને માણીને સૌના હૈયે એક જ નાદ ગુંજતો હતો, 'જય જય વચનામૃતની, જય જય દ્વિશતાબ્દીની.' ◆

---

**(અનુસંધાન પૃષ્ઠ ૧૯ પરથી)** કાર્યક્રમ એક સાથે ૩૫,૦૦૦થી વધુ પ્રેક્ષકોનાં હૈયે સંસ્કૃતિના આધારસ્તંભ સમા મંદિરની અદ્‌ભુત ગરિમા પ્રસરાવતો હતો. મંદિર એ સમાજનું અભિન્ન અંગ છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે દેશ વિદેશમાં ૧૨૦૦ કરતાં વધુ મંદિરો રચીને ભારતીય સંસ્કૃતિની આ ધરોહરને જીવંત રાખી છે. મંદિર ફક્ત પથ્થરનો ખડકલો નથી, પણ શાંતિનું ધામ છે. મંદિરના એવા મહિમાની સાથે, પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ દ્વારા નિર્મિત મંદિરો સદાય સમાજની સેવામાં તત્પર રહે છે, તેનો હળવો પરિચય પણ અહીં પ્રાપ્ત થતો હતો. સમાજ પર આવતી કુદરતી આપત્તિઓમાં મંદિર સૌની સાથે રહે છે, મંદિર ચારિત્ર્યવાન સમાજ તૈયાર કરે છે, મંદિર એકતાનું પ્રતીક છે - એવા વિભિન્ન મુદ્દાઓ સાથે કરાયેલી આ રજૂઆત પ્રેરણાસભર હતી. આ વિશિષ્ટ પ્રસ્તુતિને નિહાળવા હકડેઠઠ મેદની ઉપસ્થિત રહેતી હતી. આ લાઈટ એન્ડ સાઉન્ડ શો તૈયાર કરવા માટે પૂજ્ય નારાયણમુનિદાસ સ્વામી અને પૂજ્ય ઋષિરાજદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ ૧૦ સંતો અને યુવકોએ ખૂબ જહેમત લીધી હતી. ◆

(અનુસંધાન પૃષ્ઠ ૩૭ પરથી) ખૂબ આશીર્વાદ લીધા. અને આજે મને મહંત સ્વામી મહારાજના આશીર્વાદ મળી રહ્યા છે. હું તો ખુશનસીબ છું કે શાસ્ત્રીજી મહારાજ ત્રણ વખત જયપુર પધાર્યા, યોગીજી મહારાજ ત્રણ વખત પધાર્યા, પ્રમુખસ્વામી મહારાજ, મહંત સ્વામી મહારાજ પણ ઘણીવાર ત્યાં પધાર્યા છે. અહીં જે સુખ મળે છે, શાંતિ મળે છે, પ્રેરણા મળે છે તે અજોડ છે.'

આ અવસરે પ્રસિદ્ધ લેખક અને વક્તા શ્રી જયભાઈ વસાવડાએ ભાવોર્મિ વ્યક્ત કરતાં કહ્યું: 'જ્યારે જ્યારે બી.એ.પી.એસ.ના ઉત્સવમાં આવું છું ત્યારે ગોંડલના મારા ઘરમાં પહોંચી ગયો હોઉં એવું મને લાગે છે. કારણ કે હું ગોંડલમાં એ સ્વામિનારાયણ મંદિરની બાજુમાં મોટો થયો છું. પ્રમુખસ્વામી મહારાજ આવે ત્યારે અમે દર્શન કરવા જતા. તેમનો ધબ્બો ખાઈને અમે સરસ રીતે વાતો કરવા બેસીએ, તેમાં અલક-મલકની વાતો નીકળે. ત્યારે એટલી બધી દુનિયા નહોતી જોઈ, એટલી બધી પરિપક્વતા નહોતી આવી. પણ ત્યારે વિશિષ્ટ પ્રકારનું આકર્ષણ થતું, ભાવ થતો.

પ્રમુખસ્વામી મહારાજમાં બાળક જેવી નિર્દોષતા. બાળક જેવી સહજ નિખાલસતા પણ એમના ચહેરા પર જોવા મળે અને પરિપક્વ અનુશાસન, શિસ્ત, વ્યવસ્થા એના ગુણો પણ જોવા મળે. આ કોમ્બિનેશન અઘરું છે. જે બાળક જેવા નિર્દોષ હોય તે અનુશાસનમાં ન રહે ને જે અનુશાસનમાં રહે એ નિર્દોષતા ખોઈ બેસે, પણ પ્રમુખસ્વામી મહારાજના વ્યક્તિત્વમાં આવા *'રેરસ્ટ ઓફ રેર'* કહેવાય એવા ગુણો હતા. તેમણે નિર્દોષતા અને અનુશાસન બંનેનું સહજ સંતુલન કરીને રાખ્યું હતું. એ આજીવન મેં જોયું છે. એમની સાત્ત્વિકતા, એમનો પ્રભાવ એ અત્યારે પણ આપણે જોઈ શકીએ છીએ.

સંતત્વની કસોટી ક્યારે થાય? સંતત્વની કસોટી હંમેશાં કટોકટીમાં થાય. તેમને કટોકટી ઘણી આવી, પણ પ્રમુખસ્વામી મહારાજ હંમેશાં દૃઢનિષ્ઠાપૂર્વક પોતાના સિદ્ધાંતો ને પોતાની તપસ્યાને વળગી રહ્યા. તેમાં તમને ક્યાંય બે ચહેરા જોવા ન મળે, ક્યાંય બે અભિગમ જોવા ન મળે. અક્ષરધામ ઉપર ત્રાસવાદીઓનો હુમલો થયો ત્યારે ભારેલા અગ્નિ જેવી પરિસ્થિતિ સમગ્ર ગુજરાતમાં હતી. જખ્મો તાજા હતા. ત્યારે સંત પરમ હિતકારી કોને કહેવાય તેનું ઉદાહરણ પ્રમુખસ્વામી મહારાજે આપણને પૂરું પાડ્યું. તેઓએ એવો અભિગમ રાખ્યો કે 'મારો સ્વભાવ સમતાનો છે, ક્ષમાનો છે, ઉદારતાનો છે, વાત્સલ્યનો છે. હું એ મારો સ્વભાવ નહીં છોડું.'

પ્રમુખસ્વામી મહારાજે ભણેલા સંતોની અનોખી પરંપરા ઊભી કરી છે. જેટલાં આંબાનાં મૂળિયાં ઊંડા જાય તેટલી તેના પર મીઠી કેરીઓ આવતી હોય છે. સહજાનંદ સ્વામી મહારાજથી શરૂ કરીને આજપર્યંત આ સંતોએ મૂળિયાં ખૂબ ઊંડા કર્યાં ત્યારે આ મહોત્સવનાં મીઠાં મીઠાં ફળ આપણે બધા માણી રહ્યા છીએ.'

ઉપસ્થિત તમામ મહાનુભાવોને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ રાજભા ગઢવીએ દુહા-છંદ અને લોકસાહિત્યની રજૂઆત કરીને સૌને રસભીના કર્યા હતા. ◆

## હવે સ્વામીની વાતો સ્ટડી એપ્લિકેશન નૂતન સ્વરૂપમાં...

**વિશેષ નોંધ**

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની વાતો એટલે સ્વામિનારાયણ સંપ્રદાયનું જ નહીં, પરંતુ આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા ઈચ્છતા પ્રત્યેક મુમુક્ષુ માટેનું અજોડ માર્ગદર્શક શાસ્ત્ર. આ ગ્રંથના અધ્યયનથી શુદ્ધ ઉપાસના, સંપ્રદાયનું તત્ત્વજ્ઞાન અને બ્રાહ્મીસ્થિતિ સિદ્ધ કરવા માટે આવશ્યક સાધનાની પ્રેરણા મળે છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં આ અનુપમ ગ્રંથની તૈયાર થયેલ સ્ટડી એપ્લિકેશનનું નૂતન સંસ્કરણ (updated version) ઘણી નૂતન સુવિધાઓથી સજ્જ છે:

૧. પૂર્વે વાંચેલી વાતથી આપમેળે (automatic) આગળ વાંચન શરૂ થઈ શકશે.
૨. વાતને બુકમાર્ક(bookmark) કરવાની સુવિધા પ્રાપ્ત થશે.
૩. વાંચન પૂર્ણ(Read)નું બટન દબાવતાં જ આગળની વાત પર જવાની, ઓટો સ્વાઈપ (Auto swipe)ની સુવિધા મળશે.
૪. પૂર્વે વાંચેલી વાતોની નોંધ સચવાશે, જે હિસ્ટ્રી(History)માં જોઈ શકાશે.
૫. વ્યક્તિ, સ્થળ, દૃષ્ટાંત-સિદ્ધાંત વગેરેની વિશેષ માહિતી મેળવવા પરિશિષ્ટની સુવિધા મળશે.

આ અને આવી અનેક સુવિધાઓથી સજ્જ સ્વામીની વાતો સ્ટડી એપ્લિકેશનનું નૂતન સંસ્કરણ(updated version) આપ www.baps.org/apps ઉપરથી ફ્રી ડાઉનલોડ કરીને નિત્ય સ્વામીની વાતોને સમજો અને માણો... ◆





રાજકોટ ખાતે ચરમસીમાએ ઊજવાયો

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ૯૮મો

# જન્મજયંતી મહોત્સવ





બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું દિવ્ય જીવન એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રબોધેલાં વચનામૃતનું જીવંત સ્વરૂપ. સકલ શાસ્ત્રોમાં વર્ણવાયેલા સંત-મહિમાનું સઘન સ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી મહોત્સવની દબદબાભેર ઉજવણીમાં આ જ સૂર ઘૂંટાતો રહ્યો. મહંત સ્વામી મહારાજની નિશ્રામાં ભાવસભર વાતાવરણમાં વચનામૃતના દ્વિશતાબ્દી પર્વે તેનાં અમૃત-વચનોની સાક્ષીએ સૌએ પ્રમુખસ્વામીજીને અર્ઘ્ય અર્પ્યું...

રાજકોટ!

અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું એક નાભિકેન્દ્ર.

એક શતાબ્દી પહેલાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના પ્રથમ મિલનથી અહીંથી જ આરંભાયો હતો બી.એ.પી.એસ.ના અમર ઈતિહાસનો એક અજોડ અધ્યાય.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની સતત કૃપાદૃષ્ટિના અભિષેકથી લાભાન્વિત બનેલું આ નગર પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી વધુ ધન્ય બન્યું હતું. પ્રમુખસ્વામી મહારાજે આ નગર પર કરેલી ઉપકારવર્ષાનું ઋણ ચૂકવવાનો એક અવસર ઝડપ્યો હતો આ નગરે.

અનેક ઐતિહાસિક અવસરોના



*'સમરૂં પ્રમુખસ્વામી કો જો વચનામૃતરૂપ, કોટિ કોટિ નમન કરૂં જન્મજયંતી અનુપ...'* ૨૦૦ વર્ષ પહેલાં ઉચ્ચારાયેલા વચનામૃતના માહોલની અદ્દલ સ્મૃતિઓ વચ્ચે વચનામૃતના મૂર્તિમંત સ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં પ્રેરક સંસ્મરણો તાજાં થયાં...


સાક્ષી આ રંગીલા શહેરને આજે એક વધુ ઐતિહાસિક અવસરના સાક્ષી બનવાનો પ્રસંગ આવી પહોંચ્યો હતો. એ પ્રસંગ હતો – પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી મહોત્સવનો. છેલ્લા ૧૧ દિવસથી જન્મજયંતી મહોત્સવના પડઘમ સમગ્ર સૌરાષ્ટ્રમાં ગુંજી રહ્યા હતા એનો ચરમસીમારૂપ દિન આવ્યો – માગશર સુદ આઠમ, તા. ૧૫-૧૨-૨૦૧૮. આજે વહેલી સવારથી જ રાજકોટ સ્વામિનારાયણ નગર ખાતે દૂરસુદૂરથી ભક્ત સમુદાય આવી રહ્યો હતો. વિશાળ સ્વામિનારાયણ નગરને નિહાળીને ભક્તસમુદાય બપોરે ૩-૩૦ વાગ્યાથી જન્મજયંતી ઉત્સવ સ્થળ પર પહોંચવા લાગ્યો હતો.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી મહોત્સવની સાથે વચનામૃત દ્વિશતાબ્દી વર્ષનો પણ શુભારંભ થઈ રહ્યો હતો. પરિણામે વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે ઉચ્ચારેલાં સૈદ્ધાંતિક અમૃતવચનોના આધારે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં જીવન-દર્શનને માણવાનો આજનો અવસર હતો. એટલે જ આ મહોત્સવના મુખ્ય મંચની શોભા પણ વચનામૃતના માહોલને ખડો કરે એવી ઐતિહાસિક અને દિવ્ય હતી. મંચની પાર્શ્વભૂમાં દાદાખાચરના દરબારગઢની યાદ અપાવે તેવો દરબારગઢ ખડો થયો હતો. ભરત ભરેલા રંગબેરંગી ચાકળા શોભામાં ઉમેરો કરતા હતા. દરબારગઢના મધ્યમાં એ જ પ્રાસાદિક લીંબતરુની યાદ અપાવે તેવા ઘટાદાર લીંબતરુ નીચે વચનામૃતના ઉદ્‌ગાતા ભગવાન શ્રી સ્વામિનારાયણ એમની લાક્ષણિક ઉપદેશમુદ્રામાં બિરાજમાન હતા. તેમનાં ચરણકમળમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પૂર્ણકદની પ્રતિમા અને આજુબાજુ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ આસનસ્થ હતા. બરાબર મધ્યમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું આસન હતું. બંને બાજુ વરિષ્ઠ સંતો અને મહાનુભાવોનાં આસનો હતાં. મુખ્ય મંચના અગ્રભાગમાં સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ માટે નૃત્ય મંચ સજ્જ હતો.

બરાબર સાંજે ૫-૦૦ વાગ્યે જયનાદ સાથે સમારોહનો આરંભ થયો. સંતો, યુવકોએ સ્વામિનારાયણ મહામંત્રના ધૂનગાન અને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિ કરાવતાં ભક્તિપદોથી સભાનો આરંભ કરાવ્યો. ઉદ્‌ઘોષક આદર્શજીવનદાસ સ્વામીએ પૂર્વભૂમિકા રજૂ કરીને કાર્યક્રમનો મધ્યવર્તી વિચાર સમજાવ્યો.

ભગવાન શ્રી સ્વામિનારાયણની પરાવાણી વચનામૃત એટલે વૈદિક, મૌલિક અને અલૌકિક ઉપદેશ વચનોનો સંગ્રહ. અનુભવની આધારશિલા પરથી ઉચ્ચારાયેલી આ પરાવાણી બે શતાબ્દીઓથી અસંખ્ય લોકોના વ્યવહાર અને





વચનામૃત દ્વિશતાબ્દી પર્વના આરંભે વચનામૃતની શાનદાર શોભાયાત્રા યોજાઈ અને સ્વામીશ્રીએ વચનામૃતનું પૂજન કર્યું...

મોક્ષમાર્ગને અજવાળતી રહી છે. પ્રમુખસ્વામી મહારાજના જન્મજયંતી મહોત્સવની સાથે આ વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવનો સુવર્ણ અવસર આવ્યો હતો તેથી આજના કાર્યક્રમના આરંભમાં એ વચનામૃતની શોભાયાત્રા યોજાઈ. જે જે ગામમાં બિરાજીને ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતનું ઉદ્‌બોધન કર્યું હતું તે તે ગામની પ્રતિકૃતિના રથ સાથે વચનામૃત ગ્રંથની શોભાયાત્રા સભાસ્થળે વહેવા લાગી. બાળ-યુવાવૃંદનાં આનંદનૃત્યો સાથે વિવિધ કલાત્મક રથ મંચ તરફ આવી રહ્યા હતા ત્યારે વાતાવરણમાં *'સમરું પ્રમુખસ્વામી કો જો વચનામૃતરૂપ, કોટિ કોટિ નમન કરું જન્મજયંતી અનુપ...'* પંક્તિઓ ગુંજી રહી હતી. આ શોભાયાત્રા મંચ પાસે વિરમી ત્યારે પાલખી પર આવી રહેલા વચનામૃતની વિક્રમ સંવત ૧૮૮૮ની પ્રાચીન હસ્તપ્રતને કલાત્મક રત્નજડિત પારદર્શક મંજૂષામાં લઈને રાજવી પોશાકમાં શોભતો યુવાન મંચ પર આવ્યો. શાહી સન્માન સાથે એ રત્નજડિત સંદૂક પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સમક્ષ મૂકવામાં આવી અને તેઓએ વૈદિક મંત્રગાન વચ્ચે ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપ સમાન વચનામૃત ગ્રંથનું પૂજન કરીને ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યું. આ અવસરને સૌએ જયજયકાર સાથે હર્ષભેર વધાવી લીધો. હવે શરૂ થઈ મંચ પર એક વિષયબદ્ધ પ્રવચનોની શૃંખલા. પ્રારંભમાં સમુદ્ર સમાન વચનામૃત ગ્રંથમાંથી સારનું આચમન કરાવ્યું - પૂજ્ય આત્મતૃપ્તદાસ સ્વામીએ. તેઓએ જણાવ્યું: 'અસત્યમાંથી સત્ય તરફ, અંધકારમાંથી પ્રકાશ તરફ, મૃત્યુમાંથી અમરત્વ તરફ લઈ જનાર આપણાં મહાન શાસ્ત્રોની શૃંખલામાં વચનામૃતનું સ્થાન અદ્વિતીય છે. ગાગરમાં સાગરની જેમ મહાસાગર જેવાં મહાન શાસ્ત્રોનો સાર વચનામૃતમાં સમાવિષ્ટ થયો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢડા મધ્ય પ્રકરણના ૨૮માં કહ્યું કે વેદ, શાસ્ત્ર, પુરાણ ઈત્યાદિક પૃથ્વી પર કલ્યાણના હેતુ માટે જેટલા કંઈ પણ શબ્દો છે તેનો સાર કાઢીને અમે આ વાત કરી છે. આ પરમ રહસ્ય છે, સારનો પણ સાર છે. શાસ્ત્રમાત્રના સારરૂપ વચનામૃત ગ્રંથની આ વિશેષતા છે કે આ સ્વયં પરમાત્મા પુરુષોત્તમ ભગવાન નારાયણની વાણી છે.

વચનામૃતના ઉદ્‌ગાતા ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં જ પોતાનો પરિચય આપતાં વચનામૃતમાં કહ્યું, 'સૌથી પર જે અક્ષરધામ છે ત્યાં હું જ પુરુષોત્તમ છું. મારાથી પર

કોઈ નથી.' વચનામૃત ગઢડા અંત્યના ૩૮માં શ્રીહરિએ વાત કરી કે, 'સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રકટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે ને તમારા ઈષ્ટદેવ છે... અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે.' એવા સર્વાવતારી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણની વાણી ઐતિહાસિક દસ્તાવેજીકરણ સાથે, પ્રમાણભૂત રીતે વચનામૃત રૂપે પ્રાપ્ત થઈ છે. આવા દિવ્ય ગ્રંથ વચનામૃતમાં જીવનમાં આવનારી સમસ્યાઓ માટે તથા આધ્યાત્મિક ઉન્નતિ માટે જે જે ઉપાય દર્શાવવામાં આવ્યા છે, તે તમામ ઉપાયોમાં સૌથી અધિક મહિમા કહેવાયો છે સંતના મહિમાનો, જે સંત અક્ષરબ્રહ્મ છે, જે ગુણાતીત છે, એવા સંતનો મહિમા વચનામૃતમાં અપરંપાર ગાવામાં આવ્યો છે. વચનામૃતને કોઈ પણ ઉપાય પૂછીએ તો તમામ ઉપાયમાં અંતતઃ ગુણાતીત સંત જ આવે છે.'

ત્યારબાદ એક રસપ્રદ વીડિયો દ્વારા વચનામૃતમાં ઠેર ઠેર સંતનો મહિમા વર્ણવવામાં આવ્યો છે, તેની રજૂઆત કરવામાં આવી. ૨૬૨ વચનામૃતમાં કેટલીક વાર સંત, ગુણાતીત સંત, ઉત્તમ ભક્ત, એકાંતિક ભક્ત, બ્રહ્મસ્વરૂપ, પરમાત્માનું પ્રત્યક્ષ સ્વરૂપ કહીને સત્પુરુષનો મહિમા વર્ણવવામાં આવ્યો છે. આમ કુલ મળીને ૬૬૨ વખત સત્પુરુષનો મહિમા કહેવામાં આવ્યો છે. ભગવાન અને સંતનો આશ્રય, પરમેશ્વર જેવી સંતમાં પ્રીતિ, ભગવાન તથા સત્પુરુષની કૃપા એમ કહીને ભગવાન સાથે સત્પુરુષના મહિમાનું ગાન કરવામાં આવ્યું છે - ૧૫૧ વખત. વચનામૃતમાં પરમાત્માના પ્રત્યક્ષ સ્વરૂપના રૂપમાં સત્પુરુષનો મહિમા વર્ણવવામાં આવ્યો છે - ૨૮ વખત. આમ, શાસ્ત્રોના સારરૂપ, સંસ્કૃતિના આધારરૂપ અને સત્સંગના પ્રાણરૂપ વચનામૃતનો સાર છે - ગુણાતીત સંત.

આ યુગના એવા ગુણાતીત સંત એટલે પ્રમુખસ્વામી મહારાજ. શાસ્ત્રોમાં વર્ણવેલા ગુણાતીત સંતના તમામ સદ્‌ગુણોનું દર્શન તેઓએ પોતાની ૯૫ વર્ષની ઉંમર સુધી સમગ્ર વિશ્વને કરાવ્યું હતું. પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન બાદ શાસ્ત્રોને સમજવા માટે કોઈ ભાષ્ય, ભાષાવિદ કે શબ્દકોશની આવશ્યકતા નહોતી રહેતી. વચનામૃત અને તમામ શાસ્ત્રોને ધરાતલ પર મૂર્તિમાન કરનાર પ્રમુખસ્વામી મહારાજને તેમના શતાબ્દી વર્ષ પર સૌએ ભાવવંદના કરી. 'શત શત વરસ સરે, ગુરુ જીવન જ્યોત જલે...' પંક્તિઓ સાથે ભક્તિવંદના કરતાં સૌ ભાવભીના બન્યા. હવે પછી વચનામૃતમાં વર્ણવેલા સંતના સર્વોત્તમ ગુણો દ્વારા પ્રમુખસ્વામી મહારાજને ભાવવંદના કરતી પંચખંડીય પ્રસ્તુતિ હતી. પ્રત્યેક ખંડમાં પ્રથમ વચનામૃતમાંથી ગુણાતીત સંતનાં મહિમા-લક્ષણનું એક સૈદ્ધાંતિક વાક્ય વીજ-પરદા પર પ્રસ્તુત થાય, ત્યારબાદ વીડિયો દ્વારા તે વિષે પ્રમુખ સ્વામી મહારાજની અમૃતવાણીનું આચમન કરાવાય, ત્યારબાદ પ્રમુખસ્વામી મહારાજની એ ગુણદર્શન કરાવતી બાબત પર મહંત સ્વામી મહારાજનો સ્વાનુભવ વીડિયો દ્વારા પ્રસ્તુત થાય, અને અંતે એ જ બાબતને વધુ સ્પષ્ટ કરતું સંતપ્રવચન રજૂ થાય. આમ ખૂબ રસપ્રદ શૈલીમાં પ્રત્યેક વિષયને એવી રીતે ઘૂંટવામાં આવે કે સૌ સંતમહિમાનું આકંઠ પાન કરીને પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે લળી પડે.

પ્રથમ ખંડ હતોઃ સર્વત્ર ભગવાનનું દર્શન કરે તે સંત.

વચનામૃત કારિયાણી પ્રકરણ-૭માં ભગવાન સ્વામિનારાયણ ઉચ્ચારે છેઃ 'જે સિદ્ધદશાને પામ્યો હોય તેની આવી દશા હોય જે, પિંડ-બ્રહ્માંડનો તથા પ્રકૃતિપુરુષનો પ્રલય થયા પછી અક્ષરધામને વિષે જે ભગવાનની મૂર્તિ અખંડ વિરાજમાન રહે છે, તે મૂર્તિને સ્થાવર-જંગમ સર્વે આકારને વિષે જ્યાં જ્યાં દૃષ્ટિ જાય ત્યાં ત્યાં સાક્ષાત્કાર દેખે અને એ મૂર્તિ વિના બીજું અણુમાત્ર પણ ભાસે નહીં. એ સિદ્ધદશાનું લક્ષણ છે.' પ્રમુખસ્વામી મહારાજ એવા સિદ્ધદશાને પામેલા મહાપુરુષ હતા.

વચનામૃતના આ કથન પર મહંત સ્વામી મહારાજે ઉચ્ચારેલાં સ્વાનુભવોનાં વચનો વીડિયો દ્વારા દર્શાવાયાં. સૌમાં અને સર્વત્ર ભગવાનને નીરખતા પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિઓ સાથે મહંત સ્વામી મહારાજના આ શબ્દો સૌને વિશેષ સ્પર્શી ગયાઃ 'બધાને સ્વામીબાપાએ ખૂબ જ સુખ આપ્યું છે. તેઓ બધામાં ભગવાન જોતા, 'જ્યાં જુએ ત્યાં રામજી, બીજું ન ભાસે રે,' તેમના માટે કોઈના પ્રત્યે કંઈ જ ભેદભાવ નહોતો. તેઓ બધાને મળતા, નાનો હોય, મોટો હોય, ગરીબ હોય, અભણ હોય બધાને મળતા. અમે તો જોયું છે કે મોટા માણસને મળે, પછી નાના માણસને પણ એ જ ભાવથી મળે. આ જ બાપાની અલૌકિક સ્થિતિ હતી. એમાં બીજાની ચાંચ ડૂબે નહીં. સૂક્ષ્મ દૃષ્ટિએ અંદર ઊતરે ત્યારે ખ્યાલ આવે.'

ત્યારબાદ આ જ વિષયને વધુ ઘૂંટતાં વિવેકસાગરદાસ સ્વામીએ પ્રસંગોની હારમાળા રજૂ કરીને પ્રમુખસ્વામી મહારાજની સમતાનું દર્શન કરાવ્યુંઃ 'તુલસીદાસજી કહે છે, *'સિયારામ મય સબ જગ જાની, કરહી પ્રણામ જોરી જુગ*



*પાની.'* પ્રમુખસ્વામી મહારાજને સૌમાં ભગવાનનું જ દર્શન થતું હતું.

વડોદરા જિલ્લાનું મોટીબેજ ગામ. ત્યાં રાત્રે હજારો વનવાસીઓની સભા ભરાઈ હતી. તે સભામાં રાત્રે ૧૨ વાગ્યે પ્રવચન કરતાં પ્રમુખસ્વામી મહારાજે કહ્યું હતું: 'આપ સૌમાં મને ભગવાનનાં દર્શન થાય છે.' આ જ છે સાચા સંત કે જેમને સૌમાં ભગવાનનાં દર્શન થાય છે.

નવસારીમાં દલિતો માટે એક છાત્રાલય બનવાનું હતું. તે છાત્રાલયના શિલાન્યાસવિધિ માટે પ્રમુખસ્વામી મહારાજને બોલાવવામાં આવ્યા હતા. શિલાન્યાસવિધિ બાદ પુષ્પહાર વિધિ શરૂ થયો. તે સમયે તે દલિત ભાઈઓ પ્રમુખસ્વામી મહારાજ પર પુષ્પમાળા જરા દૂરથી ફેંકતા હતા. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું, 'નજીક આવોને!' ત્યારે તેમણે કહ્યું, 'સ્વામી, અમે તો દલિત છીએ. અમે તો અસ્પૃશ્ય છીએ. અમે તમારો સ્પર્શ કરીએ અને તમે અપવિત્ર ન થઈ જાઓ તેના માટે અમે પુષ્પમાળા ફેંકીએ છીએ.' તે સાંભળીને સ્વામીશ્રી અત્યંત ગદ્ગદિત થઈ ગયા. સ્વામીશ્રીએ એ દલિતભાઈનો હાથ પકડી લીધો અને તેમને ભેટીને બોલ્યા, 'જુઓ, અમે તમને અડીને અપવિત્ર નથી થતા. અમે તો તમારામાં ભગવાનનાં દર્શન કરીએ છીએ.' સ્વામીશ્રીનાં આ નિ:સ્વાર્થ, પ્રેમભર્યાં વચનો સાંભળીને દલિતભાઈઓ રોમાંચિત થઈ ગયા. આ જ છે ગુણાતીત સંતનું સમત્વ.

નવસારીમાં દલિતોને સ્વામીશ્રીએ કહ્યું, 'નજીક આવોને!' ત્યારે તેમણે કહ્યું, 'સ્વામી, અમે તો દલિત છીએ. અમે તો અસ્પૃશ્ય છીએ.' તે સાંભળીને સ્વામીશ્રી અત્યંત ગદ્ગદિત થઈ ગયા. એ દલિતભાઈને ભેટીને સ્વામીશ્રી બોલ્યા, 'તમે અસ્પૃશ્ય નથી. અમે તો તમારામાં ભગવાનનાં દર્શન કરીએ છીએ.' સ્વામીશ્રીનાં આ નિ:સ્વાર્થ, પ્રેમભર્યાં વચનો સાંભળીને દલિતો રોમાંચિત થઈ ગયા. આ જ છે ગુણાતીત સંતનું સમત્વ.

દક્ષિણ ગુજરાતના સાંકરી ગામે ત્યાંના દૂબળા આદિવાસી હળપતિઓને મંદિરમાં બોલાવીને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું હતું, 'આ મંદિર કેવળ પાટીદારનું નથી, સૌનું છે. તમારું પણ છે. મંદિરમાં સત્સંગ માટે આવો અને વ્યસન છોડો.' એમ કહીને સ્નેહભર્યો બોધ સૌને આપ્યો હતો, તે આજે પણ મને યાદ છે.

પ્રમુખસ્વામી મહારાજ સાથે અમારે ઘણીવાર મહેલોમાં જવાનું થતું હતું. વિશ્વના અનેક માંધાતાઓને મળવા અમે તેમના ઘરે પ્રમુખસ્વામી મહારાજ સાથે ગયા છીએ. જેટલા પ્રેમથી સ્વામીશ્રી મહેલમાં જતા તેટલા જ પ્રેમથી નાનાં ગામડાંઓમાં પણ જતા. ચુલી ગામના નીમા ભગત ખૂબ જ ગરીબ વનવાસી ભક્ત છે. તેમના ઘરે પણ સ્વામીશ્રી પધાર્યા હતા. સુરતના દેદવાસણ ગામમાં ગરીબ વનવાસી હરિભક્ત દલુભાઈના ઘરે પણ સ્વામીશ્રી પધાર્યા છે. એટલું જ નહીં, પણ તેમના ઘરે સ્વામીશ્રીએ પ્રસાદ પણ અંગીકાર કર્યો હતો.

સ્વામીશ્રી દેશ-વિદેશમાં બધે જ ફર્યા છે. તેમ છતાં તેમને સ્થળ, વ્યક્તિનાં બંધન નડતરરૂપ થયાં નથી. તેમને મનમાં એવો કોઈ વિચાર પણ નહોતો. એ અમે નજીકથી નિહાળ્યું છે.

ગીતામાં કહ્યું છે કે 'જે સર્વત્ર ભગવાનનાં દર્શન કરે તે મહાત્મા દુર્લભ છે.' પ્રમુખસ્વામી મહારાજ એવા દુર્લભ મહાત્મા હતા. આજે આપણું સદ્ભાગ્ય છે કે એ દુર્લભ મહાત્મા આજે મહંત સ્વામી મહારાજ દ્વારા સુલભ થયા છે.'

સૌમાં પરમાત્માનું દર્શન કરીને સૌ પર સ્નેહ વરસાવતા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની ઝાંખી સૌએ વીડિયો દર્શન દ્વારા મેળવી.

ત્યારબાદ દ્વિતીય ખંડ આરંભાયો. દ્વિતીય ખંડનું સૂત્ર હતું: સમર્થ થકા જરણા કરે, ક્ષમા આપે એ સંત.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૭મા ભગવાન શ્રી સ્વામિનારાયણ જણાવે છે કે જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય આદિક જે અનંત શુભ ગુણ તેણે યુક્ત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે. પછી તે ભક્ત જે તે ભગવાનને પ્રતાપે કરીને અનંત પ્રકારના ઐશ્વર્યને પામે છે માટે તે સંત તો સર્વ જગતના આધારરૂપ છે. તે તુચ્છ જીવનું અપમાન સહે તે એમની એ અતિશય મોટપ છે અને તેવી રીતની ક્ષમાવાળા છે તે અતિ મોટા છે.

માનવીય પહોંચની બહારની આ વિશેષતા સમર્થ પ્રમુખસ્વામી મહારાજનો પર્યાય બનીને કઈ રીતે રહી ગઈ હતી?

વીડિયો પટ પર મહંત સ્વામી મહારાજે પ્રમુખસ્વામી મહારાજની આ વિશેષતા વર્ણવતાં કહ્યું: 'સ્વામીબાપા આટલા મોટા હતા છતાં સહન કર્યું. શાસ્ત્રીજી મહારાજ યોગીબાપા બધાએ સહન જ કર્યું, સામનો નથી કર્યો.'

પ્રમુખસ્વામી મહારાજની અજોડ ક્ષમાશીલતાને વધુ ઘૂંટાવતાં નારાયણમુનિદાસ સ્વામીએ જણાવ્યું: 'ક્ષમાશીલ



વચનામૃતના દ્વિશતાબ્દી પર્વે યોજાઈ શાનદાર શોભાયાત્રા...



પ્રમુખસ્વામી મહારાજના વિસ્તૃત જીવનચરિત્રનું ઉદ્‌ઘાટન...



પ્રમુખસ્વામીજીના સ્વરૂપ સમાન સ્વામીશ્રીને પુષ્પો-આરતીથી વધાવ્યા.



પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન આપણે સૌએ કર્યાં છે. કોઈ અપશબ્દોનું ઝેર ઓકતું હોય તો તેઓ શાંતિથી અપમાન કરનારને સાંભળીને તેને સમજવાનો પ્રયત્ન કરતા હતા. આપણે સૌ સાક્ષી છીએ કે કેટલાક અણસમજણથી પ્રમુખસ્વામી મહારાજની વિરુદ્ધ જેવી તેવી વાતો લખીને દીવાલો ભરી દીધી હતી છતાં પણ સ્વામીશ્રી નિશ્ચિંત, નિશ્ચલ હતા. ગાંધીનગરમાં આતંકવાદીઓએ હુમલો કર્યો, ત્યારે તેઓની ક્ષમાશીલતાનું સૌએ મૂર્તિમાન દર્શન કર્યું હતું. પ્રમુખસ્વામી મહારાજે એક વખત કહ્યું હતું કે મને કોઈ દિવસ કોઈનું પણ અહિત કરવાનો વિચાર નથી આવ્યો.

પ્રમુખસ્વામી મહારાજ અજાતશત્રુ પુરુષ હતા. એટલું જ નહીં, તેઓ તો તેમનો દ્રોહ કરનાર વ્યક્તિમાં પણ સાક્ષાત્ ભગવાનનાં દર્શન કરતા હતા. એક વખત સ્વામીશ્રીએ કહ્યું હતું કે વિરોધીઓને કર્તા ન સમજો, જે પણ થઈ રહ્યું છે તેના કર્તા ભગવાન અને ગુરુ જ છે. કોઈ આપણું ખરાબ વિચારવાનો પ્રયત્ન કરે છતાં પણ અંતમાં તો આપણું સારું જ થાય છે.

પ્રમુખસ્વામી મહારાજ સ્વયં અક્ષરબ્રહ્મ હતા. ઉપનિષદ કહે છે - 'एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि! सूर्याचन्द्रमसौ विधृतौ तिष्ठतः।' અક્ષરબ્રહ્મનું શાસન સમસ્ત પ્રકૃતિ ઉપર છે. આપણે અક્ષરબ્રહ્મ સ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજમાં એવા સામર્થ્યનો અનુભવ કર્યો હતો.'

એમ કહીને તેમણે પ્રમુખસ્વામી મહારાજના ઐશ્વર્યસભર ઐતિહાસિક અને પ્રમાણભૂત પ્રસંગોનું સ્મરણ કરીને કહ્યું:

આવા સામર્થ્યવાન પ્રમુખસ્વામી મહારાજ હતા. છતાં સૌ પ્રત્યે ક્ષમાશીલ રહીને સદા સર્વદા બે હાથ જોડીને સૌને વંદન જ કરતા હતા. વચનામૃતનાં વચનોના સાક્ષાત્ મૂર્તિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આવી વિલક્ષણતાનું દર્શન વીડિયોના માધ્યમથી કરતાં કરતાં ક્ષમાશીલતાની મૂર્તિને કોટિ કોટિ વંદન કરીએ...'

વીડિયો પટ પર સૌએ માણ્યું કે પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં ક્ષમાશીલતા કેટલી સહજ રીતે વણાયેલી હતી! વીડિયોમાં સ્વામીશ્રીના ઉદ્‌ગારો સંભળાયા: 'શાસ્ત્રીજી મહારાજે કેટલું સહન કરવું પડ્યું છે! છતાં માથા પર બરફની પાટ! જરાય ઉગ્રતા નહીં, કોઈનો પણ તિરસ્કાર નહીં. *'આમ કરી નાંખવું કે તેમ કરી નાંખવું'* તેમ નહીં. સહન કરો. આપણું શું લઈ ગયા? આપણી મૂડી આપણે સાચવો. બીજા બધા ભલે બોલ્યા કરે. આપણે સાધુતા સાચવી રાખો, બીજાને જે કહેવું હોય તે કહે.'

ત્યારબાદ આજની શૃંખલામાં તૃતીય ખંડ હતો:

પરાભક્તિ કરે તે સંત.

વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણ કહે છેઃ 'જેના હૃદયમાં ભગવાનની ભક્તિ હોય એવા યથાર્થ ભગવાનના ભક્ત છે તેનું દર્શન તો ભગવાનનાં દર્શન તુલ્ય છે. અને એનાં દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે એવા એ મોટા છે.'

પ્રમુખસ્વામી મહારાજ એવા અવિરત, અવિચળ ભક્તિરત રહેતા હતા. પ્રમુખસ્વામી મહારાજનાં કાલજયી કાર્યોનું પ્રેરણાબળ હતું ભક્તિ.

ગુરુભક્તિ અને ઈષ્ટભક્તિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું પ્રમુખસ્વામી મહારાજે. તેમની એ પરાભક્તિનું છેલ્લું ઉદાહરણ એટલે તેમણે પોતાની અંતિમ ક્રિયા માટે પસંદ કરેલું સ્થળ. તેઓએ કહ્યું હતુંઃ 'મારા પર ગુરુ શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ પડે અને મારી દૃષ્ટિ શ્રીજીમહારાજ સન્મુખ હોય તેવી રીતે મારો અંતિમ વિધિ કરજો.' વીડિયો પર મહંત સ્વામી મહારાજે પ્રમુખસ્વામી મહારાજની એ અજોડ ભક્તિ અંગે કહ્યુંઃ 'પ્રમુખસ્વામી મહારાજે હૃદયની ભક્તિ કરીને આ અદ્‌ભુત સ્થાનનું સિલેક્શન કર્યું. તે પ્રમુખસ્વામી મહારાજ જ કરી શકે, બીજા કોઈ ન કરી શકે. હૃદયની ભક્તિ હોય તો જ આ વિચાર આવે. શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ પ્રમુખસ્વામી મહારાજ ઉપર પડે અને તેમની દૃષ્ટિ મહારાજ-સ્વામીની સામે રહે તે વિચાર અદ્‌ભુત છે. સામાન્યને મગજમાં જ આવે તેમ નથી. પણ સ્વામીબાપાની હૃદયની ભક્તિ હતી એટલે આ વિચાર આવ્યો. હૃદયની ભક્તિમાં બધું જ આવી જાય. કાંઈ બાકી રહે નહીં.'

અક્ષરવત્સલદાસ સ્વામીએ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની ભક્તિ પર વિશેષ પ્રકાશ પાથરતાં કહ્યુંઃ 'ભગવાન શ્રી સ્વામિનારાયણે ભક્તિની વ્યાખ્યા કરી છે તેનું સાક્ષાત્ મૂર્તિમંત સ્વરૂપ હતા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ. તેમના શ્વાસ સમજો કે તેમના હૃદયની ધડકન સમજો, ભક્તિ જ તેમના જીવનનું પ્રધાન પ્રેરણાબળ હતું. લોકો મોટાં મોટાં કાર્યો કરે છે પણ તેની પાછળનો હેતુ સ્વાર્થ, મહત્ત્વાકાંક્ષા, કીર્તિ કે અન્ય કામના હોય છે, પરંતુ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી સૌએ અનુભવ કર્યો કે તેઓએ મોટાં મોટાં કાર્યો કર્યાં તેની પાછળ પૂર્વોક્ત કોઈપણ કારણ જોવા નથી મળ્યું. તેમણે કેટલાંય મોટાં મોટાં કીર્તિમાનો સ્થાપિત કર્યાં, પરંતુ કેવળ એક જ લક્ષ્ય હતું – ભક્તિ. તેમણે સમાજસેવાના મોટા મોટા કેટલાય પ્રકલ્પો કર્યા, ભૂકંપ રાહતકાર્ય ને દુષ્કાળરાહત કાર્યો કર્યાં, હૉસ્પિટલો-શાળા-મહાશાળાઓ રચી, ૧૭૦૦૦થી વધુ ગામોમાં પરિભ્રમણ કર્યું, લાખો લોકોને વ્યક્તિગત મળ્યા, લાખો લોકોને વ્યસનમુક્ત કર્યા, આવું જે કંઈ પણ કર્યું છે તેની પાછળ કેવળ એક શક્તિનો સ્રોત હતો – ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે શુદ્ધ ભક્તિ.'

એમ કહીને તેઓએ પ્રમુખસ્વામી મહારાજના ભક્તિસભર પ્રસંગોની રજૂઆત કરી. ત્યારબાદ વીડિયો પર દિલ્હીના સ્વામિનારાયણ અક્ષરધામના ઉદ્‌ઘાટન પ્રસંગે પ્રમુખસ્વામી મહારાજે અર્પેલા આશીર્વાદની ટૂંકી ઝલક પ્રસ્તુત થઈ, જેના શબ્દે શબ્દમાં પ્રમુખસ્વામી મહારાજની અજોડ ભક્તિ ટપકતી હતી.

ત્યારબાદ ચતુર્થ ખંડ પ્રસ્તુત થયોઃ ભગવાનનું સ્વરૂપ છે સંત.

વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૦માં શ્રીજીમહારાજ ઉચ્ચારે છે કે જે સાધુ પોતાના જીવાત્માને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીર થકી પૃથક્ માને અને તેને વિશે અખંડ ભગવાન વિરાજમાન છે એમ સમજે, તો તે થકી ભગવાન અણુમાત્ર છેટે નથી અને એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે, મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું.

અવિરત ભક્તિરત પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં અસંખ્ય લોકોને ભગવાનની અનુભૂતિ થતી હતી. કારણ કે પ્રમુખસ્વામી મહારાજ હતા વચનામૃતમાં ઉપદિષ્ટ ભગવત-સ્વરૂપ સંત.

વીડિયો પ્રસ્તુતિ દ્વારા મહંત સ્વામી મહારાજે ભગવાનના સ્વરૂપ સમાન પ્રમુખસ્વામી મહારાજનો મહિમા દૃઢાવતાં કહ્યુંઃ 'આપણને એવા સંત પ્રમુખસ્વામી મહારાજ મળ્યા એટલે કૃતાર્થ થયા. કોઈ આપણને પૂછે કે ભગવાનનાં દર્શન થયાં? તો છાતી કાઢીને કહેવું કે હા, દર્શન થયાં છે. એવો નિશ્ચય દૃઢ થવો જોઈએ. આવા સંતનાં દર્શન થયાં એટલે સાક્ષાત્ ભગવાનનાં દર્શન થયાં.'

આ વિષયને વધુ દૃઢાવતાં આનંદસ્વરૂપદાસ સ્વામીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યુંઃ 'પ્રમુખસ્વામી મહારાજને પૂર્ણતયા ભગવાનનો સાક્ષાત્કાર હતો. પ્રમુખસ્વામી મહારાજની સંગત કરનાર બધાને પ્રતીતિ થઈ કે સ્વામીશ્રી દ્વારા સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ થઈ હતી. ક્યારેક તો એક વખત પણ પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કર્યાં તેમાંથી ઘણાને સ્વામીશ્રીમાં ભગવાનનો અહેસાસ થયો હતો.

મુંબઈમાં એક વિખ્યાત પારસી સૉલિસિટર શ્રી સિધવા સાહેબે સન ૨૦૦૬માં પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કર્યાં ત્યારે તેઓએ સહાયક સૉલિસિટર સંદીપ મહેતાને કહ્યું કે તમારા પિતાજી મને વખતોવખત કહેતા હતા કે પ્રમુખસ્વામી

મહારાજમાં સાક્ષાત્ ભગવાન બિરાજે છે ત્યારે હું તેમની વાતોને માનતો નહોતો, પરંતુ આજે મને દર્શન થયાં ત્યારે મને અનુભવ થયો કે પ્રમુખસ્વામી મહારાજમાં ખરેખર સાક્ષાત્ ભગવાન બિરાજે છે.

બાહરિનના શીખ ભક્ત શ્રી જસબીરસિંઘે મનમાં ૬ સંકલ્પ કરી રાખ્યા હતા. અંતર્યામીપણે પ્રમુખસ્વામી મહારાજે તેમના બધા જ સંકલ્પ પૂરા કર્યા તે દિવસથી તેમણે પ્રમુખસ્વામી મહારાજને ભગવાનના સ્વરૂપ તરીકે સ્વીકાર્યા અને આજે તે પરમ ભક્ત બની ગયા છે.

સન ૧૯૮૮માં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પૂર્વ આફ્રિકાના મોમ્બાસા શહેરમાં પધાર્યા હતા. ત્યાં એક મુસ્લિમ મહિલાએ મનમાં નિર્ણય કર્યો હતો કે મને ભગવાન જેવા ઓલિયા પુરુષની ભેટ થઈ જાય તો હું બે લાખ શિલિંગનું દાન કરીશ. સ્વામીશ્રીનાં દર્શન થતાં જ તે બોલી ઊઠી કે આ સાક્ષાત્ ભગવાન સમાન ઓલિયા પુરુષ છે. એવી પ્રતીતિ થતાં જ તેણે બે લાખ શિલિંગનું દાન કર્યું.

મુંબઈના વિખ્યાત ઈન્કમટેક્સ પ્રેક્ટિશનર હીરાલાલ સોઢાએ પ્રવચનમાં કહ્યું હતું કે ‘આમ તો હું વૈષ્ણવ છું, પરંતુ વર્ષોથી યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ સાથે જોડાયેલો છું. હું તમને પ્રશ્ન પૂછવા માંગુ છું કે શું તમે ભગવાનને જોયા છે? કદાચ મૂર્તિના સ્વરૂપે જોયા હશે. પરંતુ અસલી સ્વરૂપે જોવા હોય તો અહીં સ્વામીશ્રીના સ્વરૂપે ઉપસ્થિત છે. જે રીતે ભગવાન પ્રત્યે તમને શ્રદ્ધા છે તેવી જ શ્રદ્ધા પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે રાખવી જોઈએ.’

સુપ્રીમ કોર્ટના જજ સી. કે. ઠક્કરે સ્વામીશ્રીને કહ્યું હતું કે સ્વામીજી પહેલાં આપના પ્રત્યે મને આદરભાવ હતો, ત્યારબાદ પૂજ્યભાવ થયો, પરંતુ જ્યારે આતંકવાદીઓએ અક્ષરધામ પર હુમલો કર્યો ત્યારબાદ આપની જે પ્રતિક્રિયા હતી તે જોઈને મને લાગે છે કે આપની કક્ષા ભગવાન સમાન છે. તમારા ચહેરાની ચારે તરફ ભગવાનની આભા મને દેખાય છે.’

પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં લાખો લોકોએ કર્યો હતો સાક્ષાત્ ભગવાનનાં દર્શનનો અનુભવ. આવા સંત દ્વારા મોક્ષની પ્રતીતિ કરાવતાં ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં કેટલીય વખત સંતને મોક્ષદાતા કહ્યા છે.

આ વાતને દૃઢાવતો પંચમ ખંડ પ્રસ્તુત થયોઃ મોક્ષની પ્રતીતિ કરાવે તે સંત.

ગઢડા પ્રથમ પ્રકરણના ૫૪મા વચનામૃતમાં શ્રીહરિ ઉચ્ચારે છે કે સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને મહાત્મ્યજ્ઞાન સહિત ભગવાનની ભક્તિયુક્ત ભગવાનના એકાંતિક સાધુના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે. વળી, જીવને મોક્ષનું દ્વાર તે પણ સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અસંખ્ય લોકોને કરાવેલી આ પ્રતીતિ વિશે જણાવતાં વીડિયોના માધ્યમથી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે કહ્યુંઃ ‘બધા ઘણા મને પ્રશ્ન કરે છે કે મારું અક્ષરધામ પાકું ને? પાકું પાકું પાકું.. આપણે કેટલાંય સાધન કર્યાં અનંત જન્મ લીધા, તોય મોક્ષનો પત્તો પડ્યો નથી. મોક્ષની આ વાત કોઈ સમજ્યા જ નથી. પરંતુ જેણે પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કર્યાં છે તે બધાને ગેરંટી છે કે મોક્ષ થઈ જશે. આમ વારે વારે પૂછવાનું નહીં. પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કર્યાં તે બધાંનો મોક્ષ અને અક્ષરધામ પાકું...’

આ વિષય પર સંબોધન કરતાં બ્રહ્મવિહારીદાસ સ્વામીએ જણાવ્યુંઃ ‘પ્રમુખસ્વામી મહારાજના યોગમાં આવનાર હજારો હરિભક્તોને મોક્ષની અનુભૂતિ છે. શાસ્ત્રમાં મોક્ષની સમજૂતી છે, પણ મોક્ષની પ્રતીતિ અને અનુભૂતિ એ કાંઈક જુદી વાત છે. હરિભક્તો જ નહીં, બિનસત્સંગી મુમુક્ષુઓને પણ સ્વામીશ્રીનાં દર્શનથી મોક્ષની પ્રતીતિ અને અનુભૂતિ થઈ છે. મોક્ષ એટલે શું? કે આ દુનિયાનાં સુખ-દુઃખથી મુક્તિ મળે એના કરતાં પણ દેહના ભાવ અને સ્વભાવ, અહં-મમત્વથી મુક્તિ મળે એ મોક્ષનું બીજું ચરણ કહેવાય. ડો. એ.પી.જે. અબ્દુલ કલામ વૈજ્ઞાનિક હતા, વિદ્વાન હતા, સ્પષ્ટ અને સત્ય વક્તા હતા. સન ૨૦૧૫માં તેઓ સ્વામીશ્રીને ટ્રૅન્સેન્ડન્સ પુસ્તક અર્પણ કરવા પધાર્યા, તે વખતે એમણે નિખાલસપણે સ્વામીશ્રીને કહ્યું હતુંઃ ‘you are a great teacher. you have tought me how to remove 'I' and how to remove 'my'. દુનિયાના ઘણા બધા મહાનુભાવો, નેતાઓ, ધાર્મિક ગુરુઓ, વિચારકો અને પવિત્ર પુરુષોને મળીને દરેક પાસે કંઈક ને કંઈક શીખવાની વૃત્તિ ધરાવનાર ડૉ. કલામે કહ્યું કે મને અહં અને મમત્વથી પર લઈ જનાર કોઈ હોય તો તે પ્રમુખસ્વામી મહારાજ છે.

કેવળ સુખ-દુઃખ અને અહં-મમત્વથી પર થવું એ જ મોક્ષની વાત નથી. ત્રીજી વાત એ છે કે આ લોક અને પરલોકથી પણ પર થવું. ડૉ. કલામે પોતાના જીવનની એવી દિવ્ય અનુભૂતિ લખતાં ટ્રૅન્સેન્ડન્સ પુસ્તકમાં ઉપસંહારમાં લખ્યું છે – એક મોડી રાત્રે ઠંડી હવાની લહેર વચ્ચે તેઓ ઘરના બગીચામાં એક અર્જુન વૃક્ષ પાસે ખુરશીમાં બેઠા હતા ને આંખ મીંચાઈ ગઈ. ત્યારે એમને અહેસાસ થયો કે પ્રમુખસ્વામી મહારાજે તેમનો હાથ પકડ્યો છે. તેઓ અને પ્રમુખસ્વામી મહારાજ ચાલતા થયા. આ પૃથ્વી ઉપરથી પર

ગયા, અવકાશમાં ચાલતા રહ્યા, સ્વર્ગ આવ્યું, સ્વર્ગથી પણ પર ગયા. પેગંબર ને દેવદૂતો મળ્યા. એનાથી પણ પર જતા ગયા ને એવો સમય આવ્યો કે તેઓ ને પ્રમુખસ્વામી મહારાજ એકલા જ હતા. એમ કહીને તેમણે પ્રમુખસ્વામી મહારાજે કેવી રીતે આ લોક અને પરલોકથી પરની પ્રતીતિ કરાવી તે સ્વાનુભવની વાત વર્ણવી છે. પ્રમુખસ્વામી મહારાજે તેમને ભગવાનની લગોલગ ભ્રમણકક્ષામાં મૂકી દીધા - તે બધી અનુભૂતિ તેમણે અદ્‌ભુત રીતે ટ્રેન્સેન્ડન્સ પુસ્તકમાં વર્ણવી છે.

આવા તો અનંત હરિભક્તો, અનંત મુમુક્ષુઓ છે. સૌને કેવળ સમજૂતી નથી, પણ પ્રતીતિ ને અનુભૂતિ છે.'

મોક્ષની આ પ્રતીતિને દૃઢાવતા પ્રમુખસ્વામી મહારાજનાં વીડિયો દર્શન અને અમૃતવચનો વાતાવરણમાં ગુંજવા લાગ્યાં: '*ભાગ્ય જાગ્યાં રે આજ જાણવાં, કોટિ થયાં કલ્યાણ...*' નિષ્કુળાનંદ સ્વામીએ વાત કરી. આપણાં ભાગ્ય એટલે શું? મહારાજ અને સ્વામી મળ્યા, એમનું જ્ઞાન થયું અને એમની ઓળખાણ થઈ અને આપણને એમણે સ્વીકાર્યા, રમાડ્યા, જમાડ્યા એ આપણાં ભાગ્ય છે. હવે આપણે બીજો જન્મ લેવાનો છે નહીં, આ જ જન્મે આપણું કલ્યાણ થશે. અક્ષરધામમાં પહોંચી જઈશું. માટે કોઈ જાતનો ડગમગાટ રાખવો નહીં. કેટલાક પૂછે કે કલ્યાણ થશે? આ જોગી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ મળ્યા પછી પૂછવાનું શું હોય? કલ્યાણ થઈ જ ગયું સમજવાનું.'

આમ, વચનામૃતનાં અમૃતવચનોને આધારે પ્રમુખસ્વામી મહારાજની ગુણાતીત સંત તરીકેની અજોડ પ્રતિભાનું દર્શન માણતાં સૌ ભાવવિભોર બન્યા હતા. તેમાં અભિવૃદ્ધિ કરતાં પ્રમુખસ્વામી મહારાજની અક્ષરબ્રહ્મ તરીકેની ઓળખાણ અંગે વચનામૃતની સાક્ષીએ સંબોધન કરતાં ઈશ્વરચરણદાસ સ્વામીએ કહ્યું: 'આપણે ખરેખર ખૂબ જ ભાગ્યશાળી છીએ કે સ્વામિનારાયણ ભગવાને પોતાની વાણી સ્વરૂપે આપણને અમૂલ્ય ગ્રંથ વચનામૃત આપીને સમગ્ર શાસ્ત્રનો સાર આપ્યો છે. એટલું જ નહીં, એના દ્વારા જ આપણે શ્રીજીમહારાજનું દિવ્ય સ્વરૂપ ઓળખી શક્યા. તેઓ પોતાની સાથે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને લાવ્યા. વચનામૃતમાં

'બધા ઘણા મને પ્રશ્ન કરે છે કે મારું અક્ષરધામ પાકું ને? પાકું પાકું પાકું... આપણે કેટલાંય સાધન કર્યાં, અનંત જન્મ લીધા, તોય મોક્ષનો પત્તો પડ્યો નથી. મોક્ષની આ વાત કોઈ સમજ્યા જ નથી. પરંતુ જેણે પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કર્યાં છે તે બધાને ગેરંટી છે કે મોક્ષ થઈ જશે. આમ વારે વારે પૂછવાનું નહીં. પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કર્યાં તે બધાંનો મોક્ષ અને અક્ષરધામ પાકું...'

**- પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ**

આ અક્ષરબ્રહ્મ એટલે કે ગુણાતીત સંતનો મહિમા શ્રીહરિએ અપરંપાર કહ્યો છે.

સમર્થ હોવા છતાં તુચ્છ જીવના અપમાનને આનંદથી સહન કરી શકે એવા ગુણાતીત સંત માટે ગઢડા પ્રથમ પ્રકરણ ૨૭મા વચનામૃતમાં કહ્યું કે એ સંત સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ છે, એ જગતના આધારરૂપ છે, એ સંતની આંખોમાં જોનારા ભગવાન છે, એ સંતના પગમાં ચાલનારા ભગવાન છે, એ સંત દ્વારા આ સમગ્ર સૃષ્ટિની અંદર જીવ-પ્રાણીમાત્રને જોવાની, ચાલવાની સામર્થી એ સંત આપે છે. એવા સંત સર્વ જગતના આધારરૂપ છે.

ગઢડા પ્રથમ પ્રકરણના ૩૭મા વચનામૃતમાં એવા સંતને શ્રીજીમહારાજ અગિયાર પદવી આપે છે. શ્રીજીમહારાજ કહે છે કે એવા સંતનાં દર્શનને અમે ઇચ્છીએ છીએ. એના ચરણની રજ અમે માથે ચઢાવીએ છીએ. એને દુઃખવતા થકા અમે બીએ છીએ. એવા સંતનાં દર્શનથી અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે અને એવા સંતનું દર્શન એ સાક્ષાત્ ભગવાનનાં દર્શન તુલ્ય છે.

આવા ગુણાતીત અક્ષરબ્રહ્મ સંતની આવી એક અદ્‌ભુત ઓળખાણ સ્વામિનારાયણ ભગવાને કરાવી.

ગઢડા અંત્ય પ્રકરણના બીજા વચનામૃતમાં પણ સ્વામિનારાયણ ભગવાને અદ્‌ભુત વાત કરી છે. જેવી આપણને પરોક્ષને વિશે પ્રતીતિ છે, એવી પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિશે પ્રતીતિ થાય તો કલ્યાણને અર્થે બીજું કોઈ સાધન કરવાનું બાકી રહેતું નથી. શ્રીજીમહારાજે કહ્યું કે આ વાત અતિ સૂક્ષ્મ છે, અતિશય ઝીણી છે. પણ શ્રીજીમહારાજે કૃપા કરીને પોતાનું સ્વરૂપ અને ગુણાતીત સંતનું સ્વરૂપ આપણને ઓળખાવ્યું. આપણે ખરેખર ખૂબ ભાગ્યશાળી છીએ કે આપણને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને આજે મહંત સ્વામી મહારાજની પ્રાપ્તિ થઈ છે. આપણા જેવું આ બ્રહ્માંડની અંદર કોઈ ભાગ્યશાળી નથી. યોગીજી મહારાજ અનેકવાર બોલતા કે '*આ બ્રહ્માંડમાં આપણા તુલ્ય ભાગ્યશાળી માનો એ જ ભૂલ્ય.*'

એમ કહીને તેમણે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના મુખેથી સાંભળેલા પ્રમુખસ્વામી મહારાજના

## જન્મજયંતી ઉત્સવે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો સંદેશ



*એ જાણીને અત્યંત આનંદ થયો કે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી મહોત્સવની રાજકોટ ખાતે ઉજવણી કરી રહી છે.*


*'નિષ્કામ કર્મયોગી' પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ દિવ્યતા અને ભવ્યતાના અદ્‌ભુત સમન્વય સમા હતા. તેઓ કરુણા અને વિનમ્રતાની મૂર્તિ હતા. નિઃસ્વાર્થ સેવા અને શાણપણની ઝળહળતી જ્યોત સમા પ્રમુખસ્વામી મહારાજની સમાજ-સેવાઓ હંમેશાં યાદ કરાશે. તેમની અદ્‌ભુત સેવાઓ અને માનવતાવાદી પ્રયાસો અસંખ્ય લોકોને સ્પર્શી ગયાં છે.*

*તેમની સાથેના મારા સંબંધો એવા હતા કે હું તેમને મારા માર્ગદર્શક તરીકે જ નિહાળતો રહ્યો છું. તેમની સાથે મેં સદાસ્મરણીય એવી ક્ષણો વિતાવી છે. તેમની સાથે મેં કરેલા વાર્તાલાપ હું ક્યારેય વીસરી શકીશ નહીં. તેમની સાથેના સંવાદો દરમ્યાન હંમેશાં એક શિષ્ય પોતાના ગુરુ સમક્ષ અને પુત્ર પોતાના પિતા સમક્ષ હોય, તેવું મેં અનુભવ્યું છે. તેમના સ્નેહ-આશીર્વાદ મેળવવા હું સદ્‌ભાગી બન્યો છું. મેં અસંખ્ય પ્રસંગોએ અનુભવ્યું છે કે મારા સર્વાંગી વિકાસ અને સુખ માટે તેમણે ખૂબ સ્નેહપૂર્વક મારી ચિંતા કરી છે.*

*તેઓ ભલે ભૌતિક સ્વરૂપે આપણી વચ્ચે ન હોય, પરંતુ તેમનું જીવન, તેમના વિચારો, તેમની ક્રિયાઓ અને આદર્શો માનવજાતને સદા માર્ગદર્શન આપતા રહેશે. તેમના વિચારો તમામ ભેદરેખાઓથી પર હતા. હવે એ આપણી સામુદાયિક ફરજ છે કે તેમનાં જીવન, સંદેશ અને વિચારોને આપણા નિત્ય જીવનમાં સાકાર કરીએ.*

*તેમનો જન્મજયંતી મહોત્સવ એ દરેક હૃદયમાં પ્રેમ, કરુણા, સંવાદિતા, ભાઈચારો, સમતા, શાંતિ અને રાષ્ટ્રીય એકતા વગેરે ગુણોને દૃઢ કરવાનો અવસર છે. તેમનાં આર્ષદર્શન અને આશીર્વાદથી ઊજવાતો આ ઉત્સવ પછાત અને વંચિતો સહિત સૌના જીવનઉત્કર્ષનો પ્રસંગ બની રહેશે. તેમનાં દિવ્ય ચરણોમાં વિનમ્રતાપૂર્વક પ્રણામ કરીને મહોત્સવની સફળતા માટે પ્રાર્થના કરું છું.*

**નરેન્દ્ર મોદી** *(નવી દિલ્હી, ૧૦ ડિસેમ્બર, ૨૦૧૮)*



प्रधान मंत्री
Prime Minister
MESSAGE

અજોડ મહિમાની સ્મૃતિઓ કરી હતી.

ત્યારબાદ સંબોધન કરતાં ડોક્ટર સ્વામીએ જણાવ્યું કે 'સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં આપણા મોક્ષને માટે ગુણાતીત સંતને વારંવાર બતાવ્યા છે. ગુણાતીતાનંદ સ્વામીએ પણ એ જ વાત કરી છે. એક વખત ગુણાતીતાનંદ સ્વામીએ *સંત જન સોહી સદા મોહે ભાવે...* વગેરે સંત-મહિમાનાં પદ સાંભળ્યાં ત્યારે તેમણે કહ્યું હતું: 'આ ચાર પદની અંદર ચાર વેદ, ષટશાસ્ત્ર ને અઢાર પુરાણનો સાર આવી ગયો.' આખી ગુણાતીત ગુરુપરંપરાનો આ મહિમા છે. અત્યારે મહંત સ્વામી મહારાજ એવા ગુણાતીત સંત છે. હું તો કોલેજમાં હતો ત્યારથી જ એમના પરિચયમાં છું. તેમણે જે સંજોગોમાં આ ત્યાગાશ્રમ સ્વીકાર્યો હતો તે અદ્‌ભુત છે.' એમ કહીને તેમણે મહંત સ્વામી મહારાજે કઠિન સંજોગોમાં દીક્ષા લઈને યોગીજી મહારાજને રાજી કર્યા હતા તે પ્રસંગો કહ્યા. પછી સંતોની કેટલીક વિશેષતાઓની વાત કરીને વધુમાં તેમણે સંપનો મહિમા સમજાવ્યો હતો.

આજના ઐતિહાસિક અવસરે રાજકોટના વતની તરીકે અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અત્યંત ગુણાનુરાગી ભક્ત તરીકે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વતી કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ તેઓનું પુષ્પહાર પહેરાવી હાર્દિક અભિવાદન કર્યું. શ્રી વિજયભાઈ ગુલાબનો અત્યંત ભરાવદાર કલાત્મક પુષ્પહાર લઈને આવ્યા હતા. જે તેમણે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને પહેરાવીને ભાવપુષ્પો તેમનાં ચરણે અર્પણ કર્યાં. ત્યારબાદ સંબોધન કરતાં તેમણે જણાવ્યું: 'રાજકોટની પવિત્ર ધરતી ઉપર જબરજસ્ત ધર્મ, જ્ઞાન, મૂલ્યો, સદાચાર અને યુવાનોને પ્રેરણા આપનારો ઉત્સવ ઊજવાતો હોય ત્યારે રાજકોટવાસી તરીકે બધાને આનંદ થાય એવો જ આનંદ મને થયો છે. અને એટલે જ ખાસ, આજે પૂર્ણાહુતિ પ્રસંગમાં અત્રે ઉપસ્થિત થયો છું.

પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે સમગ્ર દુનિયાને માનવતાના પાઠ શીખવ્યા છે. પ્રમુખસ્વામી મહારાજ એવું વ્યક્તિત્વ હતું કે એમને જે મળે એ પ્રેમમાં એટલો બધો મગ્ન થઈ જાય કે માણસ તેમને સમર્પિત થઈને તેમની વાત માનતો. તેના મૂળમાં પ્રમુખસ્વામી મહારાજનું વ્યક્તિત્વ અને સાધુનાં

તમામ મૂલ્યો હતાં, શ્રેષ્ઠ સાધુ તરીકેનું તેમનું તપ હતું જે એમના વ્યક્તિત્વમાં નીખરતું હતું. તેની સૌ પર અસર હતી. ૧૧૦૦થી વધુ સંતો ધારત તો પોતાની વ્યક્તિગત કેરિયર ખૂબ સારી બનાવી શક્યા હોત, ખૂબ પૈસા કમાઈ શક્યા હોત, પરંતુ પ્રમુખસ્વામી મહારાજથી આકર્ષાઈને પોતાના ઘર-બાર, કેરિયર - આ બધું છોડીને, સમર્પિત થઈને પોતાના આત્માના કલ્યાણની સાથે ભગવાન સ્વામિનારાયણે જે માર્ગ સૂચવેલો છે એ કઠિન માર્ગ ઉપર ચાલ્યા છે, જેમાં બધું છોડવાનું છે અને સમાજને સમર્પિત થઈને સાધુ જીવનનાં ઉચ્ચ મૂલ્યોને પ્રસ્થાપિત કરીને જીવન જીવવાનું છે. આવા અનેક યુવાનોને સાધુ તરીકે દીક્ષા આપીને પ્રમુખસ્વામી મહારાજે સમાજના ઉત્થાન માટે ૧૧૦૦થી વધુ સંતોને કાર્યરત કર્યા છે. આ કંઈ નાની વાત નથી. અનેક મંદિરો બનાવીને દેશ-વિદેશમાં હિંદુ ધર્મની ધજાપતાકા ફરકાવી. એમ કહેવાય કે વિવેકાનંદ સ્વામીએ શિકાગોમાં હિંદુ ધર્મની વાત કરી ત્યારે લોકો હિંદુ ધર્મથી પ્રભાવિત થયા હતા. ત્યારપછી પ્રમુખસ્વામી મહારાજ એ એવું વ્યક્તિત્વ છે કે જેમણે આજના સમયે સમગ્ર દુનિયામાં હિંદુ ધર્મની, ભારતીય સંસ્કૃતિની ધજાપતાકા લહેરાવીને મંદિરો દ્વારા આપણા ધર્મને પ્રસ્થાપિત કર્યો છે.

પ્રમુખસ્વામી મહારાજ સમાજના સુખે સુખી, સમાજના દુઃખે દુઃખી. દુષ્કાળ હોય, પૂર હોય, ભૂકંપ હોય ત્યારે સમાજની સંવેદનાને લઈને, બધાને સમાજના કામમાં જોડીને, લોકોનું દુઃખ ભુલાવીને કેમ શાતા લોકોને મળે તેની ચિંતા કરતા. ગુજરાતમાં, દેશમાં એવી વિકટ પળો આવી ત્યારે પ્રમુખસ્વામી મહારાજે એ સેવાકાર્ય કરીને લોકોને દુઃખમાંથી સુખમાં પ્રવેશ કરાવ્યો છે. અક્ષરધામ ઉપરનો હુમલો ભલભલાને અકળાવી દે તેવો હુમલો હતો, પરંતુ એ વખતે પ્રમુખસ્વામી મહારાજે ધીરજ, મનમાં બધા પ્રત્યેનો સમભાવ, દયા-અનુકંપા-કરુણા એ ઈશ્વરનાં લક્ષણોનું દર્શન કરાવ્યું હતું તે અજોડ છે. દયા-અનુકંપા-કરુણાથી એ પ્રસંગને તેમણે નિપટાવ્યો, નહીંતર ત્યારે ગુજરાતમાં બહુ મોટાં તોફાનો થઈ શક્યાં હોત, પરંતુ કોમળ હૃદયને કારણે પ્રમુખસ્વામી મહારાજે જે રીતે બધાને માફ કર્યા એ એક ઈતિહાસ બન્યો છે.

ધર્મ અને વિજ્ઞાનને પણ પ્રમુખસ્વામી મહારાજે જોડ્યા હતા. આદરણીય પ્રમુખસ્વામી મહારાજના પુણ્યના પ્રતાપે બી.એ.પી.એસ.માં ભવ્ય આવિષ્કારો અને મૅનેજમૅન્ટ ડેવલપ કરીને મોટા મોટા ઉત્સવો સફળતાપૂર્વક પાર પાડવાની શક્તિ-દૃષ્ટિ પ્રાપ્ત થઈ છે. તેઓની ૯૮મી જન્મજયંતીની ઉજવણીથી ગુજરાતના જાહેર જીવનને, ગુજરાતની આધ્યાત્મિક ચેતનાને, આધ્યાત્મિક મૂલ્યોને, વ્યક્તિથી સમષ્ટિ સુધી ખૂબ મોટો લાભ થયો છે.

એમ કહીને મુખ્યમંત્રીશ્રીએ જીવિત પશુની નિકાસ પર મૂકેલા પ્રતિબંધના કાયદાની જાહેરાત કરીને વિશેષમાં કહ્યું: 'ગુજરાતની ધરતી એ અહિંસાને માનનારી ધરતી છે. પ્રમુખસ્વામી મહારાજ જેવા સંતો, એમની ઈચ્છાઓ, એમની લાગણીઓ, એમની માન્યતાઓને અનુસરીને ગુજરાત આગળ વધવા માંગે છે. અને એટલા માટે ગુજરાતની સરકાર સદાચાર અને વ્યસનમુક્તિ ઉપર વિશેષ ધ્યાન આપીને, એ પ્રકારના વ્યવસ્થા-કાર્યક્રમો બનાવીને આગળ વધી રહી છે.

મને પૂર્ણ શ્રદ્ધા છે કે પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી આપણું ગુજરાત સુરક્ષિત ગુજરાત, સમૃદ્ધ ગુજરાત અને એક ધબકતું ગુજરાત ઉત્તરોત્તર આગળ વધતું વધતું ભારતના રોલમોડેલ બનવા તરફ પ્રયત્ન કરી રહ્યું છે. એમણે ચીંધેલા રાહ પર આપણે સૌ આગળ વધીએ અને પ્રમુખસ્વામી મહારાજ આપણને સતત પ્રેરણા આપતા રહે એવી પ્રાર્થના સાથે તેમનાં ચરણોમાં વંદન કરી મારી વાતને વિરામ આપું છું.'

શબ્દસુમન બાદ મુખ્યમંત્રીશ્રીને કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ શાલ ઓઢાડી સન્માન્યા. મહંત સ્વામી મહારાજે મુખ્યમંત્રીશ્રીને સ્મૃતિભેટ તથા વચનામૃત ગ્રંથ વિશેષ સ્મૃતિરૂપે ભેટ આપ્યો.

આજના પ્રસંગે ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભાવસભર પત્ર લખીને મોકલાવ્યો હતો. તેનું પઠન કરી બ્રહ્મવિહારીદાસ સ્વામીએ કહ્યું, 'આ શુભેચ્છા પત્રનો એક જ વાક્યમાં સાર કહેવો હોય તો તેઓ લખે છે - જ્યારે જ્યારે પ્રમુખસ્વામી મહારાજને હું મળતો ત્યારે ગુરુ સમક્ષ કોઈ શિષ્ય બેઠો હોય અને પિતા સમક્ષ કોઈ પુત્ર બેઠો હોય એવો પ્રેમ પ્રમુખસ્વામી મહારાજે મને આપ્યો છે.'

ત્યારબાદ આજે પ્રમુખસ્વામી મહારાજના જન્મજયંતી મહોત્સવ પર્વે એક વધુ સુંદર ભાવપુષ્પ પ્રમુખસ્વામી મહારાજના ચરણે અર્પણ થઈ રહ્યું છે. એ છે પ્રમુખસ્વામી મહારાજના વિસ્તૃત જીવનચરિત્રનું પહેલું પુષ્પ, પહેલો ભાગ. જેમણે પોતાનું સમગ્ર જીવન માનવજાતિના ઉત્કર્ષ માટે સમર્પિત કર્યું છે, જેમનું જીવન સાધુતાના એવરેસ્ટ શિખર સમાન હતું, જેમનું જીવન વ્યક્તિ-વ્યક્તિના ઉત્કર્ષ માટે હતું, પરોપકાર માટે હતું, ભગવાન શ્રી સ્વામિનારાયણની ભક્તિ માટે હતું એવા વિશ્વવંદનીય, સાધુતાના સમ્રાટ

પ્રમુખસ્વામી મહારાજનું અદ્‌ભુત જીવનચરિત્ર પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામી લખી રહ્યા છે. સંસ્થાના વિદ્વાન સંત પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામી આ બૃહદ્ ગ્રંથમાળા તૈયાર કરી રહ્યા છે. આજે તેના પ્રથમ ભાગનું ઉદ્‌ઘાટન આદર્શજીવનદાસ સ્વામીએ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા કરાવ્યું.

સમગ્ર બી.એ.પી.એસ. સમાજ અને સૌ ગુણાનુરાગીઓએ આ અદ્‌ભુત ગ્રંથના પ્રકાશનને હોંશે હોંશે વધાવી લીધો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પણ ગ્રંથના લેખક પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામીને અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપ્યા.

ત્યારબાદ સમગ્ર બી.એ.પી.એસ. સત્સંગ સમાજ વતી વરિષ્ઠ સંતોએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને વધાવ્યા. સમગ્ર રાજકોટ સત્સંગ મંડળ વતી બ્રહ્મતીર્થદાસ સ્વામી તથા અપૂર્વમુનિદાસ સ્વામીએ પણ સ્વામીશ્રીને વધાવ્યા. રાજકોટમાં ઊજવાયેલા આ જન્મજયંતી મહોત્સવની જેમ સન ૨૦૧૯માં મુંબઈ મહાનગર ખાતે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો ૯૮મો જન્મજયંતી મહોત્સવ ઊજવાશે. મુંબઈ અને મહારાષ્ટ્રના ભક્તો વતી કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી અને અભયસ્વરૂપદાસ સ્વામીએ સ્વામીશ્રીને ભક્તિસભર હારથી વધાવ્યા હતા. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સંપર્કમાં આવનાર મહારાષ્ટ્રની ૯૧,૦૦૦થી વધુ વ્યક્તિઓએ હસ્તાક્ષર કરીને આમંત્રણ પાઠવતો આ હાર ગૂંથીને તૈયાર કર્યો હતો.

ત્યારબાદ પુનઃ એક નૃત્યાંજલિ દ્વારા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં સૌએ વધામણાં કર્યાં.

આ અવસરની ચરમસીમાએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આશીર્વાદ પાઠવતાં જણાવ્યું: ‘અહીં ઘણા સંતો-હરિભક્તો ઉપસ્થિત છે, મંચ ઉપર છે, એ સૌએ સ્વામીશ્રીનાં ગુણગાન ગાયાં. ખાલી ગુણગાન ગાયાંની વાત નથી, ગુણગાન તો બધા એકબીજાનાં ગાયાં જ કરે છે. આ તો પ્રત્યક્ષ જીવન છે, પ્રમુખસ્વામી મહારાજનું. પ્રમુખસ્વામી મહારાજે એક એક સેકંડ, એક એક પળ સમાજ માટે, હરિભક્તો માટે વિતાવી છે.

વચનામૃતમાં જે સંતનાં લક્ષણો બતાવવામાં આવ્યાં તે પ્રમુખસ્વામી મહારાજમાં હતાં. બધા જ ગુણો હતા. કોઈ બાકી નહીં. શબ્દશઃ હતું. જો કહેવામાં આવે તો પ્રમુખસ્વામી મહારાજ જ વચનામૃત હતા. એમણે જીવન જ એવું ભવ્ય બનાવ્યું છે.

પ્રમુખસ્વામી મહારાજની જેમ આત્મારૂપે થઈને ભજન કરવું તે જુદી વાત છે. અને આત્મારૂપે અખંડ ભજન કરે તેને તો આવવા જવાનો પ્રશ્ન જ નથી, અહીંયાં જ અક્ષરધામ છે. એ જ્યાં જાય ત્યાં અક્ષરધામ સાથે લઈ જાય.

વચનામૃત એ નક્કર આધ્યાત્મિક ગ્રંથ છે, તેમાં કોઈ વાદવિવાદ થઈ શકે તેમ નથી. તે આપણને આધ્યાત્મિકતા તરફ લઈ જાય છે. શ્રીજીમહારાજે વાત કરી કે ‘ગમે તે ખૂણેથી લઈ જવા છે.’

આત્મારૂપે થઈને ભગવાનમાં જોડાઈએ તો અક્ષરધામ અહીં જ છે. પ્રમુખસ્વામી મહારાજ વચનામૃતના જીવંત સ્વરૂપ હતા. તેમણે વચનામૃતની એક એક લીટી, એક એક શબ્દ સાર્થક કર્યો છે. એવા પુરુષ આપણને મળ્યા અને આપણે બધાએ ગુણગાન ગાયાં એટલે આપણને ખૂબ જ આનંદ થયો છે.

મુંબઈમાં આવતા વર્ષે ડિસેમ્બર મહિનામાં પ્રમુખસ્વામી મહારાજનો જન્મજયંતી ઉત્સવ થવાનો છે. પ્રમુખસ્વામી મહારાજની તો રોજ શતાબ્દી ઊજવાય તોય ઓછી છે, તેવા પુરુષ હતા. એટલે આપણે એમના આશીર્વાદ પામીએ, એ જ પ્રાર્થના.’

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જન્મજયંતી મહોત્સવ પ્રસંગે આજે એક ઐતિહાસિક અવસર પણ યોજાવા જઈ રહ્યો હતો. એ હતો – પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી રચાયેલ નૂતન આરતીનું અર્ઘ્ય.

ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત અને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ દ્વારા પ્રવર્તિત અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતના ગાન સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણે ભાવવંદના કરતી નૂતન આરતીના નાદ આજથી સમગ્ર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થામાં ગુંજવાના હતા. હજારો ભક્તોની મેદનીએ આજના કાર્યક્રમની પૂર્ણાહુતિનો આ આરતીનું પ્રથમ વખત સમૂહગાન કર્યું ત્યારે સૌનાં હૈયાં અસ્મિતાથી છલકાઈ ઊઠ્યાં. આરતીના નાદ સાથે સૌએ દીપ પ્રજ્વલિત કરીને નૂતન આરતી સાથે અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત ગુરુઓનાં ચરણે ભાવવંદના કરી. નભોમંડળ ‘*જય સ્વામિનારાયણ જય અક્ષરપુરુષોત્તમ*’ના નાદ સાથે ગુંજી ઊઠ્યું!

આમ, રાજકોટ ખાતે ઊજવાયેલો બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો આ ૯૮મો જન્મજયંતી મહોત્સવ સૌ માટે ઐતિહાસિક અને ચિરસ્મરણીય બની રહ્યો – વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ અને નૂતન સ્વામિનારાયણ આરતીના અર્ઘ્ય સાથે... ◆




## રાજકોટ ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી મહોત્સવે ૨૨,૦૦૦ સ્વયંસેવકોની

# સેવા-સમર્પણ ગાથા

● સાબરકાંઠાની જાણીતી ઈસ્પાત કંપનીના માલિક અને ઉદ્યોગપતિ શ્રી જયેન્દ્રભાઈ પટેલ રાજકોટમાં પ્રમુખસ્વામી મહારાજ જન્મજયંતી મહોત્સવમાં એક સ્વયંસેવક તરીકે એંઠવાડમાંથી રિસાઈકલેબલ કચરો અલગ કરવાની સેવા કરે છે. તેઓ કહે છેઃ 'પ્રમુખસ્વામી મહારાજને નિર્માનીપણું ખૂબ ગમતું. મારામાં એમના જેવું નિર્માનીપણું આવે એ માટે આ સેવામાં જોડાયો છું.'

● હિંમતનગરની જિલ્લા કોર્ટના રજિસ્ટ્રાર શ્રી એ. એન. પટેલ અહીં રસ્તો સાફ કરવાની સેવા કરી રહ્યા છે. તેઓ કહે છેઃ 'મને આજ્ઞા થઈ છે - આ સેવા કરવાની. ભગવાન અને સંતની આવી સેવાનો અવસર ફરી ક્યારે મળે?!'

● રાજકોટના ચેતનભાઈ ભંડેરી સામાન્ય આર્થિક પરિસ્થિતિમાં કામ-ધંધો બંધ કરી બે મહિના સુધી પત્ની સહિત સેવામાં જોડાઈ ગયા. તેઓ કહેઃ 'અમારા ગુરુની સેવાનો આવો અવસર પછી અમને ક્યારે મળશે? વ્યાજે પૈસા લાવીને ઘરનો વહેવાર ચલાવશું, પરંતુ સેવા જતી કરવી નથી.'

● રાજકોટના અગ્રણી ડેવલપર શ્રી મહેશભાઈ સુતરિયાને સ્વયંસેવકો મળ્યા. સ્વામિનારાયણ નગરની જમીનને સમથળ કરવા તેમજ અન્ય કાર્યો માટે લોડર, રોલર, એસ્કેલેટર વગેરે સાધનોની જરૂરિયાત હતી. તેઓએ નવસારી ખાતે ચાલી રહેલા પોતાના પ્રોજેક્ટને થંભાવી દઈને બધાં સાધનો

સ્વામિનારાયણ નગરની સેવામાં નિઃશુલ્ક આપી દીધાં. એટલું જ નહીં, તેઓ જાતે પણ સેવામાં જોડાઈ ગયા. 'પ્રમુખસ્વામી મહારાજે કરેલું કાર્ય જ એવું છે કે એમાં અમારે સેવા કરવાની જ હોય ને!' તેઓના આ ઉદ્‌ગારો હૈયાની હાટડીએથી વહેતા હતા.

● મહોત્સવની જાહેરાતમાં રાજકોટ શહેરમાં ફરતી રિક્ષાઓએ મોટી સેવા કરી હતી. એમાં ઘણા રિક્ષાચાલકો મુસ્લિમ હતા. એ મુસ્લિમ બિરાદરોએ સામે ચાલીને સંસ્થાના કાર્યકરોનો સંપર્ક કરીને કહ્યું: 'અમને પણ આ સેવા આપો. અમે પણ આ જાહેરાત વિના મૂલ્યે કરીશું. પ્રમુખસ્વામી મહારાજ ધર્મ-નાત-જાતના ભેદભાવોથી પર હતા. તેઓ માનવમાત્રના ઉત્કર્ષમાં માનતા હતા. અમે તેઓની આ સેવા રાજીખુશીથી કરવા તૈયાર છીએ.'

– સેવા-સમર્પણના આવા એક-બે નહીં, રાજકોટમાં ઊજવાયેલા પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી મહોત્સવે સેંકડો પ્રસંગોની હારમાળા રચાઈ હતી.

જેમણે જીવનભર માનવજાતની સેવા માટે પોતાની ક્ષણેક્ષણનો વિનિયોગ કર્યો છે એવા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ માટે કંઈક કરી છૂટવાની ભાવનાનો અહીં ૨૨,૦૦૦થી વધુ સ્વયંસેવકો અને નાની-મોટી સેવા કરનારા અનેક ભક્તો-ભાવિકોના હૈયે પ્રતિઘોષ ઊઠ્યો હતો.

અહીં નાનામાં નાની સેવા કરનારાઓમાં કોઈ ઉદ્યોગપતિ હતા, કોઈ સરકારી પદાધિકારીઓ હતા, કોઈ સામાજિક પ્રતિષ્ઠિત અગ્રણી હતા, કોઈક સાવ સામાન્ય આર્થિક પરિસ્થિતિ ધરાવતા હતા, કોઈક સ્વાસ્થ્યની વેદનાદાયક પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા હતા, કોઈક માલેતુજાર હતા, કોઈક આદિવાસી પણ હતા, કોઈક કઠિનતમ પારિવારિક સંજોગોમાંથી પસાર થઈ રહ્યા હતા, તો કોઈક સ્વજનની અતિ માંદગી કે પ્રિયજનના મૃત્યુની વેદના વચ્ચે પણ સેવા કરવા થનગનતા હતા. કોઈ ધંધા-વ્યવસાયને તાળાં મારી સેવામાં જોડાયા હતા, તો કોઈક પોતાની નોકરીને ઠોકર મારીને ભક્તિભાવથી સેવામાં લાગી ગયા હતા.

હા, આ હતો – સેવા અને સમર્પણનો મહોત્સવ.

આબાલ-વૃદ્ધ-સ્ત્રી-પુરુષ સૌ કોઈ અહીં સેવા અને સમર્પણના સાચા ભાવથી સેવામાં સમર્પિત થયાં હતાં.

સેવા અને સમર્પણની વેદિકા ઉપર રચાયેલા સ્વામિનારાયણ નગરની મુલાકાતે આવનારા સૌ મુલાકાતીઓ બી.એ.પી.એસ. સંસ્થાનું આયોજન જોઈને અભિભૂત થઈ જતા હતા. મહોત્સવ સમિતિએ એવું સુંદર આયોજન કર્યું હતું કે રોજના હજારો ભાવિકો દર્શનાર્થે આવતા હોવા છતાં સૌને આ મહોત્સવને માણવાનો અનોખો આનંદ આવ્યો. રવિવારે તો દર્શનાર્થીઓની સંખ્યા દોઢ લાખને પાર કરી ગઈ હતી. આમ છતાં દર્શનાર્થીને કોઈ પ્રકારની તકલીફ ન પડે એવી વ્યવસ્થા હતી. અતિ વૃદ્ધ અને અશક્ત લોકો માટે વ્હીલચેર તેમજ ગોલ્ફકારની પણ સુવિધા હતી. સ્વામિનારાયણ નગરની મુલાકાતે આવતા લોકોનાં વાહનોનાં પાર્કિંગથી લઈને જમવાની વ્યવસ્થા સુધીની બધી જ વ્યવસ્થામાં સંસ્થાના સંતો અને કાર્યકરોની વહીવટી સૂઝ ઊડીને આંખે વળગતી હતી. સમગ્ર ઉત્સવની કામગીરીને જુદા જુદા ૫૦ વિભાગોમાં વહેચવામાં આવી હતી. દરેક વિભાગની સેવાનું આયોજન, તેનું અનુશીલન અને તેની પાછળની સેવા-સમર્પણની ભાવનાઓ બધાને નતમસ્તક કરી દે તેવું હતું.

અહીં આ ઉત્સવની પાર્શ્વભૂમાં રહેલી સેવા-સમર્પણની ગાથા પર એક દૃષ્ટિ કરીએ.

## પૂર્વતૈયારીઓમાં સેવા-સમર્પણ

રાજકોટ ખાતે જ્યારથી પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી મહોત્સવની ઉજવણી કરવાનું નક્કી થયું, ત્યારથી સંતો-કાર્યકરો દ્વારા રાજકોટમાં મહોત્સવ માટે જમીનની શોધખોળ શરૂ થઈ ગઈ હતી. સૌપ્રથમ રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે મહોત્સવ ઊજવવાનું નક્કી થયું, પણ વિમર્શ કરતાં જણાયું કે આ જગ્યા પર્યાપ્ત નહીં રહે. આથી વધુ ખોજ કરતાં માધાપર ચોકડી પાસે મોરબી-માધાપર બાયપાસ પરની વિશાળ ભૂમિ સંતો-કાર્યકરોને મહોત્સવ માટે અનુકૂળ જણાઈ. આ ભૂમિ પર જો ઉત્સવ થાય તો રાજકોટ શહેરથી ઉત્સવ સ્થળ નજીક થાય અને બધી વ્યવસ્થા પણ સરળતાથી સચવાઈ જાય. પરંતુ સૌને પસંદ પડેલી આ ભૂમિ ૭૦ જેટલા અલગ અલગ ખેડૂતોની હતી. તેમાંથી કોઈપણ ખેડૂત બી.એ.પી.એસ. સંસ્થાના સંપર્કમાં નહોતા. તેથી ધીમે ધીમે સંતો-કાર્યકરોએ આ જમીન માલિકોનો સંપર્ક કર્યો અને સૌએ પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યેના આદરભાવથી સહયોગ આપવાની તૈયારી બતાવી. કોઈએ એક એકર, કોઈએ બે એકર, કોઈએ સાત એકર ભૂમિ મહોત્સવ માટે સેવામાં આપી. આ બધી મળીને કુલ ૫૫૦ એકર જેટલી ભૂમિ સંપાદિત થઈ. કેટલાક ખેડૂતો સામેથી આવીને કહી ગયા કે 'અમે એવો પાક વાવીશું કે જેથી ઉત્સવ માટે જમીન આપવાની થાય તે પહેલાં પાક લેવાઈ જાય.' કેટલાક ખેડૂતોએ તો પોતાના પાક પણ જતા કર્યા. આ ઉપરાંત રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી



મહોત્સવ-સ્થળ સ્વામિનારાયણ નગરના ભવ્ય પ્રવેશદ્વાર કે મંદિરોની રચનાથી લઈને લેન્ડસ્કેપ સુધી સંતોની સેવાઓ પ્રેરણાસભર હતી. ૨૨,૦૦૦ સ્ત્રી-પુરુષ સ્વયંસેવકોએ સંતોની નિશ્રામાં દિવસ-રાત ભક્તિમય પુરુષાર્થ કર્યો...

પણ મહોત્સવ માટે જમીન પ્રાપ્ત થઈ.

મહોત્સવ સ્થળ 'સ્વામિનારાયણ નગર' માટે વિશાળ ભૂમિ તો પ્રાપ્ત થઈ ગઈ, પણ આ ભૂમિને હવે મહોત્સવના નગરનું નિર્માણ કરવા માટે લાયક બનાવવાની હતી. ઠેર ઠેર જમીનના શેઢાઓ પર સિમેન્ટનાં પાટિયાં લગાવેલાં હતાં. એ બધું કાઢવામાં સ્વયંસેવકોએ મધરાત સુધી જાગી જાગીને ખૂબ સેવા કરી. દરેક પાટિયા ઉપર ખેતર અને ખેડૂતના નંબર પણ લખ્યા. આ પાટિયાંની સંખ્યા એટલી વધારે હતી કે તે પાટિયાં જ ફક્ત ૨૫ વીઘા ભૂમિમાં મૂકવા પડ્યા. વળી, એ સિમેન્ટનાં પાટિયાં ચાર વ્યક્તિ ઊંચકે ત્યારે એક પાટીયું નીકળે એટલા વજનદાર હતા. એટલું જ નહીં પાટિયાં કાઢતી વખતે ક્યારેક સાપ નીકળે અને મચ્છરોનો તો અનહદ ત્રાસ થાય. તેમ છતાં સ્વયંસેવકો નિશ્ચિંત બનીને સેવા કરતા રહ્યા. સ્વામિનારાયણ નગરની ભૂમિને સમથળ કરવા માટે પણ સ્વયંસેવકોએ રાત-દિવસ પુરુષાર્થ કર્યો.

એક તરફ સ્વામિનારાયણ નગરના નિર્માણનું કામ ચાલી રહ્યું હતું ને બીજી તરફ સ્વામિનારાયણ નગરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો નિવાસ ક્યાં રાખવો તેનો વિચાર ચાલી રહ્યો હતો. એવામાં સૌની દૃષ્ટિ 'અતિથિદેવો ભવ' (એ.ડી.બી.)રિસોર્ટ પર ઠરી. સ્વામિનારાયણ નગરની ભૂમિની બરાબર સામે જ આવેલો આ રિસોર્ટ સ્વામીશ્રીના નિવાસ માટે સાનુકૂળ પડે તેવો હતો. તેથી અપૂર્વમુનિદાસ સ્વામી વગેરે સંતો એ.ડી.બી.ના માલિક શ્રી હેમરાજભાઈ ડાંગર પાસે ગયા. સંતોએ સ્વામીશ્રીના નિવાસ અંગે વાત કરી. તેમણે સહર્ષ સ્વામીશ્રીના નિવાસ માટે મંજૂરી આપી દીધી. એટલું જ નહીં, પણ ઉત્સવ દરમ્યાન જ તા. ૧૨ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ તેમના દીકરા સાગરના લગ્નનું આયોજન કર્યું હતું. પણ હેમરાજભાઈએ સામેથી કહ્યું કે 'તમે ચિંતા ન કરશો. મારા માટે લગ્ન નહીં, પણ પ્રમુખસ્વામી મહારાજનો જન્મજયંતીનો પ્રસંગ મોટો છે.' તેમના દીકરાનાં લગ્નનું રિસેપ્શન પણ આ જ સ્થળે તા. ૧૩-૧૪ ડિસેમ્બર દરમ્યાન રાખ્યું હતું તે પણ તેઓએ મુલતવી રાખીને તા. ૧૭ ડિસેમ્બરના રોજ ગોઠવ્યું. તેઓએ જન્મજયંતી મહોત્સવની તારીખ દરમ્યાન જ ત્રણ મોટા ઓર્ડર લઈ લીધા હતા. એ લાખો રૂપિયાના ઓર્ડર પણ તેમણે જતા કર્યા. હેમરાજભાઈ અને આ રિસોર્ટનું મૅનેજમૅન્ટ સંભાળતા મૂકેશભાઈએ ૯૦ વ્યક્તિઓના સ્ટાફને ૧૫ દિવસ સુધી ચાલુ પગારે રજા આપી દીધી. અને નવા ઓર્ડર પણ તેમણે જતા કર્યા. એટલું જ નહીં પણ પરમ પૂજ્ય સ્વામીશ્રીના ઉતારાને અનુલક્ષીને જે કંઈ નાના-મોટા ફેરફાર કરવા પડે





ભૂમિ ખોદવાની હોય, સ્વચ્છતાની સેવા કરવાની હોય કે પછી સુશોભન કરીને સ્વામિનારાયણ નગરની વિશેષ સજાવટ કરવાની હોય! અહીં કોઈને માટે કોઈ સેવા નાની નહોતી. કાર્યનો નહીં, સેવાનો અહીં મહિમા હતો...

તેમ હોય તે પણ તેમણે ભક્તિભાવથી કર્યા.

બીજો પ્રશ્ન એ પણ હતો કે આટલો ભવ્ય ઉત્સવ થવાનો છે તો સંતોના નિવાસસ્થાન ક્યાં રાખવા? સ્વામિનારાયણ નગર માટે જે ભૂમિ પસંદ કરી હતી. તે જ ભૂમિ પર તેમના વિશાળ મેરીગોલ્ડ ફ્લેટ્સ સ્કીમમાં સંતોનો નિવાસ કરવાનું વિચાર્યું. એ અંગે મેરીગોલ્ડ ફ્લેટ્સ સ્કીમના માલિક શ્રી કિરીટભાઈ ઘોડાસરા, યોગેશભાઈ ઘોડાસરા, જયસુખભાઈ ઘોડાસરા સમક્ષ સંતોએ રજૂઆત કરી. તેમણે સહર્ષ સંતોના નિવાસ માટે મંજૂરી આપી દીધી. પહેલાં તો તેમના ફ્લેટનું બાંધકામ ધીમે ધીમે ચાલતું હતું, પણ ત્રણેય ભાઈઓએ ખૂબ જહેમત લઈને ફ્લેટ્સનું કામ ઝડપથી પૂર્ણ કરાવ્યું. તેમની મેરીગોલ્ડ ફ્લેટની ચાર વિંગમાંથી બે વિંગ તેમણે ૮૦૦ સંતોના નિવાસ માટે સેવામાં આપી દીધી.

સ્વામિનારાયણ નગરની સામે જ રાહુલભાઈ દેવાયતભાઈ ડાંગરની વેસ્ટવૂડ સ્કૂલ આવેલી છે. તેમની સ્કૂલ વિશાળ હોવાથી ત્યાં કાર્યકરોનો નિવાસ કરાવવાનું સૌએ વિચાર્યું. રાહુલભાઈને સંતોએ ઉતારા માટે શાળાનો વપરાશ કરવા અંગે રજૂઆત કરી. પણ, પ્રશ્ન ત્યાં હતો કે ઉત્સવના દિવસો દરમ્યાન શૈક્ષણિક કાર્ય ચાલતું હોય તેથી સ્કૂલ ન આપી શકાય. તેઓએ આપવા સંમતિ દર્શાવી પણ વાલીઓની પરવાનગી લઈ લેવા જણાવ્યું. એ માટે વાલી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું. સંતો દ્વારા પ્રેરક ઉદ્‌બોધન કરીને વાલીઓને ઉત્સવ અને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો મહિમા સમજાવવામાં આવ્યો. આ પ્રેરક કાર્યક્રમ બાદ વિદ્યાર્થીઓના વાલીઓ શાળામાં રજા રાખવા માટે સહર્ષ સહમત થઈ ગયા. વાલીઓના સાથ સહકારથી તા. ૯ થી ૧૬ ડિસેમ્બર દરમ્યાન સ્કૂલ બંધ રાખવામાં આવી. મહોત્સવ દરમ્યાન વેસ્ટવૂડ સ્કૂલમાં સાડા પાંચસો સ્વયંસેવકોનો ઉતારો રાખવામાં આવ્યો.

સાથે સાથે ઉત્સવમાં આવનાર ૧૫ હજાર સ્વયંસેવકોના ઉતારા માટેની વ્યવસ્થા કરવાની હતી. યોગાનુયોગ નગરની પાસે જ પ્રધાનમંત્રી આવાસ યોજનાના ખાલી ફ્લેટ હતા. મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓને એ અંગે રજૂઆત કરવામાં આવી તો સરકાર દ્વારા પણ ત્યાં રહેવાની પરવાનગી મળી ગઈ.

પ્રફુલ્લભાઈ નલિયાપરા, એપલવૂડ અને ક્રિષ્ના બંગ્લોઝના માલિકે પોતાના ફ્લેટ્સ સેવામાં આપ્યા. આવા તો કેટકેટલાય બિલ્ડરોએ પોતાના નવા ફ્લેટ્સ ભક્તોના નિવાસ માટે આપી દીધા.

રાજકોટના હરિભક્તોએ પોતાના ઘરે વપરાશમાં ન લેતા હોય તેવા ૮થી ૧૦ હજાર જેટલાં નવાં ગાદલાં, રજાઈ એકત્રિત કરી લીધાં. તે સ્વયંસેવકો અને હરિભક્તોના ઉપયોગમાં લેવાયાં.

## હરિભક્તોનો સમર્પણભાવ

આ મહોત્સવની સફળ ઉજવણીમાં રાજકોટ અને આસપાસના હજારો હરિભક્તોનો સમર્પણભાવ પણ વંદનીય બની રહ્યો. સમર્પણના એવા અનેક અધ્યાયોમાંથી કેટલાક સ્મરણીય પ્રસંગો માણીએ.

આર્થિક રીતે નબળા એક સત્સંગી બહેનનો દીકરો સારંગપુર ખાતે અને દીકરી રાંદેસણ ખાતે બી.એ.પી.એસ. વિદ્યામંદિરમાં અભ્યાસ કરે છે. તેમને બે મહિનાથી વ્યવસાયમાં આવક થઈ નહોતી. તેમણે ઘરખર્ચ માટે ઘરની

કેટલીક વસ્તુ વેચીને ચલાવ્યું હતું. તેમ છતાં તેમણે ઉત્સવ વખતે મંગળસૂત્ર ગિરવે મૂકીને પણ ૪૫ દિવસ સેવા કરી અને ઘરખર્ચ પણ કાઢ્યો.

એક બહેને એક વર્ષ સુધી સીઝનમાં અથાણાં બનાવીને વેચ્યાં. તેમાંથી તેમને ૫૧ હજાર રૂપિયા પ્રાપ્ત થયા. તે રકમ તેમણે મહોત્સવ માટે અર્પણ કરી દીધી.

રાજકોટ બી.એ.પી.એસ. મહિલા મંડળે ઠેર ઠેર કીર્તન આરાધનાઓ કરી. આ કીર્તન આરાધનામાંથી તેઓએ માતબર રકમ એકત્રિત કરીને સેવા કરી.

રાજકોટની આજુબાજુનાં ગામડાંઓમાં જન્મજયંતી મહોત્સવનો ઉદ્‌ઘોષ થાય તે માટે સંતો-કાર્યકરોએ ખૂબ જહેમત લીધી હતી. છ સંતો અને કાર્યકર્તાઓનું વૃંદ રોજ સવારથી પધરામણી માટે નીકળી જતું. તેની ફળશ્રુતિરૂપે લગભગ સવાસો ગામોમાં સાડા ચાર હજાર ઘરોમાં સંતોએ પધરામણી કરી. ૫,૨૦૦ જેટલી વ્યક્તિઓએ વ્યસન છોડ્યાં. કેટલાકે ઉત્સાહથી આર્થિક સેવા કરી, તો કેટલાકે ઘઉં અને અન્ય ધાન્યની પણ સેવા કરી.

## સહકારની સરવાણી

પ્રમુખસ્વામી મહારાજ જન્મજયંતી મહોત્સવ માટે ઠેર ઠેરથી જાણી-અજાણી વ્યક્તિઓનો સહકાર મળવા લાગ્યો.

કૃણાલ કન્સ્ટ્રક્શનના માલિક અરવિંદભાઈએ પોતાનું જે.સી.બી. સેવામાં આપી દીધું. કિશાન ગૌશાળાના ચંદ્રેશભાઈએ યજ્ઞમાં ઉપયોગમાં લેવા માટે છાણાં, ગોબર સેવામાં આપ્યાં. સાથે સાથે તેમનાં જે.સી.બી., ટેમ્પો, આઈસર, ટ્રેક્ટર વગેરે સાધનો સેવામાં આપી દીધાં.

સ્વામિનારાયણ નગરના નિર્માણનું કામ ચાલી રહ્યું હતું ત્યારે એક મુસ્લિમ ભાઈએ સંતોને મળીને વાત કરી કે, 'પ્રમુખસ્વામી મહારાજના આ ઉત્સવમાં મારે પણ અહીં કંઈક સેવા કરવી છે. મને ટ્રેક્ટર ચલાવતાં આવડે છે તો હું ચલાવી શકું?' સંતોએ તેમની સેવા સ્વીકારી. તેમણે નગરમાં ટ્રેક્ટર ચલાવવાની સેવા કરી.

પાણીની થોડી અછત જેવું લાગ્યું તો ખેડૂતોએ પોતાના કૂવા કે બોરમાંથી પાણીની સહાય કરી. અહીંના કોર્પોરેટરોએ પોતાની ગ્રાન્ટમાંથી પૈસા ભરીને પાણીની વ્યવસ્થા કરી આપી.

ઉત્સવ દરમ્યાન એક ભાઈ સંતો પાસે આવ્યા. તેમણે કહ્યું કે 'તમારે ઉત્સવમાં બસની જરૂર છે?' તો સંતોએ કહ્યું, 'હા.' તો તેમણે બીજા જ દિવસે તેમની બે બસ સેવામાં મોકલી આપી.

રાજકોટની જ્યોતિ સી.એન.સી. કંપનીના માલિકે નવી બે બસો ખરીદીને સીધી જ સ્વામિનારાયણ નગરમાં સેવામાં મોકલી દીધી. અર્પિત એન્જિનિયરિંગ કોલેજવાળા નરેન્દ્રભાઈ સિનોજિયાએ પોતાની બસો સેવામાં આપી. એટલું જ નહીં પણ કેટલીક બસમાં ડ્રાઈવર પણ સેવામાં આપ્યા. અને તેમની જેટલી બસો સેવામાં હતી તેનું ઈંધણ પણ તેમણે જ પૂરું પાડ્યું હતું.

મોરબીથી એક ભાઈ પોતાની ગાડી અને ડીઝલના ૩૫,૦૦૦ રૂપિયા આપી ગયા. અને કહ્યું કે તમારે જેટલું ડીઝલ વપરાય એ આ પૈસાનું વાપરજો.

ગોપાલ નમકીનના માલિક શ્રી પ્રફુલ્લભાઈ હદવાણીએ અહીં ઉત્સવમાં આવનાર તમામ વિદ્યાર્થીઓ માટે નમકીનના નાસ્તાની સેવા કરી હતી.





## મહોત્સવ-વર્ષ દરમ્યાન રાજકોટમાં થયેલાં વિવિધ કાર્યક્રમોની ઝલક

- ૧,૬૦,૦૦૦ સીસી રક્તદાન
- ૫૫ ડોક્ટર દ્વારા ૧૨૦૦ થી વધુ દર્દીની નિઃશુલ્ક સારવાર. ૨૨૦૦ ડોક્ટરોનું મેડિકો-સ્પિરિચ્યુઅલ કોન્ફરન્સ.
- યુવાનો દ્વારા જળજાગૃતિ અભિયાન અને ટ્રાફિક જાગૃતિ અભિયાન.
- યુવતીઓ દ્વારા વૃદ્ધાશ્રમ અને અનાથાશ્રમમાં સદ્‌ભાવના અભિયાન
- ૨૫,૦૦૦થી વધુ જરૂરિયાતમંદ લોકોને વસ્ત્રદાન.
- યુવક-યુવતીઓ માટે નિઃશુલ્ક થેલેસેમિયા ટેસ્ટ.
- ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર.
- ૮૦૦૦ થી અધિક વિદ્યાર્થીઓ માટે સ્ટડીસર્કલ.
- રાજકોટની વિવિધ જ્ઞાતિઓના પ્રતિષ્ઠિત પ્રેરણા સમારોહ, જેમાં ૮૦,૦૦૦થી વધુ લોકોએ લાભ લીધો.
- સરકારી અને ખાનગી સ્કૂલોના ૮૦૦૦થી વધુ શિક્ષકો માટે વિરાટ શિક્ષક સંમેલન.
- ૭૦૦૦થી અધિક મહિલાઓનું મહિલા સંમેલન.
- રાજકોટના રેલવે સ્ટેશનમાં સ્વચ્છતા અભિયાન.
- ૪૦૦૦થી અધિક સફાઈ કામદારોનો સેમિનાર.
- ૩૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ માટે સાત દિવસ દરમ્યાન યોજાયું પ્રમુખ પ્રતિભા પર્વ.

આમ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી યોજાયેલા આ મહોત્સવમાં ઠેર ઠેર સૌનો સહકાર મળતો જ રહ્યો.

### મહોત્સવ ઉપક્રમે વર્ષ દરમ્યાન વિશિષ્ટ આયોજનો

પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી મહોત્સવ પૂર્વે સમગ્ર વર્ષ દરમ્યાન ઘણાં આયોજનો થતાં રહ્યાં. જેમાં બાળકો દ્વારા ૯૮ હજાર લોકોનો સંપર્ક કરીને વ્યસનમુક્તિનો સંદેશ આપવામાં આવ્યો. એક હજાર બાળકોના અલગ અલગ વૃંદે રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ, સોસાયટીઓમાં ઘૂમી ઘૂમીને હજારોને વ્યસનમુક્ત કર્યા.

બાલિકાઓ દ્વારા રાજકોટની દરેક હૉસ્પિટલમાં પ્રાર્થના યજ્ઞ યોજાયા.

યુવકો દ્વારા ટ્રાફિક અવેરનેસના કાર્યક્રમો યોજાયા. જેમાં યુવકોએ રોડ પર સાઈન બોર્ડ લઈને ઊભા રહીને સૌને ટ્રાફિકના નિયમોને અનુસરવાના સંદેશ આપ્યા. સાથે સાથે પાણી બચાવો, વીજળી બચાવો, સ્વચ્છતા રાખો, એવા કાર્ડ બનાવીને જનજાગૃતિની આહ્‌લેક લગાવી હતી.

બી.એ.પી.એસ. યુવતી મંડળ દ્વારા અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ, અંધ-અપંગાશ્રમની મુલાકાત લેવામાં આવી. આ પ્રત્યેક સ્થાને જઈને યુવતીઓ દ્વારા પ્રાર્થના કરવામાં આવી.

મહિલા મંડળો દ્વારા ઠેર ઠેર કીર્તન-આરાધનાઓ યોજાઈ અને જન્મજયંતી મહોત્સવ માટે સંપર્ક અભિયાન પણ યોજાયું.

૨૫ હજાર સારાં કપડાં એકત્રિત કરીને હરિભક્તો દ્વારા જરૂરિયાતમંદોને વસ્ત્રવિતરણ કરવામાં આવ્યું.

આમ, પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી મહોત્સવના ઉપક્રમે વિશેષ સેવાકીય આયોજનો થતાં રહ્યાં.

જન્મજયંતી મહોત્સવના ઉપક્રમે ભાવિકો માટે અનેક સેમિનારો યોજવામાં આવ્યા, જેના લીધે હજારો લોકો સુધી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પવિત્ર જીવનનો સંદેશ હૃદયસ્પર્શી રીતે વહેતો થયો. આ શૃંખલામાં રાજકોટના આર્કિટેક્ટ્સ, વકીલો, ન્યાયાધીશો, એન્જિનિયરો, બિલ્ડરો, વેપારીઓ વગેરે માટે સેમિનારો યોજાયા હતા. જેના દ્વારા સૌને મહોત્સવમાં આવવા માટે આમંત્રણ પણ આપવામાં આવ્યું અને પ્રમુખસ્વામી મહારાજનો વિશેષ પરિચય પણ પ્રાપ્ત થયો. વિશેષમાં સંપર્ક દરમ્યાન વ્યસનમુક્તિનું પણ નિદર્શન કરવામાં આવતું હતું, જેના દ્વારા અનેક લોકો વ્યસનમુક્ત પણ બન્યા.

રાજકોટ બી.એ.પી.એસ. મંદિર ખાતે વિવિધ જ્ઞાતિઓનાં સંમેલનો પણ યોજવામાં આવ્યાં. કડવા પટેલ,



લેઉવા પટેલ, આહિર સમાજ, બ્રાહ્મણ સમાજ, કડિયા સમાજ, મોચી સમાજ, લુહાણા સમાજ વગેરે સંમેલનો યોજાયાં. સાથે સાથે રાજકોટના પોલીસ અધિકારીઓ, સફાઈ કામદારો વગેરે માટે પણ સેમિનાર યોજાતા રહ્યા.

મહોત્સવના ઉપક્રમે મંદિર દ્વારા ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ પણ યોજાયા, જેમાં રાજકોટ શહેરની કોલેજોના ૩૦૦૦ પ્રોફેસરોને સંમિલિત કરવામાં આવ્યા હતા.

મહોત્સવના ઉપક્રમે મેડિકો-સ્પિરિચ્યુઅલ કોન્ફરન્સ પણ યોજવામાં આવી હતી, જેમાં રાજકોટના ૨૨૦૦થી વધુ ડોક્ટરોએ લાભ લીધો હતો. તેમાંથી પ્રેરણા પામીને ૫૫ જેટલા ડોક્ટરોએ ૧,૨૦૦ જેટલા દર્દીઓને નિઃશુલ્ક રોગ નિદાન કરી આપ્યું હતું.

આ જ શૃંખલામાં યોજાયેલા શિક્ષક સંમેલનમાં દોઢસો જેટલી શાળાઓના ૩૦૦૦ જેટલા શિક્ષકો સંમિલિત થયા હતા. શિક્ષક સંમેલન માણીને ઘણા બધા શિક્ષકોને વિશેષ પ્રેરણા મળી હતી. સરકારી શાળાના એક શિક્ષકે કહ્યું હતું કે '૨૨ વર્ષોથી મેં સરકારનું લીધું જ છે. કંઈ દીધું જ નથી. પણ આજે અંતર્દૃષ્ટિ થાય છે કે સરકાર માટે મારે કંઈક કરવું જોઈએ.'

સ્ટુડન્ટ્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં જી.ટી.યુ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પાંચ હજારથી અધિક વિદ્યાર્થીઓએ પ્રેરણા પ્રાપ્ત કરી હતી.

રાજકોટની શાળાઓના વિદ્યાર્થીઓ માટે 'પ્રમુખ પ્રતિભાપર્વ' યોજવામાં આવ્યું હતું. રાજકોટની ૪૫૦ શાળાઓના પસંદગી પામેલા ૪૫૦૦ વિદ્યાર્થીઓ આ પ્રમુખ પ્રતિભાપર્વમાં જોડાયા હતા. આ 'પ્રમુખ પ્રતિભા પર્વ'માં પ્રમુખસ્વામી મહારાજના જીવન પર વક્તૃત્વ, નિબંધ લેખન, સ્કિટ, ગાયન, ચિત્રકળા વગેરે સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. સૌને પ્રમુખસ્વામી મહારાજનો પરિચય કરાવતી વિવિધ સામગ્રીનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. પ્રમુખસ્વામી મહારાજના જીવન પર તૈયાર થયેલી એ સામગ્રી પર વિદ્યાર્થીઓએ ખૂબ જ સારી તૈયારી કરીને રજૂઆત કરી. કુલ સાત દિવસ સુધી આ પ્રમુખ પ્રતિભા પર્વ ચાલ્યું અને હજારો વિદ્યાર્થીઓએ તેમાં હર્ષભેર ભાગ પણ લીધો હતો.

આમ, રાજકોટ ખાતે યોજાયેલાં આ ૯૮ જેટલાં સંમેલનો અને વિશિષ્ટ કાર્યક્રમો દ્વારા સૌને નૂતન પ્રેરણા પ્રાપ્ત થઈ કે જીવનમાં આધ્યાત્મિકતા અને નૈતિકતા ખૂબ જ આવશ્યક છે. સાથે સાથે સૌને દિવ્ય અનુભવ પણ થયો કે પ્રમુખસ્વામી મહારાજના વિરાટ વ્યક્તિત્વની જેમ પ્રમુખસ્વામી મહારાજનો જન્મજયંતી મહોત્સવ પણ સૌ કોઈ માટે છે, સમગ્ર માનવજાતિ માટે છે.

### ઉત્સવના પ્રચાર માટે શહેર સતત ધબકતું રહ્યું

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો જન્મજયંતી મહોત્સવ સૌ માટે છે, એ રાજકોટવાસીઓને લાગી રહ્યું હતું. તેથી જ સમગ્ર રાજકોટમાં ઠેર ઠેર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની છબી સાથે ઠેર ઠેર ઉત્સવની જાહેરાત કરતાં હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યાં હતાં. ફક્ત રાજકોટ શહેર જ નહીં પણ આસપાસનાં ગામોમાં પણ વિશાળ હોર્ડિંગ્સ સાથે ઉત્સવમાં આવવા માટે સૌને નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

રાજકોટના અનેક પ્રતિષ્ઠિત નાગરિકોએ પોતાની દુકાનો, પોતાની ઑફિસ, હોટેલ પર જન્મજયંતી મહોત્સવનાં હોર્ડિંગ્સ લગાવ્યાં હતાં. હરિભક્તોએ પોતાના ઘર પાસે, સંબંધીઓના ઘર પાસે હોર્ડિંગ્સ લગાવીને ઉત્સવમાં આવવા માટે આમંત્રણ આપ્યું હતું. રાજકોટ મહાનગરપાલિકાની આર.એમ.ટી.એસ. બસ પર જન્મજયંતી મહોત્સવના હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યાં હતાં.

રાજકોટની ૪૦૦૦ જેટલી રિક્ષાઓ પર નિમંત્રણ હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યાં હતાં. રિક્ષા ચલાવતા ભાઈઓ

સામેથી આવીને હોર્ડિંગ્સ લઈ જતા અને પોતાની રિક્ષા પર એ હોર્ડિંગ્સ લગાવીને ધન્યતા અનુભવતા.

જન્મજયંતી મહોત્સવ ઉપક્રમે બે રથ દ્વારા રાજકોટ શહેર તથા આસપાસનાં કુલ ૧૪૦ ગામોમાં કુલ ૩૫૦૦ કિલોમીટર યાત્રા દ્વારા મહોત્સવનો ઉદ્‌ઘોષ કરવામાં આવ્યો હતો.

## પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની કૃપાવર્ષા

જન્મજયંતી મહોત્સવના સમગ્ર આયોજનમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સતત બળ, પ્રેરણા અને આશીર્વાદ આપતા રહ્યા હતા. સ્વામિનારાયણ નગરના નિર્માણ પૂર્વે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ બે વખત આ ભૂમિ પર પધારી ગયા હતા. એક વખત સ્વામીશ્રી લીંબડીથી રાજકોટ આવીને ભુજ જતા હતા ત્યારે આ ભૂમિ પર દૃષ્ટિ કરી હતી. બીજી વખત તેઓ ગોંડલથી ભાદરા જતા હતા, ત્યારે પણ ભૂમિ પર પધાર્યા હતા. એ વખતે સ્વામીશ્રીએ નગરનો આખો નકશો નિહાળ્યો હતો અને સૂક્ષ્મમાં સૂક્ષ્મ માહિતી મેળવી માર્ગદર્શન આપ્યું હતું.

તેમના આશીર્વાદ આ મહોત્સવનું મુખ્ય પ્રેરક બળ રહ્યું હતું. ૨૦૧૮ના મે મહિનામાં તેઓએ રાજકોટ ખાતે કહ્યું હતું, ‘ઉત્સવ ભવ્ય થશે, અતિ ભવ્ય થશે. દિવ્ય થશે, અતિ દિવ્ય થશે, સર્વોપરિ થશે, બહુ લોકો આવશે.’ એમનાં વચનો અનુસાર ઉત્સવ પણ એ રીતે જ ઊજવાયો.

સ્વામીશ્રીના આશીર્વાદથી અહીં તમામ વિભાગો સારી રીતે સેવા કરી શક્યા. રાજકોટમાં સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન સ્વયંસેવક સભા રાખવામાં આવી હતી. તેમાં મહોત્સવના બધા જ કાર્ય-વિભાગોની રજૂઆત રાખવામાં આવી હતી. આ રજૂઆત દરમ્યાન એક કાર્યકરે કહ્યું કે ‘આ બધા વિભાગોની સાથે નેચર ડિપાર્ટમેન્ટનું શું? ઠંડી-ગરમી કોણ સંભાળશે? કોઈની તબિયત નહીં બગડે, અકસ્માત નહીં થાય એ કોણ સંભાળશે? કોઈ મોળા નહીં પડે, સૌનો ઉત્સાહ ટકી રહેશે, એ બધું કોણ સંભાળશે?’

જવાબ રૂપે સ્વામીશ્રીએ માત્ર સ્મિત કર્યું. પછી કહે, ‘મહોત્સવ દરમ્યાન કોઈ અકસ્માત નહીં થાય, કોઈને કોઈ તકલીફ નહીં થાય.’

અને અનુભવાયું કે મહોત્સવ દરમ્યાન એક પણ એવો અનિચ્છનીય પ્રસંગ બન્યો નથી. સેવા દરમ્યાન એવા અનેક પ્રસંગો બન્યા કે જેમાં સ્વામીશ્રીના એ અભયવચનની સૌને પ્રતીતિ થઈ.

એક દિવસ ડેકોરેશન વિભાગના એક સ્વયંસેવક હાઈડ્રા ક્રેઈનના વાહન પર લોખંડની પેનલ લઈને જઈ રહ્યા હતા. થોડાક જ અંતરે ઉપરના ભાગમાં વીજળીનો ૬૬,૦૦૦ કે.વી.નો તાર પસાર થઈ રહ્યો હતો. યોગાનુયોગ હાઈડ્રાના ડ્રાઈવરને એવી અંતઃસ્ફુરણા થઈ કે કંઈક અજુગતું બનવાનું છે. તેથી તે દોડીને હાઈડ્રા પરથી નીચે ઊતરી ગયો. રોજ એ હાઈડ્રામાં એક સંત પણ સાથે બેસતા હતા તે પણ આજે જ આ હાઈડ્રામાં નહોતા બેઠા. થોડી જ વારમાં હાઈડ્રામાં લટકાવેલી ફ્રેમ વીજળીના કેબલની નજીક આવી પહોંચી. ત્યાં જ પ્રચંડ ધડાકો થયો. થોડી ક્ષણમાં હાઈડ્રાનાં ટાયર ફાટી ગયાં અને ભડાકો થઈ ગયો. જો તેમાં ડ્રાઈવર અને સંત બેઠા હોત તો શું થાત તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. પણ, ડ્રાઈવરને પહેલેથી દિવ્ય પ્રેરણા થઈ અને તે નીચે ઊતરી ગયો અને આજુબાજુ જે સંત રહેતા એ પણ આજે દૂર જ હતા. આમ એક દર્દનાક અનિચ્છનીય ઘટના બનતી અટકી ગઈ, તેની પાછળ સ્વામીશ્રીના જ આશીર્વાદ હતા, એ સૌને અનુભવાયું.

આવા તો અનેક પ્રસંગો બનતા રહ્યા, જેમાં સ્વામીશ્રીના આશીર્વાદથી રક્ષા થતી હોય તેવું સૌને અનુભવાયું.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સતત આશીર્વાદ સાથે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો જન્મજયંતી મહોત્સવ ભવ્યતા, દિવ્યતા અને નિર્વિઘ્નતાથી સંપન્ન થયો છે એ સૌને અનુભવાતું હતું.

આમ, આ સમગ્ર મહોત્સવમાં મહંત સ્વામી મહારાજની સતત કૃપા વરસતી રહી. તેઓના આશીર્વાદથી બી.એ.પી.એસ. સંસ્થાના વરિષ્ઠ સંતો ડૉક્ટર સ્વામી, ભક્તિપ્રિયદાસ સ્વામી, ત્યાગવલ્લભદાસ સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી વગેરેના માર્ગદર્શન મુજબ આ મહોત્સવને સફળ બનાવવામાં સંતોએ ખૂબ પુરુષાર્થ કર્યો હતો. રાજકોટના બી.એ.પી.એસ. મંદિરના કોઠારી બ્રહ્મતીર્થદાસ સ્વામી, સંતનિર્દેશક અપૂર્વમુનિદાસ સ્વામી અને રાજકોટના સમગ્ર સંતમંડળે અથાક પુરુષાર્થ કર્યો હતો.

મહોત્સવ સમિતિના સંતો યજ્ઞપ્રિયદાસ સ્વામી, જ્ઞાનેશ્વરદાસ સ્વામી, નારાયણમુનિદાસ સ્વામી, નિખિલેશદાસ સ્વામી, ઋષિરાજદાસ સ્વામી, બ્રહ્મવિહારીદાસ સ્વામી વગેરે સંતોનો પુરુષાર્થ પણ વંદનીય છે. સ્વામિનારાયણ નગરના સુશોભનમાં બ્રહ્મચરણદાસ સ્વામી અને સંતવૃંદની સેવા અજોડ હતી. રસોડાથી લઈને પાર્કિંગ સુધી પ્રત્યેક વિભાગમાં વિભાગીય સંતોએ આપેલી સેવા અણમોલ હતી.

આમ, આ ઉત્સવ સેવા અને સમર્પણનો એક અનોખો યજ્ઞ બની રહ્યો હતો. ◆

# આ છે જન્મજયંતી મહોત્સવની કેટલીક ફળશ્રુતિ આંકડાઓમાં...

## રક્તદાન અને સ્વાસ્થ્ય યજ્ઞ

સંતો ઉપરાંત કુલ ૨૭૯૭ પુરુષો-મહિલાઓએ આ રક્તદાન યજ્ઞમાં જોડાઈને ૧૦,૩૩,૬૦૦ સીસીનું વિક્રમસર્જક રક્તદાન કર્યું હતું. મહોત્સવ દરમ્યાન કુલ ૪૨,૫૦૮ દર્દીઓને નિઃશુલ્ક રોગનિદાન અને સારવાર આપવામાં આવી હતી. ઉત્સવમાં આવતા દર્શનાર્થીઓને કોઈ શારીરિક તકલીફ પડે તો તાત્કાલિક સારવાર માટે મહોત્સવના સ્થળ પર ૭ એમ્બ્યુલન્સ સુવિધા સાથેની હૉસ્પિટલ હંગામી ધોરણે ઊભી કરવામાં આવી હતી. ૫ સારવાર કેન્દ્રો અને એક ઈમરજન્સી સારવાર કેન્દ્ર પણ રાખવામાં આવ્યું હતું. કુલ ૧૨૫ ડૉક્ટરો ૨૪ કલાક સેવા બજાવતા હતા. મહોત્સવના ઉપક્રમે નિષ્ણાત ડૉક્ટરોએ ૪૦૦ દર્દીઓને નિઃશુલ્ક ઑપરેશન કરી આપવા માટે સંમતિ દર્શાવી હતી. મહોત્સવ દરમ્યાન કુલ ૨૦૦ ઑપરેશનની નોંધણી કરવામાં આવી છે.

## વ્યસનમુક્તિ અભિયાન

મહોત્સવ દરમ્યાન કુલ ૩૧૦૦ લોકોએ સ્વેચ્છાએ મુક્તાનંદ પ્રદર્શનખંડ બહાર રાખવામાં આવેલા યજ્ઞકુંડમાં વ્યસન હોમી નિર્વ્યસની જીવનની શરૂઆત કરી હતી.

## મંત્રલેખન યજ્ઞ

૩૪ કરોડ સ્વામિનારાયણ મહામંત્ર-લેખનનો સેવાયજ્ઞ કરી હજારો ભક્તોએ વિશેષ ભક્તિ અર્ઘ્ય અર્પણ કર્યું હતું. આ મંત્રપોથીઓ દર્શનાર્થે મૂકવામાં આવી હતી.

## સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ

મહોત્સવ દરમ્યાન યોજાયેલા ત્રિદિવસીય સ્વામિ-નારાયણ વિશ્વશાંતિ મહાયાગમાં કુલ ૧૫,૮૦૭ યજમાનોએ ભાગ લીધો હતો, જેમાં કુલ મળીને ૩૮ લાખથી વધુ આહુતિઓ યજ્ઞનારાયણને અર્પણ કરીને માંગલિક પ્રાર્થનાઓ કરવામાં આવી હતી.

## ભજનાનંદ ખંડમાં ભજન

નગરમાં મુખ્ય દ્વારની બંને બાજુએ આવેલા મહિલા-પુરુષોના અલગ અલગ ભજનાનંદ ખંડોમાં રોજ સવારે ૮-૦૦થી રાત્રે ૮-૦૦ સુધી અખંડ ભજનની રમઝટ જામતી હતી. દર્શનાર્થીઓ ઉપરાંત સ્વયંસેવકો પરિશ્રમભરી સેવા બાદ ભજનાનંદ માણતા હતા. કુલ ૩૩,૫૫૦ પુરુષો અને ૩૭,૨૬૦ મહિલાઓએ ભજનાનંદ ખંડનો લાભ લીધો હતો. કુલ ૫૫,૦૦,૦૦૦ મંત્રજાપ, ૧૮,૦૦૦ દંડવત પ્રણામ, ૧,૬૩,૦૦૦ પ્રદક્ષિણાઓ અને ૧૨,૦૦૦ કીર્તનગાનથી ભક્તિ-અર્ઘ્ય અર્પણ કર્યું હતું.

## ભોજન-સેવા

ઉત્સવમાં આવતા તમામ લોકો માટે ભોજનની વ્યવસ્થા થાય એવી મહંત સ્વામી મહારાજની અંતરની ઈચ્છા હતી. તે દર્શનાર્થીઓ માટે સવાર, બપોર અને સાંજ ગરમ ભોજનની વ્યવસ્થા સુંદર હતી. કુલ ૧૭ લાખ થાળી ભોજન-મહાપ્રસાદ આપવામાં આવ્યો. રોજ જુદાં જુદાં મિષ્ટાન્ન, ફરસાણ અને પૂરી, રોટલી-રોટલા, પરોઠાં, મેથીનાં થેપલાં, શાક-કઠોળ, અથાણાં-કચૂંબર સાથેની પ્રત્યેક થાળીમાં સ્વયંસેવકોનો ભક્તિભાવ નીતરતો હતો. રોજ આટલી મોટી સંખ્યામાં મહાપ્રસાદ લેવાતો હોવા છતાં આયોજન અને વ્યવસ્થા મસ્તક ઝુકાવી દે તેવાં સુંદર હતાં. સંતો અને સ્વયંસેવકો ઉપરાંત મહિલાવૃંદની સેવા અદ્વિતીય હતી.

## ઉતારા વિભાગ

આ ઉત્સવનો લાભ લેવા માટે ૫૫ દેશમાંથી આવેલા હજારો ભક્તો ઉપરાંત ભારતભરમાંથી આવેલા હરિભક્તો માટે આસપાસના વિસ્તારમાં ૧૦,૦૦૦ જેટલા ઉતારાની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યાં ઉતારો આપવામાં આવ્યો હોય ત્યાં જરૂરી સેવાઓ સમયસર મળી રહે એવી વ્યવસ્થા ગોઠવી હતી.

## પ્રદર્શનમાં દર્શનાર્થીઓ

કુલ મળીને ૧૬,૫૨,૯૩૦ દર્શનાર્થીઓએ છ પ્રદર્શન ખંડોનો લાભ લીધો હતો. સરેરાશ પ્રત્યેક પ્રદર્શન ખંડને પોણા ત્રણ લાખ જેટલા દર્શનાર્થીઓએ માણ્યો હતો. આ ઉપરાંત ૬૨૫ શાળાઓના ૮૮,૦૦૦ વિદ્યાર્થીઓએ પ્રદર્શનો મન ભરીને માણ્યાં હતાં. પ્રદર્શન ખંડો ઉપરાંત 'મંદિરમ્' લાઈટ એન્ડ સાઉન્ડ શોને કુલ ૩,૮૧,૦૦૦ દર્શનાર્થીઓએ માણ્યો હતો.

## ટ્રાન્સપોર્ટ અને પાર્કિંગ વિભાગ

મહોત્સવને માણવા ઊમટેલા હજારો ભક્તોનાં વાહનોના પાર્કિંગની વ્યવસ્થા પણ અભિનંદનીય હતી. કુલ ૧,૪૫,૩૭૪ જેટલા વાહનોનું અહીં પાર્કિંગ કરાયું, જેમાં ૬,૦૦૦થી વધુ બસ, મિની બસ અને ટ્રેક્ટરોનો સમાવેશ થતો હતો. પાર્કિંગમાં સેવા આપતા સ્વયંસેવકોની સેવા અજોડ રહી હતી. ◆



પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના વિચરણ સમાચાર

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

## ભાદરા અને બોચાસણમાં સત્સંગલાભ આપતા પરમ પૂજ્ય સ્વામીશ્રી...

*પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતને પ્રવર્તાવવા બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે એક વિરાટ અભિયાન આદર્યું હતું, જેને જગતભરમાં વિસ્તારીને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો જયઘોષ કર્યો છે. શાસ્ત્ર-મંદિર-સંત થકી જન જન સુધી વિસ્તરતા આ જ્ઞાનની જ્યોતિને કરકમળમાં ધારણ કરીને વર્તમાનકાળે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ અનેક મુમુક્ષુઓના હૃદયે આધ્યાત્મિક અજવાળાં પ્રસરાવી રહ્યા છે. 'વૃદ્ધ છતાં દિન-રાત વિચરે, ભક્તોના કલ્યાણ કાજે...' બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ માટે લખાયેલી આ પંક્તિ આજે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ માટે પણ એટલી જ સાર્થક છે. પોતાના દેહની પરવા કર્યા વિના અને મુમુક્ષુઓના આત્યંતિક કલ્યાણ કાજે સ્વામીશ્રી સત્સંગમાં અવિરત વિચરણ કરીને સૌને દિવ્ય સત્સંગલાભ આપી રહ્યા છે. મુમુક્ષુઓનાં શ્રેય અને પ્રેયના જતન માટે અને સૌના શુભસંકલ્પોની પરિપૂર્તિ માટે તેઓ સતત ભગવાનનાં ચરણોમાં પ્રાર્થના કરે છે, સૌને અધ્યાત્મ અને નૈતિકતાના પાઠ શીખવે છે.*

*તાજેતરમાં સ્વામીશ્રીએ ભાદરા અને બોચાસણ ખાતે બિરાજીને સત્સંગલાભ આપ્યો હતો.*

*હવે પછીનાં પૃષ્ઠોમાં તેની એક અલ્પ ઝલક પ્રસ્તુત છે...*



# ગુણાતીતનગર-ભાદરામાં મહંત સ્વામી મહારાજનો દિવ્ય સત્સંગલાભ...

*સૌરાષ્ટ્રના હાલાર પ્રાંતના સાગરકાંઠા પાસે આવેલું ભાદરા ગામ એટલે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની પ્રાકટ્ય ભૂમિ. અહીં સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણની ચરણરજથી અંકિત અનેક પવિત્ર સ્થાનો છે, જ્યાં કેટલીય વખત પધારીને તેઓએ અનેક લીલાઓ કરીને આ ભૂમિમાં પ્રગટેલા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો અપરંપાર મહિમા ગાયો છે. અક્ષર અને પુરુષોત્તમની દિવ્ય લીલાઓથી તીર્થત્વ પામેલા મહાપ્રાસાદિક ભાદરા ગામમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સંકલ્પોને પરિપૂર્ણ કરતા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે નખશિખ કલા-કોતરણીયુક્ત શિખરબદ્ધ મંદિર રચ્યું છે. તા. ૧૯-૫-૨૦૧૦ના રોજ આ ભવ્ય મંદિરમાં અક્ષર સહિત પુરુષોત્તમ મહારાજ પધરાવી પ્રમુખસ્વામી મહારાજે હાલાર પંથકના ભક્તોને મંદિરની મહામૂલી ભેટ આપી છે.*

*તાજેતરમાં તા. ૯-૧૧-૨૦૧૮થી તા. ૧૩-૧૧-૨૦૧૮ સુધી આ બી.એ.પી.એસ. મંદિરમાં બિરાજીને પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજે સત્સંગનો દિવ્ય લાભ આપ્યો હતો. નિત્ય મંદિરમાં પ્રાસાદિક સ્થાનોનાં દર્શને પધારતા અને પ્રાતઃપૂજામાં બિરાજતા ગુરુહરિનાં દર્શન પામી હજારો ભક્તો કૃતાર્થ બન્યા હતા. પ્રાતઃપૂજામાં સંગીતજ્ઞ સંતો અને યુવકોએ કીર્તનભક્તિ દ્વારા પોતાની ભક્તિ અદા કરી હતી. સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન સવારે અને સાંજે સંતોના મુખેથી કથાવાર્તાનો અમૃતલાભ સૌને મળ્યો હતો. સંધ્યાસભાઓમાં સ્વામીશ્રીનાં આશીર્વચનનો લાભ પ્રાપ્ત કરી સૌએ ધન્યતા અનુભવી હતી. આ ગુણાતીત-તીર્થમાં ચાર દિવસ રોકાઈને સ્વામીશ્રીએ સૌને દિવ્ય સત્સંગલાભ આપ્યો હતો, તેની અહીં સ્મૃતિ કરીએ...*

## આગમન

તા. ૯-૧૧-૨૦૧૮ના રોજ ગોંડલથી વિદાય લઈ સ્વામીશ્રી ગુણાતીત પ્રાગટ્યસ્થાન ભાદરા જતાં પૂર્વે રાજકોટ પધાર્યા હતા. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ૯૮મો જન્મજયંતી મહોત્સવ જ્યાં ઊજવાનાર હતો તે સ્થળ પર પધારી, નકશા પ્રસાદીભૂત કરી, ઉત્સવસ્થળ પર શ્રી હરિકૃષ્ણ મહારાજની દૃષ્ટિ કરાવી હતી. 'કોઈ પ્રશ્ન ન નડે ને નિર્વિઘ્ને આખો સમૈયો ઊજવાઈ જાય' એવા આશીર્વાદ અર્પી સ્વામીશ્રી ગુણાતીતનગર-ભાદરા પધાર્યા હતા. કલાત્મક નકશીથી શોભતા આ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં સ્વામીશ્રીનું આગમન થતાં જ સૌએ ગગનભેદી જયનાદથી તેઓને વધાવ્યા. શ્રી હરિકૃષ્ણ મહારાજને હસ્તમાં ધારીને સ્વામીશ્રી પુષ્પ-રંગોળી પર પગલાં પાડતાં મંદિર પર પધાર્યા.



દર્શન-આરતી બાદ સૌનું સ્વાગત સ્વીકારી સ્વામીશ્રી ગુણાતીતાનંદ સ્વામીના પ્રાકટ્યસ્થાને પધાર્યા. પ્રાર્થનારત હૃદયે દર્શન-પ્રદક્ષિણા-ધૂન કર્યાં. વિશેષ વ્રત-તપધારીઓ પર આશિષ વરસાવતાં સ્વામીશ્રી નિજનિવાસે પધાર્યા.

તા. ૧૦-૧૧-૨૦૧૮ના રોજ સંધ્યા-સભામાં સ્વામીશ્રીએ શ્રી હરિકૃષ્ણ મહારાજને આરતીથી અભિવંદિત કર્યા. ત્યારપછી સ્વામીની વાતોનું નિરૂપણ કરીને સૌને દિવ્ય સત્સંગલાભ આપ્યો હતો.

તા. ૧૧-૧૧-૨૦૧૮ના રોજ યોજાયેલી રવિસભામાં સ્વામીશ્રીએ સ્વામીની વાતોમાંથી પાંચમા પ્રકરણની ૧ થી ૬ વાતોનું નિરૂપણ કરી સૌને દિવ્ય સત્સંગલાભ આપ્યો હતો.

તા. ૧૨-૧૧-૨૦૧૮ના રોજ સ્વામીશ્રીએ ભાદરા ક્ષેત્રનાં વારણા અને જાયવામાં રચાનાર નૂતન બી.એ.પી.એસ. મંદિરના પાયાની ઇષ્ટિકાઓનું વૈદિક પૂજન કર્યું હતું.

## પ્રાસાદિક સ્થાનોનાં દર્શન

તા. ૧૨-૧૧-૨૦૧૮ના રોજ સ્વામીશ્રી માટે ભાદરા ખાતેના અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનાં પ્રાસાદિક સ્થાનોનાં દર્શને પધાર્યા હતા. વશરામ સુથારનું પ્રાસાદિક ઘર, ગુણાતીતાનંદ સ્વામીની પ્રાસાદિક હાટડી અને ચોરાની જગ્યા, પ્રાસાદિક કૂવો વગેરેનાં દર્શન કરી ઊંડ નદી તરફ ચાલતાં માર્ગમાં આવતાં પ્રાસાદિક સ્થાનોનાં દર્શન-પ્રદક્ષિણા કર્યાં. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના ખેતરમાં, જ્યાં તેઓને દર્શન આપી શ્રીજીમહારાજે તેઓને કહ્યું હતું, *'બ્રહ્મ તેજ સુકાઈ ગયું છે...'* તે સ્થાન અને ઊંડ નદીના કાંઠે ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીતાનંદ સ્વામીના પ્રાસાદિક વડ નીચે ચરણારવિંદનાં દર્શન-પ્રદક્ષિણા કર્યાં. ચોકમાં ભક્તોએ ખૂબ પ્રેમભાવથી બાંધેલા બે હિંડોળા પૈકીના એક હિંડોળામાં શ્રી હરિકૃષ્ણ મહારાજને પધરાવી ઝુલાવ્યા. ત્યારપછી બીજા હિંડોળે બિરાજી સ્વામીશ્રીએ સૌને અલભ્ય સ્મૃતિ આપી. શુભસંકલ્પોની પરિપૂર્તિ માટે કરવામાં આવેલી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન બાદ સ્વામીશ્રીએ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ સાથેની અહીંની સ્મૃતિઓ કહી સૌને દિવ્યાનંદ કરાવ્યો હતો.

ગુણાતીતાનંદ સ્વામીના ખેતરમાં આમ્રવૃક્ષની નીચે સંતો-ભક્તોની સભા ભરાઈ હતી. સ્વામીશ્રીના પધારતાં પૂર્વે યજ્ઞેશ્વરદાસ સ્વામીએ કથાવાર્તા-સંકીર્તનનો લાભ આપ્યો હતો. સ્વામીશ્રીએ અહીં રચાયેલા સુંદર ઉપમંચ પર શ્રી હરિકૃષ્ણ મહારાજને પધરાવી આરતીથી વધાવ્યા. પછી શ્રીજીમહારાજે કરેલી લીલાનું સુંદર કીર્તન *'આવ્યા હરિ ઊંડને તીરે ધીરે ધીરે...'*નું શ્રવણ કરતાં સ્વામીશ્રી નેત્ર મીંચીને શ્રીહરિની લીલાઓમાં મગ્ન થયા હતા. સંતો-ભક્તોએ સ્વામીશ્રીની એ સ્મરણીય મૂર્તિનાં દર્શન કરતાં કરતાં કીર્તનગાન કર્યું.

આ પ્રસંગે યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય સ્મૃતિઓ તાદશય કરાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું : ''આ જ ખેતરમાં યોગીબાપાની જયંતી ઊજવી હતી. સાત દિવસ અહીં જ રહ્યા હતા. નદીમાં નાહીને અહીં જ પૂજાપાઠ કરતા. આ વડની સામે બીજો વડ હતો ત્યાં બેસીને યોગીબાપા પત્રલેખન

કરતા અને અમે નાહતા. બહુ મજા આવતી. જમવાનું ને બધું અહીંયાં થતું. તેઓ લાડુ, સીંગ ને ગોળ આપે. ખૂબ આનંદ આવતો. અહીં નદીમાં સ્નાન વખતે ચાર માળના પિરામિડ કરેલા. સૌથી ઉપર હું ને પ્રમુખસ્વામી મહારાજ નીચે પાયામાં હતા. પછી પડ્યા પણ પાણી હતું એટલે વાંધો ન આવ્યો. ખૂબ મજા આવી હતી.

*આવ્યા હરિ ઊંડને તીરે...* આ કીર્તન સાંભળી ખૂબ મજા આવી ગઈ. સાક્ષાત્ શ્રીજીમહારાજ જળ લીલા કરતા એ સ્મૃતિ તાજી થઈ ગઈ...''

આજે સ્વામીશ્રીએ સૌને દર્શન અને વાતોનો સદાસ્મરણીય ખૂબ ખૂબ લાભ આપ્યો હતો.

**બ્રહ્મોત્સવ**

તા. ૧૩-૧૧-૨૦૧૮ના રોજ સ્વામીશ્રીની વિશેષ સ્મૃતિઓ મળે તે હેતુસર બ્રહ્મોત્સવ(ડાબરા ઉત્સવ)નું આયોજન કર્યું હતું. શ્રીજીમહારાજથી લઈને ગુણાતીત ગુરુપરંપરાની પ્રાસાદિક ભૂમિ ઊંડ નદી તટે, પ્રાસાદિક વડ નીચે બ્રહ્મોત્સવ ઊજવાયો. સ્વામીશ્રીએ સૌ સંતોને ભોજનદર્શનની અનન્ય સ્મૃતિઓ આપી હતી.

વાતાવરણ ખૂબ રમણીય હતું. શીતળ પવન વાઈ રહ્યો હતો. સ્વામીશ્રીએ કહ્યું: 'આ કોઈ પિકનિક કે વનોત્સવ નથી. કુદરતી જગ્યામાં જમવું એવા વિચારથીયે આપણે અહીં આવ્યા નથી. પણ આ બ્રહ્મોત્સવ છે. અહીં યોગીબાપા અને સ્વામીબાપાની સ્મૃતિઓ કરવા આપણે આવ્યા છીએ. આ સાક્ષાત્ બ્રહ્મનું સ્થાન છે. માટે આ બ્રહ્મોત્સવ છે.'

સૌ સંતોએ આનંદથી આ વાતને વધાવી. ડાબરા ઉત્સવની વાત નીકળતાં સ્વામીશ્રીએ કહ્યું, 'એને પણ બ્રહ્મોત્સવ કહેવો.' ત્યારપછી પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિઓમાં ગરકાવ થઈ જતાં સંતોએ પ્રમુખસ્વામી મહારાજના સ્વાનુભવના અઢળક પ્રસંગો કહ્યા. પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિમાં સૌ રમમાણ બની રહ્યા.

આજના દિને ખરેખર ખૂબ દિવ્ય, ભવ્ય અને અદ્‌ભુત ઉત્સવ થઈ ગયો – સાક્ષાત્ બ્રહ્મની ઉપસ્થિતિમાં બ્રહ્મોત્સવ.

આમ, ગુણાતીત પ્રાગટ્યસ્થાન ભાદરા ખાતે ચાર દિવસ સુધી સત્સંગ-ભક્તિનો અદ્‌ભુત લાભ આપી સ્વામીશ્રી બોચાસણ પધાર્યા.



## તીર્થરાજ બોચાસણમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો આધ્યાત્મિક લાભ...

*બોચાસણ એટલે જ્યાં ભક્તરાજ કાશીદાસ મોટાને પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણે આપેલું દિવ્ય વરદાન સાકાર થયું, જ્યાં મધ્ય મંદિરમાં બિરાજમાન અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો પ્રથમ નાદ ગુંજ્યો, જ્યાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની દિવ્ય સાધુતા અને વ્યક્તિત્વનાં સૌને દર્શન થયાં - આવી પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણથી લઈને*

*ગુણાતીત ગુરુઓનાં પાદારવિંદથી પવિત્ર થયેલી ભૂમિ એટલે બોચાસણ. આ મહાપ્રાસાદિક ભૂમિ પર બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૦૭માં ત્રિ-મંજિલા શિખરબદ્ધ મંદિર રચી, તેમાં અક્ષરપુરુષોત્તમ મહારાજને પ્રતિષ્ઠિત કરીને, હિંદુ શાસ્ત્રોમાં ગૂઢ રીતે ગૂંથાયેલા અક્ષર-પુરુષોત્તમ જ્ઞાનને મૂર્તિમાન કર્યું છે. તેમના અનુગામી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને વર્તમાનકાળે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે આ જ્ઞાનની વિજયપતાકા નવખંડ ધરતીમાં ફરકાવી દીધી. તીર્થરાજ બોચાસણની આ ભૂમિ પર તાજેતરમાં તા. ૧૩-૧૧-૨૦૧૮ થી તા. ૨-૧૨-૨૦૧૮ સુધી બિરાજીને મહંત સ્વામી મહારાજે દિવ્ય આધ્યાત્મિક સત્સંગલાભ આપ્યો હતો. નિત્ય હજારો ભક્તો-ભાવિકોને દિવ્ય દર્શન-આશીર્વાદનું સુખ આપી સ્વામીશ્રીએ સૌને ભક્તિભીના કર્યા હતા.*

*તા. ૨૪-૧૧-૨૦૧૮ના રોજ સ્વામીશ્રીના પાવન સાંનિધ્યમાં અહીં એક ઐતિહાસિક અવસર યોજાઈ ગયો. એ હતો – સ્વામિનારાયણ મહાપૂજા, સ્વામિનારાયણ આરતી અને સહજાનંદ નામાવલિનો શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનાં ચરણે અર્પણવિધિ. આ ત્રિવેણી સંગમનું વિધિપૂર્વક સંસ્થામાં પ્રસ્થાન કરાવી સ્વામીશ્રીએ પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોનાં શ્રીચરણોમાં ભક્તિમય અર્ઘ્ય અર્પણ કર્યું હતું.*

*બોચાસણ ખાતે સ્વામીશ્રીના નિવાસ દરમ્યાન નિત્ય સવારે અને સાંજે વિવિધ ઉત્સવોની હેલી વરસી હતી. પ્રત્યેક દિન એક ઉત્સવનું પ્રતિનિધિત્વ કરતો હતો. શાકોત્સવ, વસંતપંચમી, શ્રીહરિ જયંતી, પુષ્પદોલોત્સવ, શાક-હાટડી ઉત્સવ, યોગી જયંતી, હિંડોળા ઉત્સવ, દેવદિવાળી, શરદોત્સવ વગેરે ઉત્સવોમાં સૌએ ખૂબ આનંદ માણ્યો. સ્વામીશ્રીની પાવન નિશ્રામાં અહીં ઊજવાયેલા વિવિધ ઉત્સવ-પ્રસંગોની એક ઝલક પ્રસ્તુત છે...*

## આગમન

તા. ૧૩-૧૧-૨૦૧૮ના રોજ ભાદરાથી સૌની ભાવભરી વિદાય લઈ સ્વામીશ્રી હવાઈ માર્ગે વડોદરા ઍરપોર્ટ પર પધાર્યા. સંતોએ હારતોરાથી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. ગુરુહરિનાં દર્શન માટે સેંકડો ભક્તો ઊમટ્યા હતા. તે સૌને દર્શન આપી સ્વામીશ્રી રાત્રે ૯-૦૦ વાગે તીર્થરાજ બોચાસણ ખાતેના બી.એ.પી.એસ. મંદિરે પધાર્યા. નીલકંઠવર્ણીનો અભિષેક કરી, મંદિર પર ગુરુવર્યો અને ઠાકોરજીનાં ભાવથી દર્શન કર્યાં.

સભામંડપમાં પધારી સંતો-ભક્તોને દર્શનલાભ આપ્યો. સૌ વતી વેદજ્ઞદાસ સ્વામી અને ભક્તવત્સલદાસ સ્વામીએ પુષ્પહાર પહેરાવીને સ્વામીશ્રીનું સ્વાગત-સન્માન કર્યું હતું.

બોચાસણ ખાતેના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીની પ્રાતઃપૂજા 'પ્રમુખસ્વામી સભાગૃહ'માં યોજાઈ હતી. સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં સંતો-યુવકોએ ભક્તિ-પદોનું ગાન કરીને સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિ ઝીલી હતી. પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીએ વચનામૃત નિરૂપણનો સૌને અનન્ય લાભ આપ્યો હતો. વળી, ભોજનદર્શનનો લાભ આપી સ્વામીશ્રીએ સૌને અલભ્ય સ્મૃતિઓ પ્રદાન કરી હતી.

## બોચાસણમાં વિવિધ ઉત્સવો

બોચાસણ ખાતે સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલી સંધ્યા સભાઓમાં 'સત્પુરુષને સંગે, ઉત્સવને રંગે' કેન્દ્રીય વિષય સાથે બાળકો-કિશોરો-યુવકો-કાર્યકરોએ સમગ્ર વર્ષ દરમિયાન આવતા ઉત્સવોની સાથે સાથે કેટલાક પ્રતીકોત્સવની ઉજવણી કરી વિશેષ ભક્તિ અદા કરી હતી. સભાના કાર્યક્રમને અંતર્ગત નિત્ય ઉત્સવ-પ્રસંગને અનુરૂપ મંચ સજાવવામાં આવતો હતો. મંદિર અને સભામંડપ વચ્ચેના ચોકમાં મહિલા ભક્તોએ પ્રત્યેક દિનને અનુરૂપ સુંદર રંગોળી પૂરી વિશેષ ભક્તિ અદા કરી હતી.

## શાકોત્સવ

તા. ૧૫-૧૧-૨૦૧૮ના રોજ સ્વામીશ્રીની પાવન નિશ્રામાં યોજાયેલા 'શાકોત્સવ'ની અવિસ્મરણીય સ્મૃતિઓ સૌને પ્રાપ્ત થઈ હતી. સભાના પ્રારંભમાં પ્રસંગાનુરૂપ એક સ્કિટ રજૂ થઈ. જેમાં દાદા ખાચર અને સુરા ખાચરના પાત્રમાં યુવકોએ શ્રીજીમહારાજે કરેલા શાકોત્સવની સ્મૃતિઓ સૌને કરાવી. અંતે જણાવ્યું કે અત્યારે સત્સંગમાં શ્રીજીમહારાજ પ્રગટ છે અને એટલે જ સત્સંગમાં આનંદ, ઉમંગ છે.

શુભાશિષ વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું: ''ગુરુપરંપરા દ્વારા શ્રીજીમહારાજ વિરાજમાન છે, પ્રગટ છે. આ ઠેઠથી ચાલ્યું આવે છે ને હજુ ચાલશે. એ સુખ લેતાં ન આવડે તો કોરા રહી જઈએ. આ લૌકિક સુખની વાત નથી. આત્માનું સુખ છે. સમજણથી સુખ છે. સમજણ રાખીએ તો શ્રીજીમહારાજના વખતમાં જે સુખ આવ્યું એ જ સુખ આવે. એટલે લાઇન ચાલુ જ છે. આપણે સુખ સુખના દરિયા છે. એ પ્રમાણે સત્સંગ કરીએ તો કેફ રહે. બળ રહે, હિંમત રહે.''

આજના ઉત્સવની સ્મૃતિ આપતાં સ્વામીશ્રીએ મોટા ચૂલા પર મુકાયેલા

તપેલામાં વઘાર કર્યો, હવેજ અને રીંગણાં પધરાવ્યાં ને શ્રીજીમહારાજની સ્મૃતિ સાથે આ અમૃતમય શાકનું મિશ્રણ કર્યું.

સત્સંગરૂપી આત્માના ખોરાકની સાથે સાથે સ્વામીશ્રીના હસ્તે બનેલું અમૃતમય શાક અને ભક્તોની ભક્તિથી બનેલા રોટલા જમી સૌ ભક્તો પરિતૃપ્ત થયા હતા.

## વસંતપંચમી

તા. ૧૬-૧૧-૨૦૧૮ના રોજ ઊજવાયેલા પ્રતીક વસંતપંચમી ઉત્સવમાં બાળ-યુવાવૃંદે સુંદર નૃત્ય કરી સ્વામીશ્રીને વધાવ્યા હતા. ત્યારપછી બોચાસણ ગામમાં જ બનેલો શાસ્ત્રીજી મહારાજનો અકલ્પનીય અજાતશત્રુતાનો 'ભીખા ઊંટવાળા'નો પ્રસંગ સંવાદ દ્વારા રજૂ થયો.

સંવાદની સમાપ્તિ બાદ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના ગુણાનુવાદ ગાતાં સ્વામીશ્રીએ કહ્યું: ''શાસ્ત્રીજી મહારાજ એ શાસ્ત્રીજી મહારાજ. એમની તોલે કોઈ ન આવે. એમને એક જ ધ્યેય સ્પષ્ટ હતું - ગમે તે થાય, પણ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું કાર્ય કરવું છે.' લાખો વિરોધીઓ વચ્ચે પણ તેમણે આ કાર્ય કર્યું. દુનિયામાં કોઈ આટલા વિરોધ વચ્ચે આવું કાર્ય કરે ને શાંતિપૂર્વક કરે એ શક્ય નથી. શાસ્ત્રીજી મહારાજના હૃદયમાં ગજબની શાંતિ હતી. કોઈના માટે રાગદ્વેષ કે એવું કાંઈ નહીં. આવા પુરુષ આપણને મળ્યા. આપણે એમના વારસદાર છીએ. આપણાં કેટલાં મોટાં ધન્યભાગ્ય !

શાસ્ત્રીજી મહારાજે આ બધું કાર્ય કર્યું તો આપણે એમનું કાર્ય કરવું. આ સંપ્રદાયની પુષ્ટિ કરવી. અત્યારે આપણે બીજું કાંઈ કરવાનું નથી. જરા પણ આડો-અવળો વિચાર ન કરવો. સંપ-સુહૃદભાવ-એકતા રાખીને શાસ્ત્રીજી મહારાજનું કાર્ય શોભાડવું.''

સ્વામીશ્રીના હૃદયમાંથી વહેતા ગુરુભક્તિના આ પ્રવાહમાં સૌ ભીંજાઈ ગયા.

## શ્રીહરિ જયંતી

તા. ૧૭-૧૧-૨૦૧૮ના રોજ ભગવાન સ્વામિનારાયણનો પ્રતીક જન્મજયંતી ઉત્સવ ઊજવી શ્રીહરિનાં ચરણોમાં અંજલિ અર્પવામાં આવી હતી. સભામાં 'હાજા ભરવાડની ટાણાની સેવા', 'જેકરણભાઈ અને પરિવારને શ્રીહરિ અક્ષરધામમાં લઈ ગયા' અને 'જોબનપગીનું પરિવર્તન' વગેરે સંવાદ પ્રસ્તુત થયા હતા. આ સંવાદો દ્વારા શ્રીહરિ અને તેઓએ તૈયાર કરેલી અલૌકિક ભક્તમાળનો મહિમા ગવાયો હતો.

અંતમાં સૌને શુભાશિષ અર્પતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''ભગવાન સ્વામિનારાયણના વખતમાં એક એકથી ચઢે એવા ભક્તો હતા. એકાંતિક ભક્તોને ભગવાન સિવાય કાંઈ ખપે નહીં. તેમને શ્રીજીમહારાજમાં એવી લગની લાગેલી કે આત્મારૂપ, અક્ષરરૂપ થઈ થયેલા. ભગવાનનો આશરો એવો કરવો કે પ્રીતિમાં કાંઈ બાકી રહે નહીં. સર્વોપરી ભગવાન મળ્યા હવે ભગવાન, સંતમાં દૃઢ પ્રીતિ કરવી. ચઢતો ને ચઢતો રંગ રાખવો. મનમાં એવી ભાવના હોવી જોઈએ કે બધું ભગવાનને અર્થે થઈ જાય.''

આશિષની પૂર્ણાહુતિ બાદ પારણામાં પધરાવેલા શ્રી હરિકૃષ્ણ મહારાજની જન્મોત્સવની આરતી ઉતારી. પછી પ્રેમે પારણે ઝુલાવી સૌને દિવ્ય સ્મૃતિઓ આપી હતી.

## પુષ્પદોલોત્સવ

તા. ૧૮-૧૧-૨૦૧૮ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ત્રિવેણી ઉત્સવ રચાયો હતો. જેમાં પ્રતીક પુષ્પદોલોત્સવ, આજથી ૨૧૬ વર્ષ પૂર્વે મુક્તાનંદ સ્વામીએ રચેલી આરતીનો પ્રાકટ્ય દિન અને યોગીબાપાની પ્રાસાદિક રવિસભાનો સુભગ સમન્વય સધાયો હતો. આ અવસરે સવારે સ્વામીશ્રીએ મંદિરના લાલજી મહારાજ પર પુષ્પપાંદડી વરસાવી આજના પ્રતીક પુષ્પ-દોલોત્સવનો શુભારંભ કર્યો.

સાયંસભામાં વિવિધ કાર્યક્રમો સાથે પુષ્પદોલોત્સવનો મહિમા ગાતી સ્કિટ રજૂ થઈ.

આજના ઉત્સવે સૌ પર ભક્તિનો રંગ છાંટતાં સ્વામીશ્રીએ આશીર્વાદમાં જણાવ્યું: ''ભગવાન ભક્તિના રંગે રંગાય છે. મૂળ આપણો ભક્તિ સંપ્રદાય છે. એકાંતિકી ભક્તિ શ્રીજીમહારાજને બહુ ગમે છે. ભગવાન વારંવાર ભક્તોને યાદ કરે છે. માટે વિશેષ ને વિશેષ ભક્તિભાવ કેળવવો.

ભક્તિભાવ એટલે ભગવાન સાથે પ્રેમ. ભગવાન સિવાય બીજા કોઈ સાંભરે નહીં એ સર્વોપરી એકાંતિકી ભક્તિ. આપણે એ જ કરવાનું છે. ભક્તિના રંગે આપણે રંગાવું. દેહનો ભાવ કાઢી નાંખવાનો અને આત્મભાવે રહેવાનું. આપણે અક્ષર છીએ અને અક્ષરથી મોટું કોઈ નથી. અક્ષર થઈને પુરુષોત્તમના દાસ થવાનું છે. માટે આપણે મોજમાં રહેવું ને ભક્તિનો રંગ ચડાવતાં રહેવું.''

આશીર્વાદની સમાપ્તિ બાદ સ્વામીશ્રીએ શ્રી હરિકૃષ્ણ મહારાજનું પૂજન કરી પુષ્પપાંદડીઓ વરસાવી. સમૂહ આરતી અને હારતોરા બાદ આજના ઉત્સવનો પ્રારંભ થયો. ત્યાગવલ્લભદાસ સ્વામીએ સ્વામીશ્રીના મસ્તક પર પુષ્પો વરસાવ્યાં. સ્વામીશ્રીએ પણ તેઓને

પુષ્પ-પાંદડીઓથી વધાવ્યા. સંતોએ પણ આ અલૌકિક લાભ પ્રાપ્ત કર્યો. હવે, વારો હતો - ભક્તસમુદાયનો. વાતાવરણમાં પુષ્પદોલોત્સવનાં કીર્તનો ગુંજી રહ્યાં હતાં. ખૂબ ભક્તિપૂર્ણ વાતાવરણ જામ્યું હતું. હરિભક્તોએ હરખઘેલા બની ગુરુહરિના પુનીત સ્પર્શથી પાવન થયેલી પુષ્પપાંદડીઓથી રંગાઈ ધન્યતા અનુભવી હતી. સૌના આનંદનો પાર નહોતો. પ્રત્યેક હરિભક્તને સ્વામીશ્રીએ પુષ્પોત્સવનો અલૌકિક લાભ આપ્યો હતો.

## શાક-હાટડી ઉત્સવ

તા. ૧૯-૧૧-૨૦૧૮ ને દેવ-પ્રબોધિની એકાદશીના પાવન દિને સ્વામીશ્રીની નિશ્રામાં બોચાસણ ખાતે ભક્તો-ભાવિકોએ શાકોત્સવનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

આજે દેવઊઠી એકાદશી એટલે ચાતુર્માસની સમાપ્તિનો દિવસ. સંપ્રદાયમાં શાકોત્સવ સાથે આ ઉત્સવની વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવે છે. પ્રાતઃકર્મથી પરવારીને સ્વામીશ્રી મંદિરમાં પધાર્યા ત્યારે ત્રણેય ખંડોમાં વિવિધ શાકની હાટડી ભરવામાં આવી હતી. સ્વામીશ્રીએ ભાવથી દર્શન કર્યાં. શેરડીના સાંઠા સાથે જોડેલી નારિયેળની કાચલીની અંદર કપાસિયા ભરી પ્રગટાવેલી આરતીથી સ્વામીશ્રીએ ત્રણેય ખંડમાં ઠાકોરજીને વધાવ્યા. નીલકંઠવર્ણી પર અભિષેક કરી, તળાવ કાંઠે શ્રીજીમહારાજના પ્રાસાદિક સ્મૃતિ-સ્થાનનાં દર્શન કર્યાં.

સ્વામીશ્રી પ્રમુખસ્વામી સભાગૃહના મંચ પર પધાર્યા. શાકભાજીની હાટડી મંડાઈ હોય એવા સુંદર શણગાર અહીં સજાવવામાં આવ્યા હતા. શાક હાટની વચ્ચે સ્વામીશ્રીનું આસન રાખવામાં આવ્યું હતું. એક બાજુ ભગવાન સ્વામિનારાયણ અને બીજી બાજુ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી વિરાજમાન હતા. ‘શ્રીહરિકૃષ્ણ સબ્જી ભંડાર’ની મધ્યે ઉપમંચ પર બિરાજી સ્વામીશ્રીએ પ્રાતઃપૂજા કરી. પ્રસંગાનુરૂપ ભક્તિપદોનું ગાન થયું. પૂજા બાદ સ્વામીશ્રીએ આશીર્વચનમાં સત્સંગનો અપરંપાર મહિમા ગાયો.

ત્યારબાદ આજના ઉત્સવને અનુરૂપ વિવિધ શાક કરમાં ગ્રહી સ્વામીશ્રીએ વિશેષ સ્મૃતિઓ આપી. સંતો તે શાકના ગુણો વિશિષ્ટ શબ્દોમાં રજૂ કરતા હતા ને સ્વામીશ્રી પણ તેમાં સૂર પુરાવતા હતા. આમ, સ્વામીશ્રીએ એક પછી એક શાક પ્રસાદીભૂત કરી આજના ઉત્સવે સૌને અવિસ્મરણીય સ્મૃતિ પ્રદાન કરી હતી.

## યોગી જયંતી

તા. ૨૦-૧૧-૨૦૧૮ના રોજ પ્રતીક યોગી જયંતી ઉત્સવની ઉજવણી કરતાં સંગીતવૃંદે સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં યોગીજી મહારાજના મહિમાનાં કીર્તનોનું ગાન કરી તેઓને ભાવાંજલિ અર્પી.

સંધ્યા સમયે યોજાયેલી યોગી જયંતીની પ્રતીક સભામાં વૈવિધ્યસભર કાર્યક્રમો રજૂ થયા હતા. પ્રથમ વિભાગમાં સ્વામીશ્રીએ બાળકોને બાળસભાનો લાભ આપતાં ધૂન ગવડાવી, બાળવાર્તા કહી આનંદ કરાવ્યો હતો. યોગીબાપાના ધબ્બાથી વ્યક્તિનું કેવું પરિવર્તન થતું તેવા કેટલાક પ્રસંગોનું વર્ણન બાળકોએ કર્યું હતું. દ્વિતીય વિભાગમાં યુવકોએ યોગીજી મહારાજ સાથેના સ્વામીશ્રીના પ્રસંગો રજૂ કર્યા, તેના આધારે પુછાયેલા પ્રશ્નોના સ્વામીશ્રીએ સુંદર ઉત્તરો આપી યુવકોને વિશેષ સ્મૃતિ આપી. તૃતીય વિભાગમાં વડીલોએ કેટલાક પ્રસંગો રજૂ કરી સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરી દ્વારા સુંદર માર્ગદર્શન મેળવ્યું હતું.

અંતમાં સ્વામીશ્રીએ ત્રીજા પ્રકરણની ૯મી સ્વામીની વાત નિરૂપી સૌને બળભર્યા આશીર્વાદ પાઠવ્યા હતા.

## હિંડોળા ઉત્સવ

તા. ૨૧-૧૧-૨૦૧૮ના રોજ પ્રતીક હિંડોળા ઉત્સવ નિમિત્તે કલાત્મક હિંડોળામાં વિરાજમાન સ્વામિનારાયણ ભગવાનને ઝુલાવી સ્વામીશ્રીએ આજના ઉત્સવનો શુભારંભ કર્યો હતો. સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં પણ આજના ઉત્સવને અનુરૂપ કીર્તનોનું ગાન થયું.

સંધ્યા સમયે યોજાયેલા હિંડોળાપર્વ નિમિત્તે સભાનો સમગ્ર મંચ કલાત્મક હિંડોળાથી સજ્જ હતો. શ્રી હરિકૃષ્ણ મહારાજને હિંડોળે પધરાવી સ્વામીશ્રીએ આરતી ઉતારી.

આજના પર્વની વિશેષ સ્મૃતિ આપતાં હિંડોળામાં બિરાજમાન સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું: “આ બધો મહારાજ-સ્વામીનો પ્રતાપ છે. એટલે આપણે બધા લહેર કરી રહ્યા છીએ ને કોઈ વાતનું દુઃખ નથી. લોકોને કેટલું બધું દુઃખ હોય છે! હરિભક્તને પણ દુઃખ તો આવે છે પણ તે દુઃખ માનતા નથી. બીજા રડીને દુઃખ ભોગવે ને આપણે હસીને, કારણ કે આપણને પ્રાપ્તિનો કેફ છે. ભગવાન એકાંતિક ભક્તોને વશ વર્તે, તેમની સાથે રસબસ થઈ જાય. આપણે એ માર્ગે ચાલ્યા છીએ એટલે એવા ભક્ત થવાશે. આ સત્સંગ મળ્યો છે તે બહુ મોટાં ભાગ્ય છે. માટે તેને છોડતા જ નહીં. તો આગળ જતાં પ્રાપ્તિ પ્રાપ્તિ પ્રાપ્તિ.”

આશીર્વચન બાદ વરિષ્ઠ સંતો અને સ્થાનિક સંતોએ હિંડોળાનાં પદોના તાલે સ્વામીશ્રીને હિંડોળે ઝુલાવી



આશિષ પ્રાપ્ત કર્યા. સભામાં ઉપસ્થિત ભક્તોએ આજનાં દર્શનની અવિસ્મરણીય સ્મૃતિઓ અંતરમાં કંડારી વિદાય લીધી હતી.

આજે સ્વામીશ્રીએ ગોપાલપુરા, ઓડ, લીંગડા અને રતનપુરા ખાતે રચાયેલા બી.એ.પી.એસ. મંદિરના કળશ અને ધજાદંડોનું વિધિવત્ પૂજન કરી, મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી હતી.

## કાર્તિકી પૂર્ણિમા - દેવદિવાળી

તા. ૨૩-૧૧-૨૦૧૮ના રોજ દેવદિવાળીના પાવન પર્વે સ્વામીશ્રીના સાંનિધ્યમાં બોચાસણ મંદિરમાં દિવ્યતાનો માહોલ જામ્યો હતો. હજારો ભક્તોની ઉપસ્થિતિથી વાતાવરણમાં ભક્તિની ભરતી ચઢી હતી.

આજના પવિત્ર દિને મંદિરમાં ઠાકોરજીને વિવિધ વાનગીઓનો સુંદર અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. તેનાં દર્શન કરતાં કરતાં સ્વામીશ્રીએ આરતી ઉતારી.

કાર્તિકી પૂર્ણિમાના ઉત્સવની મુખ્ય સભામાં ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતનું પ્રવર્તન શાસ્ત્રીજી મહારાજ અને ગુણાતીત ગુરુપરંપરાએ કેવી રીતે કર્યું છે તે વિષયક પ્રવચનોની શ્રેણીમાં સુંદર ઉદ્‌બોધનનો લાભ વરિષ્ઠ સંતોએ આપ્યો હતો.

અક્ષરપુરુષોત્તમ જ્ઞાનના ડંકા આજે દિગંતમાં વાગી રહ્યા છે તેના આનંદમાં બાળ-યુવાવૃંદે જોમભેર ભક્તિનૃત્ય કર્યું. સ્વામીશ્રી અને વરિષ્ઠ સંતોએ બી.એ.પી.એસ.ની ધજાઓ લહેરાવી. સૌ વતી વરિષ્ઠ સંતોએ કલાત્મક હારતોરાથી ગુરુહરિને વધાવ્યા.

શુભાશિષ વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''ગુણાતીતના ડંકા ખરેખર વાગી રહ્યા છે. શાસ્ત્રીજી મહારાજે ઉપાસના માટે ગજબનું કાર્ય કર્યું છે. તેમણે કહ્યું, 'અક્ષરપુરુષોત્તમ માટે મુંડાવ્યું છે.' આ કેટલી સ્પષ્ટતા છે! તેઓએ ઉપાસનાનું દ્વાર ખુલ્લું કર્યું તેમાં લાખો જીવોનું કલ્યાણ થયું. એ આપણે બધા અનુભવીએ છીએ.

આવા ભગવાન અને સંત ક્યારે મળ્યા નથી તે આ જન્મે મળ્યા. માટે ધર્મ-નિયમમાં રહીએ. નાના-મોટા સૌએ ગજા પ્રમાણે, પાત્રતા પ્રમાણે અક્ષરપુરુષોત્તમની વાત કરવી. શાસ્ત્રીજી મહારાજે કહ્યું, 'મારું કાર્ય ચાલુ રહેશે.' એટલે આ ચાલુ રાખવાનું છે. આ વાત વહેતી મૂકવી ને જેટલી બને એટલી બીજાને કરવી.''

અંતમાં શ્રી હરિકૃષ્ણ મહારાજની આરતી ઉતારી, સૌને 'જય સ્વામિનારાયણ' કરી સ્વામીશ્રીએ વિદાય લીધી.

આજે નડિયાદ ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલયને ૨૭ વર્ષ પૂર્ણ થતાં હતાં. તે નિમિત્તે ૯૦ વિદ્યાર્થીઓ અને ૨ સંતો ૨૭ કિલોમીટરની દંડવત્ યાત્રા કરીને સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીએ તે સૌ પર કૃપાદૃષ્ટિ વરસાવી.

તા. ૨૪-૧૧-૨૦૧૮ના રોજ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ સમક્ષ વિધિવત્ શ્રી સ્વામિનારાયણ મહાપૂજા, શ્રી સ્વામિનારાયણ આરતી તેમજ શ્રી સહજાનંદ નામાવલિનો પાઠ કરીને સ્વામીશ્રીએ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનાં ચરણે અર્ઘ્ય અર્પણ કર્યું હતું.

## સુહૃદ મિલન દિન

તા. ૨૫-૧૧-૨૦૧૮ના રોજ કાર્યકરોએ 'સુહૃદ મિલન દિન'ની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરી હતી. કાર્યકરોએ સંવાદાત્મક રજૂઆત સાથે સત્સંગ કરવામાં વિઘ્નરૂપ બનતા સામાજિક અને પારિવારિક પ્રસંગો,

આંતરિક મતભેદ વગેરે પ્રશ્નો અને તે સમયે સર્જાતી પરિસ્થિતિ રજૂ કરીને તેમાંથી ઊગરવાનું માર્ગદર્શન સ્વામીશ્રી પાસેથી મેળવ્યું હતું. અંતમાં સ્વામીશ્રીએ રવિસભાની સાથે સાથે સત્સંગનો અને તેના પ્રધાનપણાનો અપરંપાર મહિમા કહ્યો હતો.

આજના દિવસે મહેળાવ ક્ષેત્રના કુલ ૮૧૦ હરિભક્તો ૨૧ કિલો-મીટરની પદયાત્રા કરીને ગુરુહરિનાં દર્શને આવ્યા હતા. તેમાં ૭૦ જેટલા બાળકો હતા. સ્વામીશ્રીએ આ સૌ પર પ્રસન્નતા સાથે આશિષ પાઠવ્યા હતા.

## શરદોત્સવ

તા. ૨૭-૧૧-૨૦૧૮ના રોજ પ્રતીક શરદોત્સવ યોજાયો હતો. આજના ઉત્સવની મુખ્ય સભામાં યુવકોએ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના જીવનપ્રસંગો લઘુ સંવાદો દ્વારા પ્રસ્તુત કર્યા હતા. ત્યારપછી *'સોનલે મઢી ને રૂપલે જડી, શરદ પૂનમની રાતલડી...'* કીર્તનના તાલે સંતો રાસ રમ્યા અને સ્વામીશ્રીએ પણ સૌને સ્મૃતિ આપી. હરિભક્તો-યુવાનોએ મંચ નીચે રાસ રમી આનંદ વ્યક્ત કર્યો.

ખરેખર અદ્‌ભુત શરદોત્સવ ઊજવાયો! અંતે સૌએ દૂધ-પૌંઆનો પ્રસાદ માણ્યો હતો.

## પદવીદાન સમારોહ

તા. ૨૮-૧૧-૨૦૧૮ના રોજ સંધ્યા સમયે યોજાયેલા યુવા તાલીમ કેન્દ્રના યુવકોનું સત્ર પૂર્ણ થતાં પદવીદાન સમારોહ યોજાયો હતો. વિવિધ કાર્યક્રમોની રજૂઆત વચ્ચે તાલીમબદ્ધ યુવાનોએ સ્વાગતનૃત્યથી શ્રીહરિ અને ગુરુહરિને વધાવ્યા.

'વફાદારી' વિષયક એક સ્કિટ રજૂ કરીને તાલીમ કેન્દ્રમાં તાલીમ પામેલા યુવકે તિલક-ચાંદલાના ભોગે નોકરીમાં પ્રમોશન ન સ્વીકાર્યું, તે દર્શાવવામાં આવ્યું. તેના મુખે એક સરસ વાક્ય પણ બોલાયું: 'સંસ્થા, સિદ્ધાંત ને સત્પુરુષ પ્રત્યે વફાદારી એ જ મારી જવાબદારી.' આવી વફાદારી રાખનાર કેટલાક યુવકોના પ્રસંગો પ્રસ્તુત થયા.

સંતો તથા યુવા તાલીમ કેન્દ્રના પ્રતિનિધિ યુવકોએ સ્વામીશ્રીને હાર તથા ચાદરથી વધાવ્યા. યુવકોએ જોશીલી શૈલીમાં ખૂબ સુંદર ભક્તિનૃત્ય કર્યું હતું. સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૨૯-૧૧-૨૦૧૮ના રોજ સ્વામીશ્રીએ હિંમતનગર ક્ષેત્રના કાવા, દાવડ, ચિત્રોડા તેમજ નડિયાદ ક્ષેત્રના દાવડા ગામમાં રચાયેલાં નૂતન બી.એ.પી.એસ. મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી, આરતી ઉતારી, મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી હતી.

તા. ૩૦-૧૧-૨૦૧૮ના રોજ સ્વામીશ્રીની પાવન નિશ્રામાં બોચાસણ ખાતે ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનો પ્રતીક જન્મજયંતી મહોત્સવ ઊજવી સંતો-ભક્તોએ અનન્ય ગુરુભક્તિ અદા કરી હતી.

તીર્થરાજ બોચાસણ ખાતે સંતો-ભક્તોને સત્સંગનું અનહદ સુખ આપી સ્વામીશ્રી રાજકોટ ખાતે ઊજવાનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મોત્સવ અને રાજકોટ બી.એ.પી.એસ. મંદિર દ્વિદશાબ્દી મહોત્સવ ઉપક્રમે યોજાનારા વિવિધ ભક્તિભર્યા કાર્યક્રમોમાં સૌને સત્સંગ-ભક્તિના રંગે રંગવા સૌરાષ્ટ્રની ધરા પર રાજકોટના આંગણે પધાર્યા.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત)◆







## પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા સારંગપુરમાં થયો

# પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિમંદિરનો શિલાન્યાસ વિધિ

ભગવાન શ્રીસ્વામિનારાયણની દિવ્ય લીલાઓની સ્મૃતિ કરાવે છે, તીર્થધામ સારંગપુર.

સારંગપુરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના આ વિશાળ પરિસરમાં ભગવાન સ્વામિનારાયણના સંકલ્પે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે રચેલું ભવ્ય શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર એક અનોખું વાતાવરણ સર્જે છે. આ જ મંદિરના પરિસરમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિ કરાવે છે, યજ્ઞપુરુષ સ્મૃતિમંદિર. હવે ત્રિમંજિલા બી.એ.પી.એસ. મંદિર અને શ્રી યજ્ઞપુરુષ સ્મૃતિ મંદિરના બે ધ્રુવ વચ્ચે હવે ત્રીજું દિવ્ય પ્રેરણા-સ્થાન ઉમેરાઈ રહ્યું છે – બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું સ્મૃતિમંદિર!

ભગવાન સ્વામિનારાયણના દિવ્ય વૈદિક ઉપાસના-સંદેશના પ્રવર્તન માટે, સમસ્ત માનવજાતના ઉત્કર્ષ માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે તીર્થધામ સારંગપુરમાં અંતર્ધાન થવાનો સંકલ્પ કર્યો હતો. તા. ૧૩-૮-૨૦૧૬માં તેઓની એ અંતર્ધાન લીલા બાદ તેઓની ઇચ્છા મુજબ, જ્યાં ઇષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ અને ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ પડે એ સ્થળે તા. ૧૭-૮-૨૦૧૬ના રોજ તેઓના શ્રીવિગ્રહનો અંતિમ વિધિ કરાયો હતો. એ જ સ્થળે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી હવે રચાઈ રહ્યું છે – સંગેમરમરનું નાજુક અને કલાત્મક 'પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિમંદિર'. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અનંત ઉપકારોની સ્મૃતિ સાથે તેમનાં ચરણે ભાવાંજલિ અર્પણ કરતું આ સ્થાન અસંખ્ય

લોકો માટે શ્રદ્ધા અને ગુરુભક્તિનું અનોખું કેન્દ્ર છે.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના વરદ હસ્તે તા. ૧૭-૧૨-૨૦૧૮ના રોજ આ ભવ્ય સ્મૃતિમંદિરનો શિલાન્યાસ વિધિ યોજાયો હતો. ઘણા સમયથી જે અવસરની રાહ જોવાઈ રહી હતી તે અવસર આજે સૌને સુલભ થવાનો હતો.

રાજકોટમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી ઉત્સવની ઉજવણી બાદ આ વિધિ માટે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ ખાસ સારંગપુર પધાર્યા હતા.

તા. ૧૬-૧૨-૨૦૧૮ના રોજ સવારથી જ દેશ-વિદેશના સંતો-ભક્તો સારંગપુર ખાતે પધારી રહ્યા હતા. હાલ જ્યાં પ્રમુખસ્વામી મહારાજનું સ્મૃતિ સ્થાન છે ત્યાં જ મંચ બનાવવામાં આવ્યો હતો. પાછળ વિશાળ ગર્ત કરવામાં આવ્યો. મંદિરસ્થળની પાર્શ્વભૂમાં નૂતન સ્મૃતિમંદિરની ચિત્ર પ્રતિમા પણ રાખેલી હતી, જેથી ભવિષ્યમાં થનાર મંદિરની સૌને ઝાંખી થાય.


તા. ૧૭-૧૨-૨૦૧૮ની પ્રભાતે પરમ પૂજ્ય પ્રમુખ-સ્વામી મહારાજના સ્મૃતિમંદિરનો શિલાન્યાસ વિધિનો પૂર્વાર્ધ વિધિ સવારે ૮-૩૦ વાગ્યાથી શરૂ થઈ ગયો હતો. જેમાં ડૉક્ટર સ્વામી, કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, ત્યાગ-વલ્લભદાસ સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી, વિવેકસાગરદાસ સ્વામી, ઘનશ્યામચરણદાસ સ્વામી વગેરે વરિષ્ઠ સંતો સહિત સેંકડો સંતો અને દેશ-પરદેશથી પધારેલા હજારો હરિભક્તો જોડાયા હતા. પ્રમુખસ્વામી મહારાજના સ્મૃતિ- સ્થાનની પીઠિકા પર બિરાજીને વરિષ્ઠ સંતોએ શ્રી હરિકૃષ્ણ મહારાજની મહાપૂજા કરી હતી. સ્મૃતિ-સ્થાન સમક્ષ મંદિરના પ્રાંગણમાં હજારો યજમાન હરિભક્તો એ મહાપૂજાને વિધિવત્ અનુસરી રહ્યા હતા. આજે નૂતન સ્વામિનારાયણ મહાપૂજા વિશિષ્ટ રીતે કરવામાં આવી હતી. જેમાં મહાપૂજાની વિવિધ વિધિઓ સાથે સંકળાયેલા પ્રમુખસ્વામી મહારાજના પ્રસંગોની સ્મૃતિ આદર્શજીવનદાસ સ્વામીએ કરાવી હતી. મહાપૂજાના અંત ભાગમાં પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ વિવિધ સંકલ્પો કરીને સ્વામિનારાયણ ધૂન કરાવી હતી. ત્યારબાદ પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી તથા પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યાં હતાં.

સવારે સાડા દસ વાગ્યે શિલાન્યાસ વિધિના સ્થળે પધારીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે શિલાન્યાસ પૂર્વે મહાપૂજાનો શેષ વિધિ કર્યો અને આયુધ, નિધિકુંભ અને શિલાઓનું પૂજન કર્યું. ત્યારબાદ પરમ પૂજ્ય સ્વામીશ્રીએ અમૃતવચનો વહાવતાં જણાવ્યું હતું: 'આજે બધા દેશ- પરદેશથી દોડી-દોડીને આવ્યા છે અને એનું કારણ એ છે કે સ્વામીબાપાએ બધાને વશ કર્યા છે. આ નૈમિષારણ્ય ક્ષેત્ર છે, જેની વાત શ્રીજીમહારાજ, પ્રમુખસ્વામી મહારાજ, બધાના મનમાં હતી. નૈમિષારણ્ય ક્ષેત્ર એટલે અક્ષરધામ છે. અહીં પ્રમુખસ્વામી મહારાજનું ભવ્ય મંદિર બનવાનું છે.' એમ કહીને સ્વામીશ્રીએ સૌને આ સેવાયજ્ઞમાં જોડાવા હાકલ કરી હતી.

સ્વામીશ્રીનાં આશીર્વચનો બાદ વરિષ્ઠ સંતો તથા વડીલ સંતોએ સ્વામીશ્રીને હારતોરાથી વધાવ્યા હતા. આ દરમ્યાન સ્વામીશ્રીએ જ્ઞાનેશ્વરદાસ સ્વામીને ખાસ ઘોષણા કરવા જણાવ્યું કે 'વર્ષમાં ઓછામાં ઓછું સૌએ એક વખત આ સ્થાનમાં દર્શને અવશ્ય આવવું.' ત્યારબાદ સ્વામીશ્રીએ મંદિર-નિર્માણમાં જોડાયેલા શ્રીજીસ્વરૂપદાસ સ્વામી, શ્રી હર્ષદભાઈ ચાવડા તથા શ્વેતપ્રકાશદાસ સ્વામી તથા તેમના વૃંદને આશીર્વાદ આપ્યા હતા.

ત્યારબાદ મુખ્ય શિલાન્યાસ વિધિ કરવા માટે સ્વામીશ્રી અને વરિષ્ઠ સંતો સ્મૃતિસ્થાનની પૂર્વ દિશાએ કરેલા વિશાળ ગર્તમાં પધાર્યા હતા. સ્વામીશ્રી લિફ્ટ દ્વારા ગર્તમાં પધાર્યા. આરતી અને પુષ્પાંજલિ અર્પણ કરીને શેષ વિધિ પૂરો કરી અહીં પધારીને સ્વામીશ્રીએ ગર્તનું પૂજન કર્યું, તેમાં યંત્રનું સ્થાપન કરીને નિધિકુંભ સ્થાપિત કર્યો ત્યારે પ્રમુખસ્વામી મહારાજના નામના જયનાદો ગુંજી ઊઠ્યા હતા. નિધિકુંભ અને બ્રહ્મશિલા પધરાવતી વેળાએ સ્વામીશ્રીએ તેના ઉપર એ જ લેલા વડે સિમેન્ટ-રેતીનું પુરાણ કર્યું, જે લેલાથી પ્રમુખસ્વામી મહારાજે સન ૨૦૦૨માં સારંગપુર મંદિરના વિશાળ પરિસરના માસ્ટર પ્લાનનો ખાતવિધિ કર્યો હતો. સ્વામીશ્રી પછી વરિષ્ઠ સંતોએ પણ તે વિધિ કર્યો. ત્યારબાદ અન્ય સંતો અને યજમાન ભક્તોએ પણ ગર્તમાં વિધિ કર્યો હતો.

ભગવાન સ્વામિનારાયણની ચરણરજથી પાવન થયેલી સારંગપુરની દિવ્ય ભૂમિ પર પ્રમુખસ્વામી મહારાજનું આ સ્મૃતિમંદિર ટૂંક સમયમાં જ આકાર લેશે અને સમગ્ર વિશ્વના ભાવિકોને આકર્ષશે. આ સ્મૃતિમંદિર લાખો ભક્તો માટે યુગો સુધી શ્રદ્ધાનું એક દિવ્ય કેન્દ્ર બની રહેશે. ◆



# પ્રમુખસ્વામી મહારાજ પ્રાગટ્યતીર્થ ચાણસદમાં ગુરુવંદનાનો અવિસ્મરણીય અવસર...





બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્યતીર્થ ચાણસદ ખાતે તેઓનો જન્મજયંતી ઉત્સવ પ્રતિ વર્ષ ભક્તિભાવપૂર્વક ઊજવાય છે. આ વર્ષે તા. ૨-૧૨-૧૮ના રોજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ૯૮મો જન્મજયંતી ઉત્સવ વરિષ્ઠ સંતો અને વડોદરા શહેર તથા ગ્રામ્ય વિસ્તારના ૨૦,૦૦૦થી વધુ હરિભક્તોની ઉપસ્થિતિમાં ભક્તિભાવપૂર્વક ઊજવાઈ ગયો.

ગવાક્ષથી સજ્જ કલામંડિત પાર્શ્વભૂ સહિત સમગ્ર મંચની સજાવટ ધ્યાનાકર્ષક હતી. મધ્યમાં વિરાજિત શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિ સમક્ષ ગુરુહરિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની જીવંત કદની મૂર્તિ તેઓની પ્રત્યક્ષ ઉપસ્થિતિ તુલ્ય હતી.

*'પ્રમુખસ્વામીની રીત અલૌકિક'* એ મધ્યવર્તી વિચાર સાથે રજૂ થયેલા કાર્યક્રમમાં, પ્રમુખસ્વામી મહારાજની અલૌકિક રીત પૈકી સાધુતા, સંપ અને સમર્પણની રીતની વિશેષ પ્રસ્તુતિ થઈ. 'અલૌકિક રીત'ની વિવિધ પ્રસંગ હારમાળાને અક્ષરવત્સલદાસ સ્વામી, બ્રહ્મવિહારીદાસ સ્વામી તથા વિવેકસાગરદાસ સ્વામીએ મનનીય વ્યાખ્યાનો દ્વારા પ્રસ્તુત કરી. પ્રત્યેક વિષયને અનુરૂપ કીર્તનની કડીના સુંદર શ્રવણ સાથે પ્રમુખસ્વામી મહારાજની પ્રેરક અમૃતવાણીનો આસ્વાદ પણ સૌ વીડિયો-દર્શન દ્વારા માણતા રહ્યા. આ 'પ્રમુખસ્વામીની અલૌકિક રીત'ને આપણી રીત બનાવવાનું પ્રેરક માર્ગદર્શન પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ આપ્યું. નૃત્ય, સંવાદ અને પ્રેરક દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમોની પ્રસ્તુતિએ સૌનાં હૃદયને પ્રમુખસ્વામી મહારાજની અલૌકિક રીતમાં ગરકાવ કરી દીધાં.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો અને વડીલ સંતો તથા વડોદરાના અગ્રણીઓએ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિને પુષ્પહાર અર્પી વિશેષ ગુરુભક્તિ અદા કરી.

સભાના અંતે સૌએ સમૂહમાં દીપ પ્રગટાવી ગુરુહરિને અંતરની આરતીથી વધાવ્યા. અટલાદરા મંદિરના કોઠારી ભાગ્યસેતુદાસ સ્વામી, સૌ સંતો તેમજ સ્થાનિક સર્વે હરિભક્તો અને સ્વયંસેવકોના અથાગ પુરુષાર્થથી આ ઉત્સવ કાર્યક્રમ સૌ કોઈ માટે વિશેષ સ્મૃતિદાયક બની રહ્યો. ◆

# માનવ હૃદય પર વિશ્વનું પ્રથમ ટેલિરોબોટિક કોરોનરી ઈન્ટરવેન્શન ગાંધીનગરમાં અક્ષરધામ ખાતે ડો. તેજસભાઈ પટેલ દ્વારા...






બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના અંગત તબીબ તરીકે સેવા કરીને તેઓના અપાર આશીર્વાદ મેળવનારા ડૉ. તેજસભાઈ પટેલ અમદાવાદના એપેક્સ હાર્ટ ઇન્સ્ટિટ્યૂટના ચૅરમૅન અને જગવિખ્યાત ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ છે. તાજેતરમાં ડો. તેજસભાઈએ વિશ્વના ફર્સ્ટ-ઇન-હ્યુમન ટેલિરોબોટિક કોરોનરી ઇન્ટરવેન્શનનો સફળ પ્રયોગ કરીને તબીબી વિજ્ઞાનના ઇતિહાસમાં એક નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. આ વિશિષ્ટ અને અપૂર્વ તબીબી પ્રયોગ માટે તેમણે ગાંધીનગર ખાતે સ્વામિનારાયણ અક્ષરધામને પસંદ કર્યું હતું.

હૃદયની નળીઓમાં આવતા અવરોધને કારણે કે વાલ્વની ખામીઓને કારણે માનવીને હૃદયરોગના હુમલા જેવી તકલીફોનો ભોગ બનવું પડે છે. આ અવરોધને દૂર કરવા માટે કે વાલ્વની તકલીફને દૂર કરવા માટે ક્યારેક ખુલ્લા હૃદયની સર્જરી કરવી પડે છે, ક્યારેક હૃદયની નળીઓમાં કેથેટર નાંખીને સ્ટેન્ટ મૂકવામાં આવે છે, ક્યારેક વાલ્વ બદલવામાં આવે છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં તબીબી સિદ્ધિઓને કારણે હૃદયની નળીઓમાં જામેલા અવરોધોને દૂર કરવા માટે સાથળમાંથી કે હાથના કાંડામાંથી કેથેટર પસાર કરીને હૃદયની એન્જિયોગ્રાફી કરીને એન્જિયોપ્લાસ્ટી દ્વારા સ્ટેન્ટ મૂકવામાં આવે છે. આ માટે હવે નિષ્ણાતો દ્વારા આધુનિકતમ રોબોટિક સાધનોનો પણ ઉપયોગ કરવામાં આવે છે, જેને રોબોટિક કોરોનરી ઇન્ટરવેન્શન કહેવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે પદ્મશ્રીના સન્માનથી સન્માનિત ડૉ. તેજસભાઈ પટેલે રોબોટિક કોરોનરી ઇન્ટરવેન્શન ક્ષેત્રે વિશ્વમાં અજોડ કહી શકાય તેવી સિદ્ધિઓ મેળવી છે.

હૃદયની આવી પ્રક્રિયાઓ માટે ખાસ પ્રકારની સુવિધાઓ સાથેની કેથેટરાઇઝેશન લેબ તો અનિવાર્ય છે, પરંતુ આવી સુવિધાઓ વચ્ચે કોરોનરી ઇન્ટરવેન્શનના નિષ્ણાત તબીબ અતિ અનિવાર્ય છે. સ્વાભાવિક છે કે કેથેટરાઇઝેશન લેબ હોવા છતાં બધી જગ્યાએ આવા નિષ્ણાત તબીબ ઉપલબ્ધ ન હોવાથી દર્દીઓની સારવારમાં સફળતા મળતી નથી. હૃદયરોગના નિષ્ણાત ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટની કુશળતાનો લાભ દૂર રહેલા દર્દીઓને મળી શકતો નથી.

આથી, ડૉ. તેજસભાઈ પટેલે પોતાની એપેક્સ હાર્ટ ઇન્સ્ટિટ્યૂટની કેથેટરાઇઝેશન લેબથી ૩૨ કિ.મી. દૂર ગાંધીનગર ખાતે અક્ષરધામમાં રહીને 'ટેલિરોબોટિક કોરોનરી ઇન્ટરવેન્શન'નો એક અદ્‌ભુત અને અજોડ સફળ પ્રયોગ કર્યો હતો. જેને તબીબી ભાષામાં 'ફર્સ્ટ-ઇન-હ્યુમન

(FIH) ટેલિરોબોટિક કોરોનરી ઈન્ટરવેન્શન' કહેવામાં આવે છે. આ માટે તેમણે અમેરિકાના પ્રસિદ્ધ કોરિન્ડસ વેસ્ક્યુલર રોબોટિક્સ, ઈન્ક.ની CorPath® ટેક્નોલોજીનો ઉપયોગ કર્યો હતો. આ વિશ્વનું સૌપ્રથમ પરક્યુટેનસ કોરોનરી ઈન્ટરવેન્શન (PCI) હતું, જે કેથેટેરાઈઝેશન લેબની બહાર રિમોટ લોકેશન પરથી હાથ ધરાયું છે.

જે દર્દીના હૃદયની નળીઓમાં આવેલા અવરોધને દૂર કરવાના હતા, તે દર્દી અમદાવાદ સ્થિત એપેક્સ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટની કેથિરાઈઝેશન લેબમાં ડો. સંજય શાહની દેખભાળ હેઠળ રાખવામાં આવ્યા હતા. ૩૨ કિ.મી.ના અંતરે આવેલા ગાંધીનગર સ્થિત સ્વામિનારાયણ અક્ષરધામ મંદિરમાંથી ડૉ. તેજસભાઈએ ઈન્ટરનેટના માધ્યમથી ટેલિરોબોટિક પ્રક્રિયા દ્વારા દર્દીના હૃદયમાં સ્ટેન્ટ મૂક્યું હતું.

આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, પૂજ્ય શ્રી ઈશ્વરચરણદાસ સ્વામી અને અન્ય સંતો હાજર રહ્યા હતા.

પ્રારંભમાં બ્રહ્મવિહારી સ્વામીએ જણાવ્યું હતું કે, 'ડો. તેજસભાઈ પટેલે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના અંગત કાર્ડિયોલોજિસ્ટ તરીકે સેવા આપી તે દરમિયાન તેમને ઊંડા અધ્યાત્મની પળોનો અનુભવ થયો છે. તેમનો પ્રમુખસ્વામી મહારાજ સાથેનો અનુભવ હૃદય પરિવર્તનની એક યાત્રા સમો છે. આજે ૫ ડિસેમ્બર ૨૦૧૮થી રાજકોટમાં પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી મહોત્સવની ઉજવણીનો પ્રારંભ થઈ ચૂક્યો છે. આજનો દિવસ પ્રમુખસ્વામી મહારાજનાં જીવન અને કાર્યોના સન્માનમાં પસંદ કરવામાં આવ્યો છે.'

આ પ્રસંગે અક્ષરધામના મલ્ટિમીડિયા થિયેટરમાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સ અને ટૂંકી સભામાં ડો. તેજસભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'પ્રમુખસ્વામી મહારાજની સારવાર દરમ્યાન હું તેમની ખૂબ નજીક આવ્યો હતો. પરિણામે મારા હૃદયનું પરિવર્તન થયું હતું. આજે અસંખ્ય લોકોના હૃદયમાં કંઈક સુધારો લાવવા માટે હું કટિબદ્ધ બન્યો છું. આ સિદ્ધિને હું પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે મારી વિનમ્ર અંજલિ સમજું છું. મેં આ પ્રક્રિયા માટે અક્ષરધામ શા માટે પસંદ કર્યું? ઘણા બધા વિકલ્પો હતા. પરંતુ આ 'હાઉસ ઑફ ગોડ' છે. તમે સમજી શકો છો કે મારા મસ્તક પર કેટલું બધું આ કાર્યનું પ્રેશર હશે. પરંતુ કંઈક પણ અનિચ્છનીય બને તો મારી, મારી ટીમની, મારા ઈન્સ્ટિટ્યૂટના રેપ્યુટેશનનું શું થાય? પરંતુ મેં અક્ષરધામમાં પ્રવેશ કર્યો તે સાથે મારી તમામ ચિંતા દૂર થઈ ગઈ. મને લાગ્યું કે હું ભગવાનના ખોળામાં બેસીને હૃદયની આ પ્રક્રિયા કરવાનો છું તેથી હું ચોક્કસ સફળ જ થઈશ. ભગવાન બધી સંભાળ રાખશે જ. ઈતિહાસ સાક્ષી છે કે વિજ્ઞાનની સાથે અધ્યાત્મ જોડાય છે ત્યારે જ સાચી પ્રગતિ થઈ શકે છે. મને વિશ્વાસ છે કે આ સિદ્ધિ વિશ્વ માટે એક રાજમાર્ગ રચશે. આ માટે ભારતનું નામ ઈતિહાસમાં લખાશે. માત્ર હૃદયરોગ માટે નહીં, પરંતુ મગજ હોય કે અન્ય લોહીની નળીઓ હોય, સમગ્ર વાસ્ક્યૂલર ક્ષેત્રે શ્રેષ્ઠ સારવારની આ નવી દિશા ઊઘડી છે. હું આ સફળતા મારા ગુરુ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ને મહંત સ્વામી મહારાજના માધ્યમથી અર્પણ કરું છું, '

કોરિન્ડસના પ્રેસિડેન્ટ અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર માર્ક ટોલાન્ડે આ ઘટનાને એક ઐતિહાસિક સિદ્ધિ ગણાવી હતી.

આ પ્રક્રિયા પહેલાં શ્રીનીલકંઠવર્ણીનો અભિષેક કરીને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે 'ગુજરાત આજે ખૂબ ગૌરવ અનુભવે છે. ગુજરાતની ધરતી, અક્ષરધામ જેવું પવિત્ર ધામ અને ગુજરાતનું ગૌરવ એવા ડૉ. તેજસભાઈ પટેલનો અહીં સંગમ છે. વિશ્વમાં સૌથી પહેલી આ ઘટના છે. ડૉ. તેજસભાઈનું કહેવું એમ છે કે આજે ૩૨ કિલોમીટર દૂર દર્દીને એમણે અહીં બેઠાં સર્જરી કરી. પરંતુ ૩૨,૦૦૦ કિલોમીટર દૂર દર્દી હોય તો પણ ડૉક્ટર દૂરથી સર્જરી કરી શકે એ પ્રકારનો મૅડિકલ ક્ષેત્રે એક ઈતિહાસ રચાયો છે. અક્ષરધામ એટલે કે ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય. આવા તીર્થમાં પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત થાય છે. એટલે અક્ષરધામમાં આ કાર્યક્રમ કરવા બદલ એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.'

પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ સ્વાગતોક્તિ સાથે જણાવ્યું કે 'આજની આ પ્રક્રિયા કરતાં પહેલાં ડૉ. તેજસભાઈએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ લીધા છે. તેમને અહીં ખૂબ આત્મવિશ્વાસ હતો કે આ કાર્ય ભગવાનના આશીર્વાદથી સફળ થશે જ. આપણા પ્રાચીન ઋષિઓ આર્ષદૃષ્ટિથી કાર્ય કરી શકતા હતા તેવું આ કાર્ય થયું છે. હજુ આ ક્ષેત્રે વિશ્વમાં ખૂબ જ પ્રગતિ થશે. સમગ્ર વિશ્વમાં આવું અજોડ કાર્ય કરવા બદલ તેજસભાઈને અભિનંદન અને હજુ વધુ ખૂબ પ્રગતિ કરે તેવી પ્રાર્થનાઓ.'

# ગોધાવટા, મૂળધરાઈ અને ગુંદેલ ખાતે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં યોજાયા પ્રતિષ્ઠા ઉત્સવો...




ગોધાવટા ખાતે મૂર્તિસ્થાપનવિધિ અને વિશ્વશાંતિ મહાયજ્ઞમાં રત પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી તથા સંતો..

## ગોધાવટા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

બોટાદ જિલ્લામાં બરવાળા તાલુકાના ગોધાવટા ગામમાં દાયકાઓ પૂર્વે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે પ્રમુખસ્વામી મહારાજ સાથે પધરામણી કરીને ગામને પાવન કર્યું હતું. ગુણાતીત ગુરુવર્યોનાં ચરણરેણુથી પાવન અને આશીર્વાદથી પરિતૃપ્ત થયેલા ગોધાવટામાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી ૩૫ વર્ષ પૂર્વે સત્સંગની શરૂઆત થઈ હતી. અક્ષરનિવાસી હરિપ્રકાશદાસ સ્વામી અને ત્યારબાદ યોગમુનિદાસ સ્વામીના વિચરણથી અહીં સત્સંગ પ્રવૃત્તિનો વિકાસ થયો. સ્વામીશ્રીના આશીર્વાદથી ગામમાં સત્સંગની ફૂલવાડી ખીલવા માંડી અને મંદિરની જરૂરિયાત જણાઈ. અગ્રણી હરિભક્ત શ્રી હરજીભાઈ સોનાણીએ ગામમાં પ્રવેશતાં મોકાની ભૂમિ મંદિર માટે અને મંદિરના નિભાવ અર્થે અન્ય ૬ વીઘા જમીન અર્પણ કરીને વિશેષ સેવા કરી અને મંદિર નિર્માણકાર્ય આરંભાયું. સમર્પણ-નિષ્ઠ શ્રી હરજીભાઈ સોનાણી અને વલ્લભભાઈ સોનાણીના સહયોગથી મંદિર બાંધકામની શરૂઆત થઈ. શ્રી વલ્લભભાઈએ વ્યહવાર ગૌણ કરીને પૂજારીની સેવા ઉપરાંત ૨ વીઘા જમીનની આવક ઠાકોરજીને અર્પણ કરી. સાથે સાથે ગામજનોના પૂર્ણ સહકારથી મંદિર નિર્માણ પામ્યું.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૧૦-૧૧-૨૦૧૮ના રોજ સવારે વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો, જેમાં ૬૦ યજમાનોએ યજમાન પદે બિરાજીને મંગલ પ્રાર્થના કરી હતી. બપોર પછી શોભાયાત્રા યોજાઈ, જેમાં ગામજનોએ સંમિલિત થઈ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત ગુરુપરંપરાને વધાવ્યા હતા.

સારંગપુર ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે તા. ૨૫-૬-૨૦૧૮ના રોજ વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ ગોધાવટા ખાતે તા. ૧૧-૧૧-૨૦૧૮ના રોજ પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં યોજાયો. ઠાકોરજી સમક્ષ અન્નકૂટ રચીને ભક્તજનોએ પ્રથમ આરતીનો લાભ લીધો. પ્રાસંગિક સભામાં સંતોના પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ સેવારત હરિભક્તોને બિરદાવ્યા હતા. આ ઉત્સવમાં સ્થાનિક તથા સુરત સ્થાયી થયેલા ગોધાવટાના યુવાનોએ સેવા-પુરુષાર્થ કરીને ગુરુહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

## મૂળધરાઈ ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ભાવનગર જિલ્લામાં વલ્લભીપુર તાલુકાના મૂળધરાઈ ગામ ખાતે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા.

૨૫-૬-૨૦૧૮ના રોજ વેદોક્તવિધિપૂર્વક પૂજાયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ ઉત્સવ યોજાઈ ગયો.

મૂળધરાઈમાં સન ૧૯૭૯ અને ૧૯૯૨માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે પધારીને ગામમાં સત્સંગની સરવાણી વહેતી કરી હતી. સારંગપુર મંદિરથી યોગમુનિદાસ સ્વામી અને સંતોના વિચરણથી સત્સંગ વેગવંતો બન્યો. સારંગપુરથી સંતોએ પણ અવારનવાર સત્સંગલાભ આપ્યો. હતી.

## ગુંદેલ ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ગુંદેલ ગામ ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તા. ૧૩-૧૧-૨૦૧૮ના રોજ યોજાઈ ગયો.

સન ૧૯૭૨માં ગુંદેલમાં શ્રી દેવચંદભાઈ મગનભાઈ દરજીના પ્રયત્નથી સત્સંગની ભાગીરથી વહેતી થઈ.





મૂળધરાઈમાં ઉત્સવસભામાં સત્સંગ લાભ આપતા સંતો તથા ગુંદેલ ખાતે પ્રાસંગિક ઉત્સવસભાનો લાભ લેતો ભક્તસમુદાય...

પ્રથમ સંયુક્તમંડળ અને ત્યારબાદ મહિલામંડળ અને બાળમંડળની શરૂઆત થતાં શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પડઘમ ગુંજવા લાગ્યા. ગામજનોની ભક્તિને વિશેષ પોષણ આપવા મંદિરની જરૂરિયાત જણાઈ. સર્વસંમતિથી ગામજનોએ અપીલ કરતાં સરપંચશ્રીએ પંચાયતની ભૂમિ મંદિર માટે અર્પણ કરી. હરિભક્તોની વિશેષ સેવાથી અને ગામજનોના સહકારથી મંદિર નિર્માણ પામ્યું.

તા. ૨૧-૧૧-૨૦૧૮ના રોજ માંગલિક દિને સવારે સંતો અને ૧૦૦ યજમાનોની ઉપસ્થિતિમાં મહાપૂજાવિધિ આરંભાયો. ત્યારબાદ પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં મૂર્તિસ્થાપનવિધિ સંપન્ન થયો. શ્રી અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરા સમક્ષ અન્નકૂટ રચીને ભક્તિ અર્ઘ્ય અર્પણ કર્યું. ત્યારબાદ ઉત્સવસભા યોજાઈ, જેમાં સંતોના પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ આશીર્વચનનો લાભ આપ્યો.

બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા થતાં સૌને વિશેષ ભાવ થતાં ભક્તિ તથા ધર્મભાવના વિશેષ ખીલી ઊઠી. આ મંદિર સામાજિક સમરસતાનું ભક્તિઅર્ઘ્ય અર્પણ કરવાનું અનુપમ કેન્દ્ર બની ગયું. ઉત્સવની સંપૂર્ણ સેવા સુરતમાં સ્થાયી થયેલા ગ્રામીણ યુવાનોએ અજોડ સેવા કરી

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સન ૧૯૭૭માં ૨૦ દિવસમાં ૯૦ ગામોમાં કઠિન વિચરણ કર્યું હતું ત્યારે તા. ૧૭-૪-૧૯૭૭ના રોજ ગુંદેલમાં પધાર્યા હતા. અહીં શ્રી કસ્તુરભાઈ રામચંદભાઈના ઘરે ઉતારો હતો. તે મકાન પર લખેલું 'ભગવાન નિવાસ' વાંચીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ઉચ્ચાર્યું હતું કે અહીં એક દિવસ ભગવાન જરૂર નિવાસ કરશે. ૪૧ વર્ષ બાદ તે આશીર્વાદ સાર્થક થયા. શ્રી કસ્તુરભાઈના પુત્ર પશાભાઈએ પોતાનું મકાન મંદિર માટે અર્પણ કર્યું. મંદિર નિર્માણકાર્યમાં સરપંચ શ્રી અમૃતભાઈ બારોટ, નાંદરી ગામના શ્રી ગોવિંદભાઈ અને ગુંદેલ તથા આજુબાજુના દરજી ભાઈઓનો વિશેષ સેવા-સહકાર પ્રાપ્ત થયો હતો. આમ સૌના સહિયારા પુરુષાર્થથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર નિર્માણ પામ્યું.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા. ૨૭-૧૨-૨૦૧૭ના રોજ વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ મહાપૂજાવિધિ બાદ ગુંદેલ ખાતે તા. ૧૩-૧૧-૨૦૧૮ના રોજ પૂજ્ય ભક્તિસાગરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. અહીં વિચરણ કરતા અમૃતમુનિદાસ સ્વામી તથા વિરક્તમુનિદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સૌ હરિભક્તોની વિશેષ સેવાભક્તિથી ઉત્સવ સંપન્ન થયો હતો. ◆

# આણંદનાં યુવક-યુવતીઓ માટે સારંગપુર ખાતે યોજાઈ શિબિર



તાજેતરમાં તીર્થધામ સારંગપુર ખાતે તા. ૧૪ થી ૧૭ નવેમ્બર દરમ્યાન આણંદ અને આસપાસનાં ક્ષેત્રોનાં યુવક-યુવતીઓની એક વિશિષ્ટ સત્સંગશિબિર યોજાઈ ગઈ. 'નિષ્ઠાવાન ભવ'ના મધ્યવર્તી વિચાર હેઠળ યોજાયેલી આ શિબિરમાં ૧,૭૭૧ યુવક-યુવતીઓ જોડાયાં હતાં.

પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી અને પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામીના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા આ શિબિરનો આરંભ થયો હતો. આ શિબિરમાં આનંદસ્વરૂપદાસ સ્વામી, ભદ્રેશદાસ સ્વામી, ભગવત્‌ચરણદાસ સ્વામી, બ્રહ્મદર્શનદાસ સ્વામી, ભક્તિસાગરદાસ સ્વામી, અક્ષરવત્સલદાસ સ્વામી, આદર્શજીવનદાસ સ્વામી, આત્મતૃપ્તદાસ સ્વામી, જ્ઞાનવિજયદાસ સ્વામી, વેદચિંતનદાસ સ્વામી અને શ્રી શૈલેશભાઈ સગપરિયાએ મધ્યવર્તી વિચાર દૃઢાવતા ઉદ્‌બોધન કરીને માર્ગદર્શન આપ્યું હતું. સંગીતજ્ઞ સંતવૃંદે કીર્તન ભક્તિનો લાભ આપી સૌને ભક્તિભીનાં કર્યા હતા.

સારંગપુરના આ પવિત્ર તીર્થમાં શિબિરના અંતિમ દિને સૌએ સમૂહપૂજાનો પણ લાભ પ્રાપ્ત કર્યો હતો. આમ, શિબિર દ્વારા શિબિરાર્થીઓએ સ્વરૂપનિષ્ઠા, સ્વધર્મનિષ્ઠા, ગુરુનિષ્ઠાનાં મૂલ્યો દૃઢ કરવાની પ્રેરણા પ્રાપ્ત કરી હતી.

આ શિબિરને સફળ બનાવવા માટે રસિકવિહારીદાસ સ્વામી, યજ્ઞેશદાસ સ્વામી, શુદ્ધચરિતદાસ સ્વામી વગેરે સંતોએ ખૂબ પુરુષાર્થ કર્યો હતો. ◆


**બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, નાગપુર** | **શાળા-છાત્રાલયમાં પ્રવેશ અંગે**

બી.એ.પી.એસ. સંસ્થા શૈક્ષણિક પ્રવૃત્તિ અંતર્ગત નાગપુર ખાતે CBSC બોર્ડ(અંગ્રેજી માધ્યમ)ની સુવિધાસજ્જ શાળા કાર્યરત છે. નવનિર્માણ પામેલ બી.એ.પી.એસ. છાત્રાલયમાં વિદ્યાર્થીઓને બૌદ્ધિક તથા શારીરિક વિકાસ સાથે સંસ્કારયુક્ત જીવનના પાઠો શીખવવામાં આવે છે. પ્રફુલ્લિત આધ્યાત્મિક વાતાવરણ, સાત્ત્વિક પોષણયુક્ત ભોજન, રહેવાની અને ભણવાની ઉત્તમ વ્યવસ્થા, ખેલકૂદ માટે ઇન્ડોર અને પ્લેગ્રાઉન્ડ ઉપરાંત સંતોના માર્ગદર્શનથી વિદ્યાર્થીઓનું સર્વાંગી ઘડતર થાય છે. **ધોરણ ૬ થી ૯માં પ્રવેશ અંગે :** નીચે આપેલી લીંક ઓપન કરી અથવા QR કોડ સ્કેન કરી એનરોલમેન્ટ ફોર્મ ભરવું જરૂરી છે.

Enrollment form Link: http://bit.do/eCJnA

QR Code to open the enrolment form

શાળા તથા છાત્રાલયમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ પ્રવેશ પરીક્ષા આપવાની રહેશે. ઉપરાંત, વિદ્યાર્થી અને માતા-પિતાનો ઇન્ટરવ્યૂ લેવામાં આવશે, જેના આધારે જ પ્રવેશ આપવામાં આવશે. શાળા તથા છાત્રાલયમાં પ્રવેશ અંગેની વિશેષ માહિતી માટે છાત્રાલય ઑફિસનો સંપર્ક કરવો. (વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મળશે.) **સંપર્ક :** બી.એ.પી.એસ. છાત્રાલય, શ્રી સ્વામિનારાયણ મંદિર, વાઠોડા રીંગ રોડ, નાગપુર, મહારાષ્ટ્ર -૪૪૦૦૩૫. **ફોન:** + ૯૧ ૯૫૬૧૧ ૧૨૪૯૫ ◆

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર બોડેલી ખાતે યોજાયો સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ સંસ્થા દ્વારા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ અંતર્ગત અનેકવિધ આધ્યાત્મિક અને સામાજિક કાર્યક્રમોનું આયોજન વિશ્વભરમાં થઈ રહ્યું છે. એ જ શૃંખલામાં તાજેતરમાં છોટા ઉદેપુર જિલ્લાના બોડેલી ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર દ્વારા 'સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ' યોજાઈ ગયો.

તા. ૧૦-૧૨-૨૦૧૮ના રોજ મંદિર પરિસરમાં યોજાયેલા આ સમૂહલગ્નમાં સાત નવયુગલોએ પ્રભુતામાં પગલાં માંડ્યાં હતાં. સમાજમાં પ્રવર્તમાન કુરિવાજ વચ્ચે વેદોક્તવિધિ પ્રમાણે લગ્ન થતાં જોઈ સૌને અપાર આનંદ હતો. આ પ્રસંગે છોટાઉદેપુરના ધારાસભ્ય શ્રી મોહનસિંહ રાઠવા, કલેક્ટર શ્રી સુજલકુમાર માયાત્રા, એડિશનલ કલેકટર શ્રી એમ. એમ. પટેલ વગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહીને નવયુગલોને શુભેચ્છા પાઠવી હતી.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા તરફથી કન્યાદાનમાં મંગળસૂત્ર, તિજોરી, પલંગ, રજાઈ, ગાદલાં, પંખા તથા રસોડા સેટ વગેરે અર્પણ કરવામાં આવ્યું હતું. બોડેલી બી.એ.પી.એસ. છાત્રાલયના છાત્રો, શિક્ષકો અને ટ્રસ્ટીઓના વિશેષ સેવા-આયોજન હેઠળ સમૂહલગ્ન ઉત્સવ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

આ શુભપ્રસંગે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે તથા વરિષ્ઠ સંતોએ નવદંપતીઓની સુખાકારી માટે પ્રાર્થના કરી આશિષ પાઠવ્યા હતા. બોડેલી, સ્વામિનારાયણ મંદિરના કોઠારી વર્ણીનાથદાસ સ્વામીએ સેવાધારી ભક્તોની સેવાને બિરદાવીને આભાર વ્યક્ત કર્યો હતો.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા યોજાયેલો આ 'સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ' સામાજિક સમરસતાનું એક ઉત્તમ ઉદાહરણ બની ગયો હતો. ◆

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, સારંગપુર — પ્રવેશ અંગે

સારંગપુરમાં વિદ્યાર્થીઓને NIT, IIT, MEDICAL તથા AIMS વગેરે માટે ધોરણ-૮, ૯થી ઉચ્ચકક્ષાની JEE-NEETની તૈયારી કરાવવામાં આવે છે. પરિણામે સન ૨૦૧૮માં ૪૦ ટકા વિદ્યાર્થીઓએ મેડિકલ શાખામાં MBBSમાં પ્રવેશ મેળવેલ છે. નીચે જણાવેલા સમયપત્રક મુજબ પ્રવેશ પરીક્ષાઓ લેવામાં આવશે. પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ તેની નોંધ લેવી.

| **પ્રવેશ પરીક્ષા** | **પરીક્ષાની તારીખ** |
|---|---|
| ધોરણ-૧૧ સાયન્સ માટે JEE-NEET સાથે (ગુજરાતી-અંગ્રેજી માધ્યમ માટે) | તા. ૨૭-૧, તા. ૨૪-૨, ૨૪ અને ૨૫ માર્ચ |
| ધોરણ-૧૧ કોમર્સ (ગુજરાતી માધ્યમ, CA Foundation સાથે) | તા. ૨૭-૧-૨૦૧૯ અને તા. ૨૪-૨-૨૦૧૯ |
| ધોરણ-૮, ૯ (ગુજરાતી-અંગ્રેજી માધ્યમ માટે) | તા. ૨૭-૧-૨૦૧૯ તથા તા. ૨૪-૨-૨૦૧૯ |
| ધોરણ-૬, ૭ (અંગ્રેજી માધ્યમ માટે) | તા. ૨૭-૧-૨૦૧૯ તથા તા. ૨૪-૨-૨૦૧૯ |

ધોરણ-૬, ૭ ગુજરાતી માધ્યમ માટે ફોર્મ ભરીને મોકલવું ત્યારબાદ ફોન દ્વારા જણાવાશે. ધોરણ-૬ અને ૭થી NCERTના કોર્સ ઉપરાંત ઉચ્ચ સ્તરની તૈયારી કરાવવામાં આવશે. પ્રવેશ પહેલાં ઉપરોક્ત તારીખે ઇન્ટરવ્યૂમાં હાલના ધોરણની ગણિત તથા રિઝનિંગ, બેઝિક મેથ્સ તથા સત્સંગ વિષયની પરીક્ષા લેવાશે.

એડમિશન ફોર્મ વિદ્યામંદિરની ઓફિસ તથા Facebook like page – Pramukhswami Vidyalay, Sarangpur અથવા Sarangpur Vidyamandir (Gurukul Sarangpur) તથા વેબસાઈટ https://www.baps.org/svmsarangpur પરથી ડાઉનલોડ કરીને પ્રિન્ટ આઉટ લઈને/ઝેરોક્ષ કરીને માહિતી ભરીને રૂબરૂમાં આપી શકાશે.

**ઇન્ટરવ્યૂ:** સવારે ૧૦-૦૦ કલાકે

**સ્થળ:** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, સારંગપુર, તા. બરવાળા, જિ. બોટાદ, પિન. ૩૮૨૪૫૦.


**સંપર્ક** : ૯૯૯૮૯ ૯૫૫૭૭ / ૯૪૨૭૧ ૪૧૦૦૧ ◆

### ભક્તરાજ શ્રી હરજીભાઈ કાનજીભાઈ સોનાણી, ગોધાવટા, ઉં.વ. ૬૮, અક્ષરવાસઃ તા. ૧૦-૧૧-૨૦૧૮



ગોધાવટાના નિષ્ઠાવાન સત્સંગી શ્રી હરજીભાઈ સોનાણીએ ગામમાં મંદિરનિર્માણ માટે અને મંદિરના નિભાવ માટે જમીન અર્પણ કરીને પાયાની સેવા કરી હતી. મંદિરનિર્માણમાં સમય ગયો. વચગાળામાં તેમને નડેલા એક ગંભીર અકસ્માતમાંથી સ્વામીશ્રીના આશીર્વાદથી તેઓની રક્ષા થઈ હતી. ત્યારબાદ કિડનીમાં તકલીફ થતાં ડાયાલિસિસ પર રહેવાનું થયું. તેઓએ મહંત સ્વામી મહારાજ સમક્ષ ધામમાં જવાની ઇચ્છા દર્શાવી હતી. પરંતુ સ્વામીશ્રીએ પ્રતિષ્ઠા સુધી ખમી જવાની ઇચ્છા દર્શાવી હતી. ટૂંક સમયમાં જ પ્રતિષ્ઠા ઉત્સવ આવ્યો. તેમના તરફથી જ પ્રતિષ્ઠાની સૌ માટે ભોજનપ્રસાદની સેવા હતી. પરંતુ પ્રતિષ્ઠા ઉત્સવના પ્રથમ દિવસે મહાયજ્ઞ અને શોભાયાત્રાના તેમણે દર્શન કર્યાં. તેઓ પરિતૃપ્ત થઈ ગયા. તેમણે પ્રાર્થના કરી કે હવે મને શ્રીજીમહારાજ ધામમાં લઈ જાય. તે જ રાત્રે તેઓ હૃદયરોગનો હુમલો આવ્યો ને તેઓ હૉસ્પિટલમાં અક્ષરનિવાસી થયા. આવા સંજોગોમાં પણ તેમના પુત્ર અને પરિવારે કોઈને તેમના અક્ષરવાસની જાણ કર્યા વિના ઉત્સવ ધામધૂમથી સંપન્ન કર્યો. પ્રતિષ્ઠા વિધિ પૂર્ણ થયા બાદ સમગ્ર ગામ તેમની અંતિમવિધિમાં અશ્રુસભર આંખે જોડાયું. તેઓના અક્ષરવાસથી એક સમર્પણનિષ્ઠ ભક્તરાજની ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

### ભક્તરાજ શ્રી હસમુખભાઈ એમ. લાડ, કલવાડા ઉં.વ. ૫૬, અક્ષરવાસઃ તા. ૧૬-૧૧-૨૦૧૮



વલસાડ જિલ્લાના કલવાડાના વતની શ્રી હસમુખભાઈ લાડ નિષ્ઠાવાન હરિભક્ત હતા. તીથલ મંદિર અને આજુબાજુના વિસ્તારનાં બી.એ.પી.એસ. મંદિરો-જમીનોના રેકોર્ડનું અદ્યતન સંકલન કરી તેમણે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો અનન્ય રાજીપો પ્રાપ્ત કર્યો હતો. કલવાડા બી.એ.પી.એસ. મંદિર નિર્માણમાં જમીન-પાયાથી લઈને શિખર સુધીની અનન્ય સેવા કરી હતી. તેમના અક્ષરધામગમનથી એક કર્મઠ ભક્તની ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

### ભક્તરાજ હર્ષદભાઈ છગનભાઈ મિસ્ત્રી, મુંબઈ, ઉં.વ. ૫૬, અક્ષરવાસઃ તા. ૨૫-૧૧-૨૦૧૮



મુંબઈના મલાડ વિસ્તારના ભક્તરાજ હર્ષદભાઈને સંગીતક્ષેત્રમાં વિશેષ રસ હોવાથી બાળમંડળથી જ સંગીત ક્ષેત્રમાં પ્રગતિ કરતા રહ્યા હતા. છેલ્લાં ૩૪ વર્ષથી સંસ્થા દ્વારા પ્રકાશિત ઓડિયો પ્રકાશનોમાં તેઓના કંઠની સેવા રહેલી છે. મુંબઈના ડિઝાઇનર અને એક સફળ વ્યાવસાયિક ગાયક હોવા છતાં ગમે તેવો મોટો કાર્યક્રમ છોડીને પણ તેઓ રવિવારની સભામાં અચૂક આવીને ભક્તિસંગીતનો લાભ આપતા. સત્સંગના નિયમોમાં દૃઢતા સાથે હળવાફૂલ રહીને સતત સેવા કરતા આ ભક્તરાજના અક્ષરવાસથી એક તરવરિયા ભજનિકની ખોટ પડી છે. હાર્દિક શ્રદ્ધાંજલિ.

### ભક્તરાજ નરેશભાઈ નંદલાલ મહેતા, મુંબઈ, ઉં.વ. ૭૮, અક્ષરવાસઃ તા. ૨૨-૧૧-૨૦૧૮



મુંબઈના ઘાટકોપર વિસ્તારના બી.એ.પી.એસ. મંદિરમાં મમત્વ અને મહિમાપૂર્વક પાયાની સેવા કરનાર શ્રી નરેશભાઈ મુંબઈના સંનિષ્ઠ ભક્તરાજ હતા. પોતાના યોગમાં આવનારા અનેકને સત્સંગનો યોગ કરાવવાની તેમને લગની હતી. શારીરિક તકલીફો વચ્ચે પણ તેઓએ રવિસભાનો નિયમ અક્ષુણ્ણ પાળ્યો હતો. પરિવારને સત્સંગની દૃઢતા કરાવી, ગુણાતીત ગુરુવર્યોની સેવા અને ભક્તિ કરીને પ્રસન્નતા પ્રાપ્ત કરનાર તેઓના અક્ષરવાસથી સંસ્થાને સંનિષ્ઠ ભક્તરાજની ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, ગોંડલ — પ્રવેશ અંગે

વર્ષોથી શ્રેષ્ઠ પરિણામોથી વિખ્યાત એવા ગોંડલ ખાતેના બી.એ.પી.એસ. ગુરુકુળમાં જૂન ૨૦૧૯થી ગુજરાતી માધ્યમમાં ધોરણ ૯ તથા ૧૧ સાયન્સ(ગુજરાત બોર્ડ)માં તેમજ અંગ્રેજી માધ્યમમાં ધોરણ ૮, ૯ તથા ૧૧ સાયન્સ(ગુજરાત બોર્ડ)માં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ નીચેના દિવસોએ પ્રવેશ પરીક્ષા આપવા માટે વાલી સાથે હાજર રહેવું. પ્રવેશ પરીક્ષામાં હાલના ધોરણના ગણિત, વિજ્ઞાન તથા સત્સંગલક્ષી પ્રશ્નો પુછાશે. છેલ્લા વર્ષની વાર્ષિક પરિણામની માર્કશીટ નકલ-૧ સાથે લાવવી.


તા. ૨૬-૧-૨૦૧૯ શનિવાર, બપોરે ૩-૦૦ વાગ્યે (પ્રથમ રાઉન્ડ), તા. ૧૭-૨-૨૦૧૯ રવિવાર, સવારે ૧૦-૦૦ વાગ્યે (દ્વિતીય રાઉન્ડ), તા. ૨૪-૩-૨૦૧૯ રવિવાર, સવારે ૧૦-૦૦ વાગ્યે (તૃતીય રાઉન્ડ)

**નોંધઃ** ત્રણ રાઉન્ડમાંથી કોઈપણ એક જ રાઉન્ડમાં પ્રવેશ પરીક્ષા આપી શકાશે. પ્રવેશ પરીક્ષા આપવા આવો ત્યારે રહેવા માટે ઉતારાની વ્યવસ્થા રાખેલી નથી. પ્રવેશ ફોર્મ તા. ૧-૧-૨૦૧૯થી ઓનલાઇન નીચેના વેબપેજ ઉપરથી ડાઉનલોડ કરી પ્રવેશ પરીક્ષા આપવા આવો ત્યારે ભરીને સાથે લાવવાનું રહેશે. પ્રવેશ ફોર્મ, પ્રવેશ પરીક્ષા સમયે પણ કાઉન્ટર પરથી મળશે.

**સંપર્ક :** સ્વામીશ્રી જ્ઞાનજીવનદાસજી ગુરુકુળ, અક્ષર મંદિર સામે, ગોંડલ, જિ. રાજકોટ ફોન.નં. (૦૨૮૨૫)૨૪૦૮૧૮,૨૨૦૨૧૧. મો. નં. ૯૯૯૮૯ ૯૨૨૯૦ વેબપેજ : www.bapsgurukulgondal.com







## રાજકોટ ખાતે પ્રમુખસ્વામી મહારાજનો ૯૮મો જન્મજયંતી મહોત્સવ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવની પંચવર્ષીય શૃંખલામાં તાજેતરમાં રાજકોટ ખાતે પ્રમુખસ્વામી મહારાજનો ૯૮મો જન્મજયંતી મહોત્સવ ધામધૂમપૂર્વક ઊજવાઈ ગયો. આ મહોત્સવના ઉપક્રમે રાજકોટમાં ૫૦૦ એકરની વિશાળ ભૂમિ પર ભવ્ય 'સ્વામિનારાયણ નગર'નું નિર્માણ કરવામાં આવ્યું હતું. તા. ૫થી ૧૫ ડિસેમ્બર, ૨૦૧૮ દરમ્યાન અહીં લાખો ભક્તો-ભાવિકોએ પવિત્ર પ્રેરણાઓ મેળવી હતી. તા. ૧૫-૧૨-૨૦૧૮ની સંધ્યાએ પ્રમુખસ્વામી મહારાજના જન્મજયંતી મહોત્સવનો ચરમસીમારૂપ અવસર ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો હતો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની સંનિધિમાં યોજાયેલા એ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સહિત લાખો ભક્તો-ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. એ ઐતિહાસિક અવસરની કેટલીક સ્મૃતિછબીઓ...

Swaminarayan Prakash Gujarati, January-February-2019, Published on 1-1-19. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Licenced to post without prepayment No. PMG/HQ/009/2018-20, Valid upto 31-12-2020. Regd No. GAMC-274/2018-2020, Valid upto 31-12-2020, RNI 33506/79.







## તીર્થધામ સારંગપુર ખાતે મહંત સ્વામી મહારાજના હસ્તે પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિમંદિરનો શિલાન્યાસવિધિ...

તાજેતરમાં તીર્થધામ સારંગપુર ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિમંદિરનો શિલાન્યાસવિધિ સંપન્ન થયો. તા. ૧૭-૧૨-૨૦૧૮ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા થયેલા આ શિલાન્યાસવિધિમાં ગુરુચરણે અર્ઘ્ય અર્પણ કરવાની ભાવના સાથે હજારો ભક્તો અને સંતો ઉપસ્થિત રહ્યા હતા. મંદિરના પરિસરમાં મહંત સ્વામી મહારાજ અને વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં પ્રાથમિક વિધિ થયા બાદ નિર્માણાધીન સ્મૃતિમંદિરના ગર્ભગૃહ સ્થળે ગર્તમાં પધારીને મહંત સ્વામી મહારાજે નિધિકુંભ તથા બ્રહ્મશિલાનું સ્થાપન કર્યું હતું. આ શિલાન્યાસવિધિ પ્રસંગે એક એક વિધિ સાથે જોડાયેલા પ્રમુખસ્વામી મહારાજના વિશિષ્ટ પ્રસંગોનું સ્મરણ કરવામાં આવ્યું હતું. મંગલ પ્રાર્થનાઓ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સ્મરણ સાથે યોજાયેલો આ વિધિ સૌ માટે અવિસ્મરણીય બની ગયો.



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas